RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue: 7, Year: 68, October, 2021, Pages: 52, Price Rs. 7.00





II SHREE MAHAVIRAY NAMAH II

BIO DATA

# Maitri Paresh Doshi

| | | |
|---|---|---|
| DOB | : | 26. March, 1994 (Ahmedabad) |
| Height | : | 5'3" |
| Native Place | : | Surendra Nagar |

## PERSONAL DETAILS

| | | |
|---|---|---|
| Education | : | B.Sc.. MSc. in Analytical Chemistry from Mumbai University |
| Occupation | : | Asst. QC at Meyer Vitabiotics (Previously)<br>Presently at Sachmma Academy as English grammar teacher |
| Residence | : | 25/26. Konark Apartment, Link Road, Opp Fortis Hospital,<br>Mulund (W), Mumbai - 400 080. |

## FAMILY DETAILS

| | | | |
|---|---|---|---|
| Father | : | CA. Paresh Anopchand Doshi | (09821076528) |
| Office | : | Paresh Doshi & Associates<br>A1/301, Vrindavan, Link Road, Opp. Fortis Hospital,<br>Mulund (W), Mumbal - 400 080. | |
| Email | : | paresh_doshi29@yahoo.com | |
| Mother | : | Rita Paresh Doshi - B.Com | (07021031329) |
| Brother (Elder) | : | Mit Paresh Doshi (Pursuing CA Final) | (09833304146) |
| Grand Parents | : | Late Anopchand Nagardas Doshi Tuvawala<br>Late Smt. Pushpaben A. Doshi | |
| Uncle & Aunty | : | CA Hitendra A. Doshi (K. S. Sanghvi & Co)<br>Sadhana H. Doshi (09833485307) | (09821041445) |
| Uncle & Aunty | : | Deepak A. Doshi (Diamond Art Jewellers)<br>Pratima D. Doshi | (09820876550)<br>(08850910205) |
| Uncle & Aunty | : | Nilesh A. Doshi<br>(Shri Jain Dughdhalaya - Mulund)<br>Alka N. Doshi | (08850905539)<br><br>(07977263517) |
| Faiba & Fua | : | Late Tushar Dinkerlal Shah (Nathabhavan wala)<br>(Dinesh Enterprise)<br>Chhaya T. Shah | <br><br>(09987381425) |

## MATERNAL DETAILS

| | | |
|---|---|---|
| Grand Parents | : | Late Chandulal Dalsukhbhai Sanghvi (Gundiyalawala)<br>Chandaben C. Sanghvi |

Advt.



# દેવલાલી સેનેટોરિયમના દાતા

# રૂા. ૧૧,૦૦,૦૦૦

## મૂળી નિવાસી હાલ ઘાટકોપર



**શ્રી પોપટલાલ બી. શાહ**



**સ્વ. ઈન્દીરાબેન પી. શાહ**

હસ્તે

કલ્પનાબેન ઉમેશભાઈ શાહ
દિપ્તીબેન સુનીલભાઈ શાહ

ઉર્મિલાબેન કૈલેશભાઈ શાહ
અલકાબેન સંજયભાઈ શાહ

પરિવાર

ઝાલાવાડી સભા સાથે વર્ષોથી સંકળાયેલા, સમૂહલગ્નોનુ સફળ આયોજન કરનારા સ્વ. પોપટલાલ ભૂદરદાસ શાહ તથા પિતાને પગલે ઝાલાવાડી સભાના પંચગીની સેનેટોરિયમના કન્વીનર પદે કાર્યરત રહેલા સુનિલભાઈના પરિવારે પૂજ્ય માતા પિતાની પુણ્ય સ્મૃતિમાં દેવલાલી સેનેટોરિયમને રૂા. ૧૧ લાખનું અનુદાન આપ્યુ છે.

ઝાલાવાડી સભા પ્રત્યેનો સ્નેહ અને તીર્થધામ દેવલાલી પ્રત્યેની અપાર આસ્થાના સાયુજ્ય થકી સમગ્ર પરિવારે માતાપિતાને સાચી અંજલી પાઠવી છે.

ઝાલાવાડી સભા તેમના અનુદાનની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

Advt.



# JINALL N SHAH

| | | |
|---|---|---|
| DOB/TIME | : | 11TH JANUARY 1997, 8:58 A.M |
| BIRTH PLACE | : | GHATKOPAR, MUMBAI |
| HEIGHT | : | 5.1 FT |
| CASTE/RELIGION | : | ZALAWADI DASHA SHRIMALI STHANAKWASI JAIN |
| NATIVE PLACE | : | NAVDA, GUJARAT |
| QUALIFICATION | : | BACHELOR IN MASS MEDIA ADVERTISING<br>(S K SOMAIYA COLLEGE)<br>DIPLOMA IN MARKETING MANAGEMENT<br>(NMIMS) |
| HOBBIES | : | MUSIC, TRAVELLING, MOVIES, PAINTING |

## FAMILY DETAILS

| | | | |
|---|---|---|---|
| FATHER | : | NERAV SHAH | (9820033567) |
| BUSINESS | : | M/S. VACUUM FORM PRODUCTS<br>M/S. CHAMPAK PLASTICS PRIVATE LIMITED | |
| EMAIL ID | : | shahnv71@gmail.com | |
| MOTHER | : | KRUPALI N SHAH<br>ACCUPRESSURE, ACCUPUNCTURE THERAPIST, HOME MAKER | (9692316789) |
| BROTHER | : | RRAHIL N SHAH (BACHELOR IN MANAGEMENT STUDIES) | |

## PATERNAL FAMILY

| | | | |
|---|---|---|---|
| GRAND FATHER | : | VRAJLAL MANILAL SHAH NAVDAWALA | (9920088114) |
| GRAND MOTHER | : | LATE CHANDRIKA VRAJLAL SHAH | |
| KAKA | : | MANOJ VRAJLAL SHAH | |
| KAKI | : | REENA MANOJ SHAH | |
| KAKA | : | PARAS VRAJLAL SHAH | |
| KAKI | : | SWATI PARAS SHAH | |

## MATERNAL FAMILY

| | | | |
|---|---|---|---|
| GRAND FATHER | : | VIRENDRA HIMMATLAL SHAH<br>(DEDADRA / BORIVALI) | (9322979333) |
| GRAND MOTHER | : | JYOTSNA VIRENDRA SHAH | |
| MAMA | : | MEHUL VIRENDRA SHAH | |
| MAMI | : | CHAITALI MEHUL SHAH | |
| MASI | : | SEJAL VIRAJ BOTADRA | |
| MASA | : | VIRAJ JAYSHUKH BOTADRA | |

| | | |
|---|---|---|
| RESIDENCE | : | NERAV SHAH<br>705 - 706, PRABHU APARTMENT, A WING,<br>ASHAPURA LANE, OPP. POST OFFICE, RAJAWADI,<br>GHATKOPAR EAST, MUMBAI-400077. |
| OFFICE ADDRESS | : | 37, VADHANI INDUSTRIAL ESTATE, OPP. L.B.S MARG,<br>OPP. DAMODAR PARK, GHATKOPAR WEST, MUMBAI-400086. |
| CONTACT NO | : | 9820033567, 022-25001885 |
| WEBSITE | : | www.champakplastics.com |

Advt.

## દેવલાલી સેનેટોરિયમના દાતા રૂા. ૩,૦૦,૦૦૦



# માતુશ્રી લીલાવતીબેન લલ્લુભાઈ ઉજમશી શાહ પરિવાર

(ચૂડા નિવાસી હાલ સાયન)



શ્રી લલ્લુભાઈ ઉજમશી શાહ

હસ્તે :
હસમુખભાઈ તથા પ્રફુલાબેન
ચંન્દ્રકાંતભાઈ તથા ભારતીબેન
સ્મિતાબેન તથા દિનેશભાઈ શાહ
રમેશભાઈ તથા નીતાબેન
મહેશભાઈ તથા રીટાબેન
જીતેન્દ્રભાઈ તથા લીનાબેન
અશ્વિનભાઈ તથા રીના (રીટા) બેન



શ્રીમતી લીલાવતીબેન લલ્લુભાઈ શાહ



શ્રી હસમુખભાઈ શાહ

**માતુશ્રી લીલાવતીબેન લલ્લુભાઈ ઉજમશી પરિવાર તરફથી**
**સ્વ. હસમુખભાઈ લલ્લુભાઈ શાહની પ્રથમ પુણ્યતિથિએ**
ઝાલાવાડી સભાની શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં

## દોઢ લાખ રૂા. નું અનુદાન

હસ્તે

પ્રફુલ્લાબેન હસમુખભાઈ શાહ
રૂપલબેન હસમુખભાઈ શાહ

રીમાબેન કલ્પેશભાઈ દોશી
રૂચિબેન શ્રેયાંસભાઈ શાહ



શ્રીમતી પ્રફુલ્લાબેન

## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન - સંસ્થાની શૈક્ષણિક ઉત્કર્ષ યોજના ના દાતાઓ તરફથી તા.૨૫-૦૩-૨૦૨૧ પછી મળેલ રકમની વિગતો.

| | |
|---|---|
| શ્રી ચેતનભાઈ ચંપકલાલ શાહ પરિવાર - સાંતાક્રુઝ | ૧,૦૦,૦૦૦/- |
| શ્રી ન્યાલચંદ ત્રિભોવનદાસ શાહ - બોરીવલી | ૧,૦૦,૦૦૦/- |
| શ્રી વિનોદભાઈ ચીમનલાલ શાહ (સખીદાસ) | ૧,૦૦,૦૦૦/- |
| શ્રી ચંદુલાલ મુળચંદ ભલાણી - મુલુન્ડ | ૨૫,૦૦૦/- |

## નમ્ર વિનંતી

આદરણીય વડીલો અને મિત્રો,

ઝાલાવાડી સભાએ સાંપ્રંત સમયને પારખીને સમૃધ્ધ સમાજના નિર્માણ માટે શૈક્ષણિક ઉત્કર્ષ યોજના હાથ ધરી છે. તમારા સહુની સદ્‌ભાવના નો સ્ત્રોત વહેતો રહે તો જ આપણા સમાજના સંતાનોને ઉચ્ચ અભ્યાસમાં, વિદેશ અભ્યાસમાં આપણે સહાયક થઈ શકીએ. આપણી ખુશીની પળો વહેંચવા માટે આ ઉત્તમ વિકલ્પ છે. આ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને ૮૫ લાખ રૂપિયા જેટલી સ્કોલરશીપ આપણે આપી ચૂક્યા છીએ. આ યોજનામાં સહભાગી થયેલા સહુ દાતાઓએ એમની રકમ પાંચ વર્ષમાં પૂર્ણ કરવાની છે. વ્યસ્ત જીવન વ્યવહારમાં ભૂલાઈ ન જાય તે માટે નમ્ર વિનંતી. આપનુ દાન સમયસર જમા કરાવશો.

Advt.

# BIO-DATA

# JIMIT RAJESH GANDHI



| | | |
|---|---|---|
| Birth Details | : | 09th August 1987 / 01.18 AM / Andheri |
| Height/Weight | : | 5' 10" / 54 Kgs |
| Religion | : | Zalawadi Dasha Shrimali Sthanakwasi Jain |
| Native Place | : | Botad (Saurashtra) |
| Education | : | B.E. (Electronics) from Mumbai University (D.J Sanghvi College of Engg, Vile Parle (W) |
| Work Profile | : | Working as Customer Success Lead in Neebal Technologies Pvt. Ltd (Mumbai) |
| Interests | : | Watching Sports(Tennis, football), playing board games |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Father | : | Rajesh Pravinchandra Gandhi |
| Profession | : | Chartered Accountant – (Practising) |
| Company add. | : | R.P. Gandhi & Co. CA. A/ 1 - 2, Sai Prasad Apartment,Telli Galli Cross Lane, Andheri - (E), Mumbai – 69. |
| Mother | : | Smita Rajesh Gandhi– M.A. – Homemaker & Retired Dena Bank Employee. |
| Brother | : | Hardik Rajesh Gandhi - M.B.A(Finance), working in Dad's Firms |
| Grandfather | : | Late Shri Pravinchandra Virchand Gandhi |
| Grandmother | : | Late Smt. Gunvantiben P. Gandhi |

## RELATIVES DETAILS

| | | |
|---|---|---|
| Uncle/Aunt | : | Shri Jitendrabhai P Gandhi/ Chhaya J. Gandhi, Kandivali – (W). M - 9819480660 |
| Fia | : | Jyoti Chandrakant Lathia, Ghatkopar (W) –M-9869488410 |
| Fuva | : | Chandrakant A. Lathia, M- 9869041087. |
| Mosal | : | Late Mahasukhlal Panachand Sanghvi (Wadhwan) |
| Mama | : | Deepak Mahasukhlal Sanghvi, Malad(W) – M- 9821112718. |
| Mami | : | Pragna D. Sanghvi– M-9221050171, |
| Masi | : | Leena M. Sanghvi– M- 9870022352 |
| Masi/Masa | : | Jully(Jigna) Girish Modi(Mulund) – (M)- 9323901031 |

## CONTACT DETAILS

| | | |
|---|---|---|
| Residence Add. | : | 401, Jamuna Vihar, C. D. Barfiwala Marg, Andheri – (W), Mumbai – 400058. |
| Telephone No. | : | 022-26287960 (Resi), 9821175550 (Rajesh Gandhi), 9820287960 (Smita Gandhi) |
| Email Address | : | jimnics@gmail.com , Mobile: 9920187960; rpg.ca@rediffmail.com |

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

ઑક્ટોબર ૨૦૨૧
વર્ષ : ૬૮ : : અંક : ૭
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ

: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો. : ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com

મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન : ૦૨૨–૩૫૭૪૦૮૧૧
: ફક્ત પત્રિકાનું લવાજમ :
એક વર્ષના રૂપિયા ૪૦૦/– + 5%
ત્રણ વર્ષના રૂપિયા ૧૦૦૦/– + 5%
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦


*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



# કુમકુમના પગલાં

કુમકુમના પગલાં પડ્યાં, માડીના હેત ઢળ્યાં
જોવા લોક ટોળે વળ્યા રે
માડી તારા આવવાના એંધાણ થયાં
માડી તું જો પધાર, સજી સોળે શણગાર

આવી મારે રે દ્વાર, કરજે પાવન પગથાર
દીપે દરબાર, રેલે રંગની રસધાર
ગરબો ગોળ ગોળ ઘૂમતો, થાયે સાકાર
થાયે સાકાર, થાયે સાકાર
ચાચરના ચોક ચગ્યાં, દીવડિયા જ્યોત ઝગ્યાં
મનડાં હારોહાર હાલ્યાં રે
માડી તારા આવવાનાં એંધાણ થયાં
કુમકુમના પગલાં પડ્યાં, માડીના હેત ઢળ્યાં
જોવા લોક ટોળે વળ્યા રે
માડી તારા આવવાનાં એંધાણ થયાં

# નવરાત્રિ ઉત્સવ

નવરાત્રિ ભારતભરમાં ઊજવાતો મોટો હિંદુ તહેવાર છે, પણ તેની સૌથી મોટા પાયે ઉજવણી કદાચ ગુજરાતમાં થાય છે. નવ દિવસ ચાલતાં નૃત્યો એ નૃત્યની દુનિયામાં વિશ્વભરમાં લાંબામાં લાંબું 'ડાન્સ ફેસ્ટિવલ' છે. ગુજરાતનાં શહેરોના અને ગામડાંમાં લોકો એકઠા થઈ શક્તિમાતાની આરાધના કરે છે.



આ સમૂહ નૃત્ય 'રાસગરબા' નામથી ઓળખાય છે. તાળી અને દાંડિયા સાથે ગોળાકાર રચી થતાં આ નૃત્યોમાં કૃષ્ણ-રાધાના ગોપજીવનની ઝલક સાથે સૌરાષ્ટ્ર કચ્છના ખેડૂજીવનનો અણસાર પણ દેખાય છે. હવે તેમાં આધુનિક શહેરી મૂલ્યો અને ફિલ્મી સંગીતનો રંગ પણ સારો એવો ચડ્યો છે.

આસો મહિનાના શુક્લ પક્ષના પ્રથમ નવ દિવસ આ ઉત્સવ ઊજવાય છે. શરદ ઋતુના ઉજ્જ્વળ આકાશ નીચે મંડપ બાંધી વચ્ચે માતાજીનું સ્થાપન કરી રોજ રાત્રે દેવીનાં નવ રૂપોની પૂજા-આરતી થાય છે અને પછી મોડી રાત સુધી રાસગરબાની રંગત જામે છે. ચોમાસાના પાકથી ભૂમિ લીલીછમ હોય છે. મહેનત-મજૂરી કરી થાકેલા ખેડૂતો શાંતિ અને આનંદની સ્થિતિમાં હોય છે.

આ નવ દિવસ ત્રણ ભાગમાં વહેંચાયેલા છે. પ્રથમ ત્રણ દિવસ દુર્ગાના, બીજા ત્રણ લક્ષ્મીના અને છેલ્લા ત્રણ સરસ્વતીના ગણાય છે. દુર્ગા અનિષ્ટના નાશનું, લક્ષ્મી સમૃદ્ધિનું અને સરસ્વતી બુદ્ધિમત્તાનું પ્રતીક છે. ગોળાકારમાં થતાં નૃત્યોની શૈલી સરળ અને પરંપરાગત છે. જોકે, છેલ્લાં થોડાં વર્ષોમાં તેમાં નવી નવી ઘણી શૈલીઓ ઉમેરાઈ છે. સંગીત પણ ઘણું બદલાયું છે. વડોદરાની નવરાત્રિ વર્ષોથી વખણાય છે. તેમાં પરંપરાગતથી માંડી આધુનિક તમામ શૈલીઓ જોવા મળે છે.

દસમો દિવસ દશેરા તરીકે ઓળખાય છે. શ્રીરામે રાવણ પર આ દિવસે વિજય મેળવ્યો એટલે વિજયાદશમી કહેવાય છે. તે દિવસે વાહનોની પૂજા કરવામાં આવે છે. ફાફડા-જલેબી ખાવાનો અને ખરીદી કરવાનો મહિમા છે.

ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાના પ્રતીકરૂપ ગરબાનું આધ્યાત્મિક રહસ્ય પણ છે. ગમે તેટલા જૂનવાણી વાતાવરણમાં જીવતી સ્ત્રીને આ દિવસોમાં મુક્ત રીતે બહાર નીકળવા મળે છે અને શક્તિની પૂજા દ્વારા પોતાના અસ્તિત્વમાં છુપાયેલા દૈવી તત્ત્વનો સાક્ષાત્કાર કરવાનો મોકો મળે છે. આ દિવસોમાં તેઓ પરંપરાગત રીતે જે વ્યંજનો બનાવે છે તે પણ જો સાચી રીતે બનાવવામાં આવે તો તે એક વિશુદ્ધીકરણ પ્રક્રિયા બની રહે છે. ગરબા ધીમી ગતિએ શરૂ થાય છે અને ઉત્તરોત્તર તેની ઝડપ વધતી જાય છે. બ્રહ્માંડના સર્જનાત્મક સત્ત્વના પ્રતીકરૂપ દેવીના સ્થાપનની આજુબાજુ તાલબદ્ધ વર્તુળમાં થતાં સમૂહ નૃત્યનો હિસ્સો જે બને તેને જ તેનો મહિમા સાચા અર્થમાં સમજાય. દરેક એક જ પ્રકારની શૈલીમાં ઘૂમે છે, દરેકની ઊર્જા સક્રિય છે અને દરેક તાલબદ્ધ છે, લયબદ્ધ છે. નવરાત્રિ સાથે મહિષાસુર મર્દન અને રામ-રાવણ યુદ્ધની દંતકથાઓ સંકળાયેલી છે. શક્તિપીઠોની પાછળ શિવ અને સતીની પુરાણકથા રહેલી છે. કહે છે કે સખીઓના રૂપમાં દેવીમાતાઓ પોતાનાં બાળકોને લઈ ગરબા રમવા આવે છે.

❖❖❖



## ગરબો

ગાય તેનો ગરબો ને ઝીલે તેનો ગરબો;
ગરબો ગુજરાતની ગરવી મિરાત છે.
ઘૂમે તેનો ગરબો તો ઝૂમે તેનો ગરબો;
ગરબો ગુજરાતની ગરવી મિરાત છે.
સૂર્યચંદ્ર ગરબો ને ઋતુઓ પણ ગરબો;
ગરબો ગુજરાતની ગરવી મિરાત છે.
દિવસ પણ ગરબો ને રાત પણ ગરબો;
ગરબો ગુજરાતની ગરવી મિરાત છે.
સંસ્કૃતિ ગરબો ને પ્રકૃતિ ગરબો;
વાંસળી છે ગરબો, મોરપીંછ ગરબો;
ગરબો મતિ છે, ગરબો સહમતિ
વીરનોય ગરબો, અમીરનોય ગરબો;
કાયા પણ ગરબો ને જીવ પણ ગરબો;
ગરબો જીવનની હળવી નિરાંત છે,
ગરબો સતી છે ને ગરબો ગતિ છે,
ગરબો નારીની ફૂલની બિછાત છે,
ગરબો સત છે ને ગરબો અક્ષત છે;
ગરબો માતાજીનું કંકુ રળિયાત છે.

# બાળકોના બાપુ

**એ** દિવસે રવિવાર હતો. રવિવારે રાતે ગાંધીજીનું મૌન શરૂ થાય. સોમવાર સાંજ સુધી ચાલે. રાત્રે સૂવા જતાં પહેલાં આશ્રમમાં નવા આવેલા છોકરા સોમા વિષે ઈશારાથી વિજ્યાને પૂછ્યું. વિજ્યાએ બધી વ્યવસ્થા થઈ ગઈ છે એમ જણાવ્યું છતાંય ગાંધીજી વિજ્યાને લઈને ઓરડામાં ગયા. ખીંટી પર લટકતી પોટલી વિજયાને ઉતારવાનું કહ્યું. પછી ખોલાવી. પોતે



નીચે બેસી શોધવા લાગ્યા. પોટલીમાં ગાંધીજીનાં જૂનાં ધોતિયા હતાં. એમાંથી એક ગડીબંધ થપ્પી લીધી અને ઓશરીમાં આવી ઘસઘસાટ ઊંઘતા સોમાનું માથું હળવેકથી ઊંચું કર્યું અને એના માથા નીચે પેલાં ગડીબંધ લૂગડાંનું ઓશીકું ગોઠવી દીધું, પછી પોતે સૂવા ગયા. સોમાના માથાં નીચે ગાંધીજીનું કાળજીભર્યું વાત્સલ્ય ઓશીકારૂપે ગોઠવાઈ ગયું.

◆◆◆

આશ્રમમાં બાળકો અનેકવાર ગાંધીજીને પ્રશ્નો પૂછતાં હતાં. ગાંધીજી તેમને ટૂંકમાં જ જવાબ આપતા તેથી બાળકોને સંતોષ થતો ન હતો. તેથી એક વાર એક બાળકે પૂછ્યું : 'બાપુ તમે અમારી સમક્ષ 'ગીતા'માં અર્જુન શ્રીકૃષ્ણને એક શ્લોકમાં સવાલ પૂછે છે અને ભગવાન તેનો આખા અધ્યાયમાં જવાબ આપે છે. પણ અમે આખું પાનું ભરી સવાલ પૂછીએ ત્યારે તમે એક શબ્દ કે વાક્યમાં જ જવાબ આપો છો તે વાજબી છે ?'

ગાંધીજી : 'શ્રી કૃષ્ણ ભગવાને તો એક જ અર્જુનને જવાબ આપવાનો હતો, પણ મારે તો ઘણા અર્જુન છે તેનું શું ?'

◆◆◆

મહાત્મા ગાંધીજીની ખાસ ગાડી વઢવાણ જંક્શનથી ભાવનગર જવાની છે. સવારના દશેક વાગ્યે વઢવાણ શહેર થોભશે. જેને હરિજન ઉદ્ધાર માટે ફાળામાં જે કાંઈ આપવું હશે તે બાપુને હાથોહાથ આપી શકશે. આ જાહેરાત સાંભળીને એક કિશોરે પિતા પાસેથી માસિક ચાર પૈસા વાપરવા મળતા હતા તેમાંથી પૂ. બાપુને એક પૈસો આપ્યો. પૂ. બાપૂએ આ વાત જાણીને એ કિશોરનું દાન સ્વીકાર્યું. આ કિશોરે તે અલિયાબાડાના પૂર્વ આચાર્ય ડૉ. ગૌરીભાઈ ભટ્ટ, જેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલનાયક પણ હતા.

◆◆◆

આટઆટલાં કામ વચ્ચે પણ બાપુ દરરોજ સવારમાં એક એક કલાક અચૂક ફરવા જાય. પોતાના રાજકીય ગુરૂ તરીકે જેમને પોતે માનતા તે ગોખલેજી ફરવા ન જતા અને એમની તબિયત જેમ તેમ રહેતી એ વિશે બાપુ અદબપૂર્વક અણગમો પણ બતાવતા.

આશ્રમમાંથી ફરવા નીકળે ત્યારે એમની સાથે અનેક લોકો હોય. કોઈ ખાસ વાત કરવા સમય માગે તો એને વહેલી સવારનો ફરવા જવાનો સમય પણ મુલાકાત માટે આપે. ચાલતા જાય અને વાતો કરતા જાય.

પણ બાળકોનો હક બાપુ ઉપર સૌથી પહેલો. બાપુ એમની સાથે તોફાને પણ ચડે.

એકવાર એક તોફાનિયાએ પૂછયું : 'બાપુ, એક વાત પૂછું !' બાપુએ હા કહી એટલે જરીક આગળ નીકળીને સામે જોઈ બોલ્યો : 'અહિંસાનો અર્થ એ જ ને કે બીજાને દુઃખ ન દેવું ?'



બાળકે ઠાવકા રહી સવાલ પૂછયો હતો.

બાપુએ કહ્યું, 'બરોબર.'

બાળકે તરત એમને પકડ્યા : 'તો પછી હસતાં હસતાં અમને ગાલે ચીમટો ભરો છો તે હિંસા કહેવાય કે અહિંસા ?'

બાપુ બોલ્યા : 'ઊભો રહે, શેતાન નહીં તો !' અને એને પકડીને જોરથી ચીમટી ભરી.

બધા બાળકો હસતા હસતા તાળી બજાવવા લાગ્યા : 'બાપુને ખીજવ્યા ! બાપુને ખીજવ્યા !

પણ બધામાં સૌથી મોટું ખડખડાટ હાસ્ય તો બાપુનું સંભાળતું હતું.

◆◆◆

## ગુલાંટ

અખિલ ભારતીય કૉંગ્રેસ સમિતિની સભામાં ભાગ લેવા મુંબઈ ગયેલા ગાંધી બાપુ સાંજે જુહુના દરિયા કિનારે લટાર મારતા ત્યાં રમી રહેલા બાળકો પાસે જઈ પહોંચ્યા અને તેમની ઊછળકૂદમાં સામેલ થઈ ગયા. એ જોઈને બાળકોને ખૂબ મજા પડી. એક તોફાની બાળકે રેતીમાં ગુલાંટ ખાઈને બાપુને કહ્યું : ''દાદા ! તમે મારી જેમ ગુલાંટ ખાઈ શકો ?''

''કેમ નહીં ? હું પણ તમે ગુલાંટ ખાઈ બતાવું ? પણ મારી એક શરત છે'' એમ કહેતાં તેમણે પોતાની બત્રીશી મોંમાંથી કાઢીને બતાવતાં ઉમેર્યું, ''તું આવી રીતે તારા દાંત કાઢી બતાવે તો હું ગુલાંટ ખાઈ બતાવું !'' અને ખડખડાટ હસી પડ્યા.

બાળકોએ તાળીઓ વગાડીને બાપુની એ ગમ્મત માણી.

❖❖❖

# કેમ છો ? પુણ્ય વધે છે ?

મકરંદ દવે

સામાન્ય વાતચીતમાં આપણે જે વહેવાર કરીએ તે આપણી જાતને વ્યક્ત તો કરે જ છે, સાથે સાથે તે આપણા વ્યક્તિત્વને પણ ઘડે છે. અનેક પેઢીઓના આ પ્રકારના વહેવારથી એક પ્રજાનું હાડ બંધાય છે. આપણે જાગ્રત બની આ વાતચીત, વહેવારનો ઢાળો બદલાવીએ તો તે આપણને બદલાવ્યા વિના ન રહે. થોડા દાખલા જોઈએ.

આજે સામાન્ય રીતે એકબીજાની ખબર-અંતર પૂછતાં આપણે કહીએ છીએ, 'કેમ છો ? મજામાં છોને ?' આ પ્રશ્નમાં તબિયત, વેપાર-રોજગાર, કુટુંબ પરિવાર સારી અવસ્થામાં છે તે જાણવાનો મુખ્ય હેતુ જોઈ શકાય છે. આપણું લક્ષ્ય સ્વજન-સ્નેહીના સુખ પ્રત્યે વધારે રહ્યું લાગે છે, પણ આજે જૂનવાણી લાગતા નજીકના જમાનામાં પૂછવામાં આવતું; 'કેમ, પુણ્ય વધે છે ?' આ બંને ક્ષેમકુશળના પ્રશ્નોમાં કેટલું અંતર આવી ગયું ?

આજે મજામાં રહેવું એ મોટી વાત બની ગઈ, પણ મુખ્ય વાત 'પુણ્ય વધે છે ?' માણસ દ્વારા સત્કાર્યો થાય છે, એ હોવી જોઈએ. આપણે સુખમાં હોઈએ કે દુ:ખમાં તે એટલી મહત્ત્વની વાત નથી, જેટલી આપણું પુણ્યબળ વધારવામાં છે. કારણ કે આ પુણ્યબળ હશે તો સુખ તેની પાછળ ખેંચાઈ આવશે. 'પુણ્ય વધે છે ?' એવું જ કોઈ પ્રીતિ સંબોધન પ્રચલિત કરવાની જરૂર છે. એ પૂછનાર અને જવાબ આપનાર બંનેને માટે પોતાનું હૃદય તપાસવાનું સાધન થઈ પડે.

ગૃહસ્થો પરસ્પર પૂછતા : 'પુણ્ય વધે છે ?' ત્યારે ત્યાગીનું કુશળ પૂછવા માટે કહેવામાં આવતું : 'તપ વધે છે ને ?' પુણ્યના સંચયથી એક પગલું આગળ છે તપની વૃદ્ધિ. ત્યાગીને 'શાતામાં છોને ?' એમ ન પુછાય. કારણ કે શાતામાં નહીં તે સાધુ નહીં, પણ તપની અભિવૃદ્ધિ શાંત, દૃઢ આસન પરથી ઊઠતી તેજોમય જ્વાળા છે. તે પાપ અને પુણ્ય બંનેને બાળી નાખે છે. પુણ્યનું પણ એક ઝીણું બંધન બને છે. તેને છેદી નાખ્યા વિના મુક્ત થવાતું નથી. પણ જે સમાજ મુક્તિની વાતો કરે, મનથી પર મનસાતીત ભૂમિકા વિશે ઝીણું કાંતે અને સામાન્ય પ્રામાણિકતા ને સચ્ચાઈ ન જાળવે તે ઊંચો આવી ન શકે. આપણું પુણ્ય વધે છે કે નહીં ? આપણે કેટલા પાપભીરુ થયા ? આ બાળપોથીનો પાઠ પાકો કર્યા વિના આપણને બ્રહ્મજ્ઞાનની વાતો કરવાનો કશો અધિકાર નથી.

સામાન્ય કુશળ-પૃચ્છામાં પણ ઘણે ભાગે આપણે ઔપચારિકતા અને અનુકરણથી



ચલાવી લેતા હોઈએ છીએ. તેમાં અંતરનો રણકો નથી હોતો. 'કેમ છો ?' 'શું ચાલે છે ?' એ તો 'હાઉ આર યુ ?' અને 'હાઉ ડુ યુ ડુ ?'નું પરચૂરણ ખખડાવવા જેવું લાગે છે. સામી વ્યક્તિના કાર્યમાં, વિકાસમાં રસ હોય તો રોજિંદા અભિવાદન એકબીજા માટે વાટ ઉજાળતું ભાતું બની જાય, આપણે જેને માત્ર 'શિષ્ટાચાર' કેમ છો ? પુણ્ય વધે છે ?

ગણી કાઢીએ છીએ તે ખરેખર તો શિષ્ટ જનનો આચાર છે. શિષ્ટની રહેણીકરણી છે. શિષ્ટાચારની વ્યાખ્યા આપતાં કહ્યું છે :

*'દાનં સત્યં તપોડલોભો વિદ્યેજ્યા પૂજનં દમઃ*
*અષ્ટૌ તાતિ ચરિત્રાણિ શિષ્ટાચારસ્ય લક્ષણમ્'*

'દાન, સત્ય, તપ, નિર્લોભતા, વિદ્યા, યજ્ઞક્રિયા, પૂજન અને સંયમ એ આઠ પ્રકારનાં વર્તન શિષ્ટાચારનું લક્ષણ છે.'

કોઈ પણ મળે તેનું અભિવાદન કરવું, સ્વાગત કરવું તે શિષ્ટને માટે સ્વાભાવિક છે, પણ તેમાંયે સામી વ્યક્તિની કલ્યાણ-કામના કરવી તે પોતાની તથા બીજાની સીમા વિસ્તારવા જેવું છે. પોતે અને પોતાના સંબંધમાં આવતા જનો ધર્મપથ પર આગળ વધે એ પૃચ્છા જીવનમાં મહત્ત્વની છે. આપણે 'કેમ છો ?', 'તબિયત સારી ?', 'મજામાં કે ?', એવું પૂછવા કરતાં : 'સદ્વિચાર વધે છે ?' 'સત્કાર્ય થાય છે ?', 'શ્રેય સધાય છે ને ?' એવું પ્રિયજનોને પૂછતાં થઈએ તો આપણો માનવપ્રેમ સાર્થક બને. આપણે મનુષ્યના માર્ગ પર સચેત બની ચાલીએ. મનુષ્ય એક પ્રવાસી છે, અહીંનો નિવાસી નથી. તેના પ્રેમમાં જો વૈકુંઠની હવા વહેતી ન થાય તો એ પ્રેમ રાખની મુઠ્ઠી, ધૂળની ઢગલી બની રહે. પણ આ પ્રેમનો સ્પર્શ આપણા મુખની વાણીમાં, આંખોના તેજમાં, હાથની ઉષ્મામાં આવી જાય તો પછી રાખમાં રગદોળાવાનું ન રહે. આપણા અંતરનો અગ્નિ સદાયે પ્રજ્વલિત રહે. મલિક મુહમ્મદ જાયસીનું વચન છે :

'માનુસ પ્રેમ ભએઉ વૈકુંઠી
નાહિં ત કાહ છાર એક મૂંઠી,
પ્રેમ પંથ જૈ પહૂંચૈ પારાં
બહુરિ ન આઈ મિલૈ એહિ છારાં.'

'મનુષ્યનો મનુષ્ય માટેનો પ્રેમ જ વૈકુંઠનો દિવ્ય પ્રેમ છે. નહીં તો એક મૂઠી રાખ સિવાય તે બીજું શું છે ? પ્રેમપંથની જે પાર પહોંચે છે તે પછી આ રાખમાં રગદોળાતા નથી.'

❖❖❖

## મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને સેનેટોરિયમ બુકિંગ-ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

# શરણાઈના સૂર

❑ ચુનીલાલ મડિયા

**માં**ડવો વધાવાઈ ગયો. ગોતરીજ પાસે પગેલાગણું પતી ગયું. ઘરને ટોડલે વરઘોડિયાંએ કંકુના થાપા પાડી લીધા.

જાનને શીખ દેવાઈ ગઈ. ધર્માદાનાં લાગાંલેતરી ચૂકવાઈ ગયાં. વેવાઈઓએ એકબીજાને વહાલપૂર્વક ભેટી લીધાં.

રામદીવડો પેટવાઈ ગયો. વરકન્યા માફાળા ગાડામાં ગોઠવાઈ ગયાં. સામેથી આવતી પાણિયારીના શુભ શુકન સાંપડી ગયાં.

...અને ગાડાનું પૈડું સિંચાઈ ગયું.

...અને ડોસા રમઝુ મીરે શરણાઈનો સૂર છેડ્યો. ઢોલીએ ઢોલ પર દાંડી પાડી. સુહાગણોએ ગીત ઉપાડ્યું અને ગવરીની જાન ઊઘલી ગઈ.

ગામડા ગામની એ સાવ સાંકડી શેરીમાં કોઈના ઘરની પછીત તો કોઈના કરા સાથે ધરો ધફડાવતું ગાડું માંડમાંડ કરીને શેરી સોંસરવું નીકળ્યું ત્યાં તો મીરની શરણાઈ સાંભળીને આજુબાજુનાં બૈરાંઓ વરરાજાને જોવા એકઠાં થઈ ગયાં હતાં. લાજના લાંબા ઘૂમટામાંથી જોઈ શકાય એટલું ઝીણી નજરે જોઈને તેઓ કહેતા હતાં :

'આ ભૂધર મેરાઈનો જમાઈ –'

'ગવરીનો વર.. હાથમાં તરવાર લઈને કેવો બેઠો છે!'

નાકા ઉપર નિયમ મુજબ મેઘો ઢોલી દાદ લેવા આડો ફરીને ઊભો રહ્યો. રમઝુએ પણ શ્વાસ ઘૂંટીને શરણાઈ દબાવી. કન્યાપક્ષની સ્ત્રીઓએ ગીત ઉપાડ્યું :

'આ દશ આ દશ પીપળો.......
આ દશ દાદાનાં ખેતર............'

ગીતોના સૂર વધારે વેધક હતા કે શરણાઈના એ નક્કી કરવું શ્રોતાઓ માટે મુશ્કેલ બની રહ્યું. મીરે શરણાઈની એવી તો રમઝટ જમાવી હતી કે વરના બાપ પણ એના રસાસ્વાદમાં દાદ આપવાનું વીસરી ગયા. પરિણામે ગીતો અને ઢોલશરણાઈનો સારી વાર સુધી તાસીરો જ બોલી રહ્યો. આખરે જ્યારે વરના બાપનો હાથ કોથળીમાં ગયો ને રમઝુના હાથમાં પાવલી પડી ત્યારે જ એણે પીઠ ફેરવી ને જાન આગળ વધી.



**૧૯૨૨-૧૯૬૮**

**વાર્તાકાર, નવલકથાકાર, નાટ્યકાર, પત્રકાર અને વિવેચક ચુનીલાલ મડિયાનું આ જન્મશતાબ્દી વર્ષ છે. સૌરાષ્ટ્રની બોલીનું સામર્થ્ય તેમની સંવેદનાસભર કૃતિઓમાં ઝીલાયું છે. 'વ્યાજનો વારસ', 'લીલુડી ધરતી', 'વેળાવેળાની છાંયડી' 'કુમકુમ અને આશકા' - આ નવલકથાઓ, 'ઘૂઘવતા પૂર', 'ચંપો અને કેળ', 'તેજ અને તિમિર' - આ વાર્તાસંગ્રહો 'રંગદા' અને 'વિષવિમોચન' એકાંકી સંગ્રહોથી ગુજરાતી સાહિત્યને તેમણે રળિયાત કર્યું છે. ઝવેરચંદ મેઘાણી પછી ગ્રામ્ય લોકના ભાવવિશ્વને ઉજાગર કરનારા સર્જકની સ્મૃતિમાં તેમની એક અનુપમ કૃતિ. – સંધ્યા શાહ**

રમઝુની શરણાઈએ આખી બજારને જગાડી દીધી હતી. કામઢા વેપારીઓ હજાર કામ પડતાં મૂકીને ઊઘલતી જાનને અવલોકવા દુકાનોને ઉંબરે આવી ઊભા. આખું સરઘસ અત્યારે જાજવલ્યમાન રંગો વડે સોહતું હતું. મોખરે રમઝુના માથા પર લાલ મધરાસી ફેંટાના લીરા ઊડતા હતા. મેઘા ઢોલીએ લીલા રંગનું માથાબાંધણું બાંધેલું. જાનૈયાઓને વેવાઈવાળાઓ તરફથી કંકુના થાપા મારવામાં આવેલા તેથી એ આખો સમૂહ લાલભડક લાગતો હતો. હીરભરતની ઝૂલ ને શીંગડીઓ વડે શણગારેલા બળદ તો સાવ જુદા જ તરી આવતા હતા. ગાડામાં બેઠેલા વરરાજાનો જરિયન જામો, એમના હાથમાંની તરવારનું રંગીન મ્યાન તેમ જ કન્યાનું પચરંગી પટોળું એક વિશિષ્ટ રંગસૃષ્ટિ રચી જતાં હતાં. એમની પાછળ વિદાયગીતો ગાતી સુહાગણોનાં અવનવાં પટકૂળોમાં તો રંગમેળો જ જોવા મળતો હતો.

આડે દિવસે ઊડઊડ લાગતી બજારમાં રમઝુ મીરની શરણાઈએ નવી જ દુનિયા રચી કાઢી હતી. એના સૂરની મોહિની એવી હતી કે સાંભળનારને એ મત્ત બનાવી મૂકે. એની અસર કાન વાટે સીધી હૃદય પર ચોટ મારે ને હૃદયના એ પરિતોષનો નશો સીધા મગજમાં પહોંચે. પ્રાકૃતજનોને આ શરણાઈની સુરાવલિ સમજાય કે ન સમજાય પણ મંત્રમુગ્ધ બનીને એ ડોલી ઊઠે તો ખરાં જ.

ભરબજારે ચોગાનમાં ઊભીને રમઝુએ અડાણો ઉપાડ્યો હતો. એ ઉન્માદભરી તરજનું બંધારણ ભાગ્યે જ કોઈ લોકો સમજતાં. છતાં એમાં રહેલો આનંદ અને ઉછરંગ, તોફાન અને મસ્તી સહુ શ્રોતાઓ માની રહ્યા. એમની આંખ સામે તો વાતેવાતમાં છણકા કરતી, આંખમાંથી અગનતણખા વેરતી, ખોટેખોટાં રૂસમાં લેતી, વળી પાછી પતિના પ્રેમોપચારે રીઝી જતી, અજબ નટખટ નખરાળી નવોઢા રમી રહી. અભણ રમઝુ ડોસા પાસે શબ્દો નહોતા, કેવળ સૂર હતા. અને એ સૂર વડે જ આવી સૃષ્ટિ ખડી કરી જતો હતો. નમતે બપોરે ઊભી બજારે સાવ શુષ્ક વાતાવરણમાં પણ સાસરિયે સોંઢતી પતિમિલનોત્સુક પરિણીતાનું કલ્પનાચિત્ર શ્રોતાઓની આંખ સામે તરવરી રહ્યું. એ આ મેલાઘેલા માણસે સાધ્ય કરેલી સૂરશક્તિની જ બલિહારી હતી.

હર ઘડીએ વધારે ને વધારે ઘૂંટાતા જતા અડાણાના સૂરમાં શ્રોતાઓ કરતાંય વધારે તો રમઝુ મીર પોતે રમમાણ લાગતો હતો. આંખ મીંચીને, ગલોફાં ફુલાવી-ફુલાવીને એ શરણાઈમાં શ્વાસ રેડતો જતો હતો અને એ

નિર્જીવ વાદ્યને જીવંત બનાવતો જતો હતો. ગામ આખું લાંબા અનુભવને પરિણામે જાણતું થઈ ગયેલું કે રમઝુ એકવાર એની શરણાઈમાં ફૂંક મારે પછી એને સ્થળ કે સમયનું ભાન ન રહે. માત્ર, પરગામથી ગગો પરણાવવા આવેલા તળશી વેવાઈને આ વાતની જાણ નહોતી તેથી તેઓ મીરને દાદના પૈસાનો લાલચુ ગણીને પાવલું ફેંકી રહ્યા પછી આગળ વધવાની ઉતાવળ કરી રહ્યા હતા. તળશી વેવાઈને સૂરજ આથમતાં પહેલાં પોતાને ગામ સણોસરે પહોંચી જવાની ઉતાવળ હતી તેથી શરણાઈવાળાને આદેશ આપી રહ્યા હતા : 'હાલો, મીર, હાલો ઝટ વહેતા થાવ.'

પણ અડાણાના સૂરમાં ગળાબૂડ શેલારા લેતા રમઝુને આવા આદેશ સાંભળવાની નવરાશ જ ક્યાં હતી? મીર એની શરણાઈમાં સમય બગાડતો જતો હતો ને તળશી વેવાઈને મનમાં ચટપટી ચાલતી હતી : આ ગતિએ રૂપિયે ગજને હિસાબે આગળ હાલશું તો સણોસરે પૂગતાં સાંજ પડી જશે ને અંધારે સામૈયાં કરવામાં વહોરાજીની કિસનલાઈટ મગાવવી પડશે. મોંઘીદાટ બત્તીનાં બિલ ભરવાને બદલે વેવાઈએ આ મુફલિસ મીરને જ પાવલું વધારે દાદ આપીને આગળ વધવા પ્રેર્યા, પણ શરણાઈના સૂરમાં ડાબેથી જમણે ડોલી રહેલા રમઝુને દાદ પેટે ફેંકાતા પૈસા ગણવાની જ ક્યાં નવરાશ હતી? મેઘા ઢોલીએ ધૂળમાંથી સિક્કા વીણી લીધા અને રમઝુને કહ્યું કે 'હાલો, મીર, હવે હાંઉ કરો હાંઉં.' પણ આવી સૂચના પણ એ કાને ધરે એમ કયાં હતો?

આખરે ભૂધર મેરાઈ પોતે જ આગળ આવ્યા ને રમઝુને રીતસરનો હડસેલો મારીને જ સંભળાવ્યું : 'હવે હાલ્યની ઝટ, હાલ્યની, આમ ડગલે ને પગલે દાદ લેવા ઊભતો રહીશ તો કે દી પાદરે પોગાડીશ?'

મેરાઈના હડસેલા સાથે ઉગ્ર અવાજે ઉચ્ચારાયેલાં વેણ કાને પડ્યા ત્યારે જ મીરને ભાન થયું કે હું અત્યારે ઊભી બજાર બાંધીને ઊભો છું ને મારે તો હજી જાનને ગામઝાંપા લગી દોરી જવાની છે.

રમઝું યંત્રવત આગળ તો વધ્યો પણ એનું દિમાગ-અને દિલ પણ-બરોબર બે દાયકા



જેટલું જાણે કે પાછળ હઠી ગયું. વીસ વરસ પહેલાં આવા જ એક નમતા બપોરે રમઝુ મીરે પોતાની જ પુત્રી સકીનાને સાસરિયે વળાવી હતી. હૃદયમાં ઊંડે-ઊંડે ખૂંપેલું શલ્ય સળવળે ને જેવો વેદનાનો ચિત્કાર નીકળે એવો જ ચિત્કાર આ જૂનાં સંસ્મરણોના સળવળાટે મીરના હૃદયમાં ઊઠ્યો.

અને આપોઆપ એની શરણાઈનો સૂર બદલી ગયો. અડાણાનો ઉન્માદ અને ઉછરંગ ઓસરી ગયો. એને સ્થાને હવે કોરાયેલાં કાળજાંનું દર્દ વહેવા લાગ્યું. એકા-એક થઈ ગયેલો આ તાનપલટો શ્રોતાઓ સમજી ન શક્યા, પણ આ નવા સૂરની અસરમાં આવતાં એને વાર ન લાગી. આકાશમાં પૂર્ણેન્દુ પ્રકાશ્યો હોય, પૃથ્વી પર સ્નિગ્ધશીતળ કૌમુદી રેલાતી હોય અને એમાં એકાએક કાળી વાદળી આવી ચડતાં ચોગરદમ અંધકારના ઓળા ઊતરી રહે અને આખા વાતાવરણમાં એક ઊંડી ઉદાસી ફેલાઈ જાય એવી જ અસર, અત્યારે ઊઘલતી જાનમાં વરતાઈ રહી. ઘડીવાર પહેલાં આનંદમાં ગુલતાન હતા એ જાનૈયાઓ સાવ મૂંગા થઈ ગયા. ગીત ગાતી સુહાગણોએ પણ જાણે કે શરણાઈની અસર તળે જ વધારે કરુણ વિદાયગીતો ગાવા માંડ્યાં હતાં.

રમઝુ ડોસો એની શરણાઈ વગાડવામાં અને પોતાના દિલમાં ભારેલી વેદના વ્યક્ત કરવામાં જ ગુલતાન હતો, છતાં આ ગીતોમાં ગવાતી વેદનાનાં વસમાં વેણ એને કાને અથરાઈ જતાં હતાં ને આપમેળે જ હૃદયસોંસરાં ઊતરી જતાં હતા. પરિણામે એના સૂરમાં બમણું દર્દ ઘૂંટાતું હતું.

અત્યારે ગવરીના પિતા ભૂધર મેરાઈ પુત્રીની વિદાયને કારણે વિષાદ અનુભવી રહ્યા હતા, પણ એથીય અદકો વિષાદ રમઝુ મીરના હૃદય પર છવાયો હતો અને દરેક ડગલે જિવાઈ ગયેલી જિંદગીનું એકેક દૃશ્ય એની ઝામરમોતિયા વડે ઝંખવાતી આંખ આગળ તાદૃશ થતું હતું.

ભરજુવાનીમાં ઘરભંગ થયેલા રમઝુને બે વરસની માવિહોણી બાળકીની માતા બનવું પડેલું. ઓઝત નદીને હેઠવાસને આરે રમઝુએ બાળકી સકીનાનાં બાળોતિયાં ધોયેલાં એ દૃશ્યની સાહેદી આપી શકે એવાં ઘણાં ડોસાંડગરાં તો ગામમાં હજી હયાત હતાં. રમઝુને આ દુનિયામાં બે જ પાત્રો જોડે દિલ્લગી બંધાઈ ગઈ હતી : એક તો મીર કુટુંબમાં પેઢીદર પેઢી વારસામાં મળતી આવેલી શરણાઈ, અને બીજી મૃત પત્નીનાં સંભારણાંરૂપે સાંપડેલી સૂરજમુખીના ફૂલ જેવી સકીના. તેથી જ એણે પોતાના દિલની દુનિયામાં ત્રીજા કોઈ પાત્રને પ્રવેશ કરવા નહોતો દીધો. કોમનાં માણસોએ ફરી વાર નિકાહ પઢવાનો બહુ બહુ આગ્રહ કરવા છતાં જુવાન મીર પોતાના નિર્ણયમાં મક્કમ રહ્યો હતો.

રમઝુએ સકીનાને સગી મા કરતાંય સવાયા હેતથી ઉછેરીને મોટી કરેલી. સકીનાનાં લાડચાગ તો લોકવાયકામાં થઈ પડેલાં. માતા તેમ જ પિતાનાં બેવડાં વાત્સલ્યથી રમઝુ પુત્રીનું લાલનપાલન કરતો હતો. પોતે કોઈ વાર સૂકો રોટલો ખાઈને ચલાવી લે પણ પુત્રીને તો પકવાન જ જમાડે. પોતે ફાટ્યાંતૂટ્યાં કપડાં પર સો થીંગડાં મારે પણ સકીનાને તો ફૂલફટાક બનાવીને જ બહાર કાઢે. ન-માઈ પુત્રીને જરા પણ ઓછું ન આવે તેની તકેદારી રાખવા માટે રમઝુ એને અછોઅછો વાનાં કરતો.

સકીના કાખમાં બેસવા જેવડી હતી ત્યાં સુધી તો રમઝુ એને ચોવીસે કલાક પોતાની સાથે જ ફેરવતો. કોઈનાં સામૈયામાં શરણાઈ વગાડવા જવાનું હોય તોપણ સકીના તો એની કાખમાં જ બેઠી હોય અથવા તો પિતાના ગળામાં હાથ પરોવીને પીઠ પર બાઝી પડી હોય. રમઝુ વરઘોડામાં શરણાઈ વગાડતો હોય કે ફુલેકાંમાં ફરતો હોય ત્યારે એની પીઠ પર, વાંદરીને પેટે વળગેલાં બચોળિયાંની જેમ વળગી રહેલી આ બાળકીનું સુભગ દૃશ્ય તો વરસો સુધી આ ગામમાં સુપરિચિત થઈ પડેલું.

સાચી વાત તો એ હતી કે શરણાઈ તેમ જ સકીના બન્ને આ વિધુર આદમીની જિંદગીમાં

તાણાવાણાની જેમ વણાઈ ગયાં હતાં. શરણાઈ અને સકીનાની હાજરીમાં રમઝુ પોતાને આ દુનિયાનો શહેનશાહ સમજતો. ઘણીય વાર નમતી સંધ્યાએ પોતાના કૂબાના આંગણામાં બેઠો બેઠો રમઝુ કેવળ મોજ ખાતર શરણાઈમાંથી સૂર છેડતો ને સકીનાને રીઝવતો. બાળકી ગેલમાં આવીને કાલુંકાલું બોલવા લાગતી. એના કાલાઘેલા બોલમાં રમઝુ મૃત પત્નીની પ્રેમપ્રચૂર વાણી સાંભળી રહેતો. આ રીતે શરણાઈ રમઝુ મીર માટે કેવળ રોટલો રળવાનું જ સાધન નહોતું. વિદેહી જીવનસંગાથિની સાથે સાન્નિધ્ય અનુભવવાનું, એના જીવનબીન સાથે એકસૂર, એકતાલ, એકરસ બનવાનું જીવતુંજાગતું વાદ્ય હતું. તેથી જે તો પત્નીની કબર પર ફૂલ ચડાવવા જતો ત્યારે ઓટા પર મરવાના ફૂલછોડની મહેક માણતોમાણતો એ શરણાઈના સૂર વહાવતો ને ? રમઝુની આ વિચિત્ર લાગતી ખાસિયત ગામ આખામાં ચર્ચાનો વિષય બની ચૂકેલી. વ્યવહારડાહ્યા લોકો આ ગરીબ માણસની આવી ધૂનને ગાંડપણમાં ખપાવતાં પણ મનસ્વી મીરને આવા અભિપ્રાયોની ક્યાં પડી હતી ? એ તો સપનાને સહારે જિંદગી જીવતો હતો, તે શરણાઈ વડે એ સપનાં સાચાં પાડતો હતો.

પાંપણમાં પુરાયેલા સુમધુર સ્વપ્ન સમી સકીનાને પણ રમઝુએ એક દિવસે સાસરે વળાવવી પડી હતી. અને તે દિવસે એણે પારાવાર દુઃખ અનુભવ્યું હતું. અત્યારે એના ડગલાં ગામઝાંપાની દિશામાં પડતાં હતાં પણ એના મનનું માંકડું તો અતીતની યાત્રાએ ઊપડી ગયું હતું. પ્રસંગોની પરકમ્મા કરતું કરતું એ વારેવારે પુત્રી વિદાયના આ પ્રસંગ પર આવીને અટકતું હતું. પુત્રીવિદાયનો એ પ્રસંગ તાજો થતાં ડોસાનું વત્સલહૃદય વલોવાઈ જતું હતું અને એ વલોપાત શરણાઈના સૂર વાટે વ્યક્ત થઈ જતો હતો. અત્યારે પોતે ખોબા ખારેકની લાલચે શરણાઈ વગાડવા આવ્યો હતો એ વાત જ રમઝુ વીસરી ગયો. સાસરિયે સોઢી રહેલી કન્યા ભૂધર મેરાઈની ગવરી છે એ હકીકત પણ એ ભૂલી ગયો હતો. અત્યારે તો પોતાની સગી દીકરી સકીનાને વિદાય અપાય છે એમ સમજીને શરણાઈમાં એ હૃદયની સઘળી વ્યથા રેડી રહ્યો હતો. તેથી જ તો જાન ઝાંપે પહોચતાં સુધીમાં તો રમઝુના દર્દનાક સૂરોએ આખું વાતાવરણ ભારઝલું બનાવી મૂક્યું હતું.

આનું કારણ એ હતું કે સકીનાનું સંભારણું રમઝુ માટે જરાય સુખદ નહોતું. ડોસાના કાળજામાં વિસ્મરણની રાખ તળે સકીનાના નામનો ધગધગતો અંગારો ભરેલો પડ્યો હતો, આવે પ્રસંગે એ રાખનું આવરણ દૂર થતાં ડોસાની ભીતરમાં ભડકા ઊઠતા. કારણ એ હતું કે સકીનાને સાસરિયે મોકલ્યા પછી આઠમે દિવસે જ એના ભેદી મૃત્યુના વાવડ આવેલા. એ મૃત્યુનો ભેદ રમઝુ પણ ઉકેલી શકેલો નહિ. એનું રહસ્ય ગામ આખામાં આજ સુધી ગોપિત જ રહેવા પામેલું. એક અટકળ એવી હતી કે સકીનાને જે ગામ વરાવેલી ત્યાંનાં બે બરોબરિયાં ને જોરૂકાં કુટુંબોના જુવાનોની નજર આ યુવતીના જોબન ઉપર ઠરેલી. માથાભારે ગણાતી મીર કોમના બેમાંથી એક જૂથને તો રમઝુએ નારાજ કરવું જ પડે એમ હતું, પણ એ અટંકી કોમનાં માણસો નારાજ થઈને જ બેસી રહે એવા સોજાં નહોતાં. સકીનાની જુવાનીની અંગડાઈએ એમના વૈરાગ્નિને વીંઝણો ઢાળ્યો ને એમાંથી બન્ને હરીફો વચ્ચે વસમાં વેણની આપલે થઈ ગઈ. આખરે તેમાંથી તરવારની ધાર ઝબકી ગઈ. બન્ને પક્ષો ઝાટકે આવ્યા ને એમાંથી જ કહે છે કે સકીનાનું કાટલું કાઢી નાખવામાં આવેલું. આ સમાચાર સાંભળીને રમઝુને વજાઘાત લાગેલો, સકીનાના અકાળ મૃત્યુથી ડોસાએ પુત્રી તેમ જ પત્ની બન્નેના દેહવિલયનો બમણો વિયોગ અનુભવેલો. દિવસો સુધી તો એ અવાક થઈ ગયેલો. એની ચિત્તભ્રમ જેવી દશા જોઈને લોકો કહેતા કે ડોસાની ડાગળી ચસકી ગઈ છે.

તેથી જ તો પાદરમાં પહોંચ્યા પછી રમઝુએ શરણાઈની તાન ઉપર આમથી તેમ ડોલવા માંડ્યું ત્યારે લોકોએ એને ગાંડામાં ગણી કાઢ્યો ને ?

પીપળા હેઠે ગાડું થોભ્યું. ગવરીની સરખીસમોવડી સહિયરો એક પછી એક વિદાય આપવા આવી. સહુ બહેનપણીઓ ગવરીની નજીક જઈ, ગોઠિયણના કાનમાં ધીમી ગોષ્ઠિ કરીને આંસુભરી આંખે પાછી આવતી હતી. ઘરચોળાના ઘૂંઘટાની આડશે રડીરડીને ગવરીની આંખો લાલ હીંગળા જેવી થઈ ગઈ હતી એ તો અત્યારે જ ખબર પડી. હીબકતી પુત્રીને જોઈને માતાનું હૃદય હાથ ન રહ્યું. સાથે આણેલી ટબૂડીમાંથી ગવરીને બે ઘૂંટડા પાણી પાઈને તેઓ કોચવાતે હૃદયે દૂર ચાલ્યાં ગયાં, પણ એમની પાંપણ પર આવીને અટકેલાં આંસુ રમઝુની નજર બહાર નહોતાં રહ્યાં. લાગણીના આવેશમાં માતા જે ભાવ વાચા દ્વારા વ્યક્ત કરી નહોતી શકતી એની અભિવ્યક્તિ રમઝુ પોતાના સૂર વાટે કરી રહ્યો.

આમ તો પાદરનો આ પીપળો અને ચબૂતરો ગામની સેંકડો કન્યાઓની વિદાયના સાક્ષી બની ચૂક્યા હતા. રમઝુ પોતે પણ આવા અસંખ્ય વિદાયપ્રસંગોએ શરણાઈ વગાડીને સાટામાં રૂપિયોરોડો મહેનતાણું મેળવી ચૂક્યો હતો. ખોબો ભરીને ખારેક, લાડવા વગેરે લઈ ચૂક્યો હતો, પણ આજની વાત અનોખી હતી. આજનું વળામણું વિશિષ્ટ હતું, આજનો વિદાયપ્રસંગ સાવ વિલક્ષણ હતો. આજે દર્દનાક શરણાઈ વગાડનાર માણસ અવસ્થાને આરે પહોંચેલો ખખડી ગયેલો રમઝુ મીર ન હતો પણ વીસ વરસ પહેલાં સકીનાને વિદાય આપનાર પુત્રીપિતા હતો. તેથી જ તો, તળશી વેવાઈએ પાવલાથી માંડીને બાધા રૂપિયા જેવડી મોટી રકમની ત્રણત્રણ વાર દાદ આપવા છતાં રમઝુ શરણાઈ બંધ કરીને પાદરમાંથી પાછો ફર્યો નહિ ને ?

'દાદાને આંગણ આંબલો
આંબલો ઘેરગંભીર જો;
એક રે પાંદડું અમે તોડિયું
દાદ ગાળ મા દેજો જો;
અમે રે લીલૂડા વનની ચરકલડી...'

માત્ર ગવરી નહીં, ગવરીની ગોઠિયણો જ નહિ, કન્યાનાં આપ્તજનો જ નહિ, પણ સીમાડાનું સમગ્ર વાતાવરણ જાણે કે ડૂસકાં ભરતું લાગ્યું અને મીરની શરણાઈએ આ શોકમગ્ન વાતાવરણ સાથે અજબ સમવેત સાધ્યો. એના સૂરમાં ઘૂંટાતું દર્દ વાતાવરણની ગમગીનીને દ્વિગુણિત બનાવી ગયું. રમઝુ ચગ્યો હતો. એની શરણાઈ ચગી હતી. પોતાના

ચિરાયેલા દિલની વેદનાને ચગાવવામાં પણ ડોસો ચેન અનુભવતો હતો.

પણ કન્યાને લઈને ઝટપટ ઘરભેગા થઈ જવાની ઉતાવળમાં વરરાજા તેમ જ વરના બાપ તળશી વેવાઈ તલપાપડ થઈ રહ્યા હતા. પાદરના મોકળા પટમાં મોકળે મને સુરાવટ રેલાવી રહેલા મીરને જોઈને વેવાઈની અકળામણ વધતી જતી હતી.

આખરે એમણે ભૂધર મેરાઈ સમક્ષ એ અકળામણ વ્યક્ત કરી પણ ખરી : 'આ તમારો મીર તો ભારે લાલચુ લાગે છે ! આટલી દાદ દીધી તોય હજી ધરવ નથી થાતો ! અમારે તો આંહી સીમાડે ડ સૂરજ આથમી જાશે એમ લાગે છે...'

વેવાઈની ફરિયાદ સાંભળીને તુરત ભૂધર મેરાઈ, જાનનો મારગ રોકીને ઊભેલા મીર પાસે જઈ પહોંચ્યા અને મોટે સાદે સંભળાવ્યું: 'એલા ડોસલા, આવો ભૂખાવળો ક્યાંથી થ્યો ? આટલી બધી દાદ દીધી તોય હજી તને ધરપત નથી ? આટલાં પાવલાં પડ્યાં તોય હજી હાંઉ નથી કે'તો ?'

પણ રમઝુ તો પોતાની શરણાઈના સૂર સિવાય બીજું કાંઈ સાંભળે એમ જ ક્યાં હતો ? કંટાળીને ભૂધર મેરાઈએ વેવાઈને કહ્યું : 'ડોસાની ડાગળી જરાક ચસકી ગયેલ છે. દુઃખિયો જીવ છે ને એમાં પાછી પાકી અવસ્થા થઈ એટલે કળ-વકળનું ભાન નથી રિયું.'

'એને ભલે કળ-વકળનું ભાન ન હોય પણ અમારે અસૂરું થઈ જાશે એનું શું ?' તળશી વેવાઈએ તીખા અવાજે કહ્યું : 'એક તો બીકાળો મારગ ને ભેગું જરજોખમ...'

હવે ભૂધર મેરાઈનો મિજાજ હાથથી ગયો. એમણે દાદ પેટે જમીન પર ફેંકાયેલા સિક્કા વીણીને પરાણે મીરની મુઠ્ઠીમાં પકડાવ્યા ને પછી એને હડસેલો મારીને કહ્યું : 'એલા લપરા, હવે તો મારગ મોકળો કરીને ઘરભેગો થા! હજી તો તારે કેટલાક રૂપિયા ઓકાવવા છે ? કે પછી મીઠાં ઝાડનાં મૂળ ખાવાં છે ?'

ભૂધર મેરાઈના હડસેલાથી મીર હાલ્યો તો ખરો પણ પોતાના ઘરને-ગામને મારગે નહિ, સીમને મારગે, સણોસરાને કેડે.

'આ તો હજી સગડ નથી મેલતો.' તળશી વેવાઈ કંટાળીને બોલ્યા, 'આ તો અમારી મોર્ય વેતો થ્યો...'

'મર થાતો,' સીમને મારગે સામે ચાલતા રમઝુને જોઈને ભૂધર મેરાઈએ કહ્યું : 'થાકશે એટલે એની મેળે પાછો આવતો રહેશે.' અને પછી વેવાઈને છેલ્લી સૂચના તરીકે ઉમેર્યું : 'હવે ખબરદાર, એને રાતું કાવડિયું પણ આપ્યું છે તો ! તમે પહેલેથી જ છૂટે હાથે દાદ દેવા માંડી એમાં ડોસો સોનાનાં ઝાડ ભાળી ગયો. પણ હવે ભૂંગળુ ફૂંકીફૂંકીને મરી જાય તોય સામું જોશો માં.'

અને પછી બન્ને વેવાઈઓ ભાવે કરીને ભેટ્યા અને જાન સણોસરાને કેડે ચડી.

રમઝુ હજી પણ ધૂનમાં તે ધૂનમાં જાનની મોખરે ચાલ્યા જ કરતો હતો. પાછળ, પાદરમાં ઊભેલાં લોકો આ ગાંડા માણસની હાંસી ઉડાવતાં હતાં. પુત્રી વળાવીને કુટુંબીઓ ભારે હૃદયે ઘર તરફ પાછાં ફરતાં હતાં ત્યારે સ્ત્રીઓએ છેલ્લું ગીત ઉપાડ્યું હતું :

'એક આવ્યો'તો પરદેશી પોપટો
બેની રમતાં'તાં માંડવા હેઠ ....
ધૂતારો ધૂતી ગયો ..........'

ધૂનમાં ને ધૂનમાં મોટાંમોટાં ડગ ભરતા રમઝુને કાને આ ગીતનાં વેણ આછાંપાતળાં અથડાતાં હતાં, પણ એને ખ્યાલ નહોતો કે પોતે કઈ દિશામાં આગળ વધી રહ્યો છે. પુત્રીવિયોગના દર્દમાં એ જાણે કે દિશાશૂન્ય થઈ ગયો હતો.

હવે તો જાનૈયાઓએ પણ મીરની મશ્કરી શરૂ કરી હતી : 'સાવ મગજ ભેટ થઈ ગયો લાગે છે.'

'માગણ કીધાં એટલે હાંઉ...આંગળી દેતાં પોંચાને જ વળગે...ગમે તેવી તોય અંતે તો વહવાયાંની જ જાત ને ! જીવને સંતોષ જ નહિ—'

'મર વગાડ્યા કરે એનું ભૂંગળું... હાલીહાલીને પગે પાણી ઊતરશે એટલે આફુડો પાછો વળશે.'

'ને ઠેઠ સણોસરા સુધી વગાડતો આવે તોય શું વાંધો છે ? સામૈયામાં પણ આની જ શરણાઈ કામ આવશે. ગામના મીરને રૂપિયો ખટાવવો મટ્યો.'

પણ રમઝુ સણોસરા સુધી ન ગયો. વચ્ચે કબ્રસ્તાન આવ્યું કે તુરત એના પગ થંભી ગયા. ધણમાંથી પાછું ફરેલું ઢોર ગમાણનો ખીલો સૂંઘીને ઊભું રહી જાય એમ કબ્રસ્તાનમાંથી આવતી મરવા-છોડની પરિચિત સોડમ નાકમાં જતાં જ મીર ખચકાઈને ઊભો રહી ગયો. પાછળ વરકન્યાને લઈને ગાડું આવતું હતું. અને એની પાછળ જુવાન જાનૈયાઓની ઠિઠિયાઠોરી સંભળાતી હતી. રમઝુની આંખ સામે, સાસરે સોંઢતી ગવરી નહિ, પણ સકીના પસાર થઈ રહી હતી. તુરત એનો હાથ ગજવા તરફ વળ્યો. પાદરમાં ભૂધર મેરાઈએ ધૂળમાંથી ઉસરડો કરીને પરાણે ગજવામાં નખાવેલા પૈસા હાથ આવ્યા. જોયું તો સાચે જ દોથો ભરાય એટલા દાદમાં મળી ચૂક્યા જણાયા.

રાંક રમઝુ તો રાજીરાજી થઈ ગયો. હરખભર્યો એ ગાડા નજીક ગયો ને બોલ્યો: 'લે ગગી, આ કાપડાના કરીને આપું છું.'

અને હજી તો આ રકમનો સ્વીકાર કે અસ્વીકાર થાય એ પહેલાં તો ઊતરતી સંધ્યાના ઉજાશમાં રમઝુ કબ્રસ્તાનમાં દાખલ થઈ ગયો. એની એક આંખ સામે ગવરીનું કાપડું ને બીજી આંખ સામે સકીનાનું કફન તરવરી રહ્યું.

આ ચસ્કેલ માણસના આ વિચિત્ર વર્તાવ બદલ જાનૈયાઓ ફરી વાર ચેષ્ટા કરતા આગળ વધ્યા.

દિવસને આથમતે અજવાળે રમઝુએ મૃત પત્નીની કબર પાસે બેસીને સરસ સુરાવટ છોડી. એમાં મિલન અને વિયોગના મિશ્ર ભાવોની ગંગાજમના ગૂંથાઈ ગઈ. પવનની પાંખે ચડીને એ સૂર મોડેમોડે સુધી ગામમાં તેમ જ સીમમાં સંભળાતા રહ્યા. અને અનેક મિલનોત્સુક તેમ જ વિયોગી આત્માઓ આ સુરાવટમાંથી એકસરખી શાતા અનુભવતા રહ્યા.

પણ કમનસીબે રમઝુની શરણાઈની આ છેલ્લી સુરાવટ હતી. એ પછી એ શરણાઈ કે સૂર ગામલોકોને કદી સાંભળવા મળ્યા જ નહિ.

❖❖❖


# તારંગા

જયંત પરીખ



અરવલ્લીના મુગટનું ઉત્તમ રત્ન જેવું તારંગા તીર્થ, ઈડર અને પોળોના જંગલો.
હું શૃંગારની ભાષામાં વિવેચન કરનાર કોઈ લેખક નથી કે ઇતિહાસકાર પણ નથી. અરવલ્લીની હારમાળામાં આવેલ તારંગા તીર્થ તરફના પ્રયાણના વિચારથી જ મારા મનમાં શાંતિના તરંગો ઊઠે છે. જ્યારે પણ મારા મનમાં ચિત્રના વિષયો ખૂટવા માંડે કે મારું મન ઈડર તારંગા અને કુંભારિયાજી તરફ જવા માટેનો પ્લાન બનાવવાનું શરૂ કરે. ખાસ કરીને જુલાઈથી જાન્યુઆરીમાં અચૂક મારા ચિત્રકાર મિત્ર પરમેન્દ્ર ગજ્જરને લઈને અમદાવાદ ડેપોમાંથી સાડાસાત વાગ્યાની તારંગા ટેમ્પલની બસમાં બેસી સાડાબાર સુધીમાં તારંગાની વનરાજીમાં આવેલ ટેકરી ઉપર પહોંચી જાઉં. અહીંના વાતાવરણને વધુ મધુર બનાવવામાં અહીં ચારેબાજુના શિલ્પો જેવા પથ્થરોનો સમૂહ, નાનાં મોટાં નૃત્યમય વૃક્ષો, સવારમાં નિયમિત સમયે ચણ આરોગતા કબુતરો અને કુદાકૂદ કરી મંદિર વિસ્તારમાં તરવરાટનું વાતાવરણ સર્જતા વાંદરાઓ, સ્વચ્છ વસ્ત્રોમાં પૂજા કરવા જતા ભાવિકોનો સમૂહ, સવારનો સૂર્યોદય-રાતની ચાંદનીમાં મંદિરના સ્થાપત્યને માણવાની-શાંતિના ઓળા પાથરતી શાંતિ, સાદી પણ સ્વચ્છ અને રહેઠાણની સગવડ ધરાવતી જૈન ધર્મશાળાની રૂમો, આણંદજી કલ્યાણજીની પેઢીના સ્ટાફનો પ્રેમ, ભોજનશાળાનું સાદું ભોજન અને મોરના ટહુકા મારા હૃદયને આનંદિત કરી વધુમાં વધુ રહેવા આકર્ષિત કરે છે.

ચારેય બાજુ ગોળ આકારમાં પથરાયેલ ટેકરીઓ વચ્ચે અજિતનાથ ભગવંતનું ૧૩મી સદીમાં રજપૂત યુગમાં કુમારપાળના શાસનમાં આ જૈન પ્રસાદનું નિર્માણ થયું. ૧૪૬૮માં પાટણના શ્રેષ્ઠીએ તેને બચાવી મુનિશ્રી સોમસુંદરસૂરીના આશીર્વાદથી જીર્ણોદ્ધાર પછી નવી ભવ્ય મૂર્તિની પ્રતિષ્ઠા થઈ. આ દેરાસર ૭૪ ફૂટ પહોળું અને ૧૩૦ ફૂટની ઉંચાઈ ધરાવે છે. અમદાવાદથી મહેસાણા થઈને અંબાજી જવાના રસ્તે ખેરાળું પછી ૧૮ કિલોમીટરના અંતરે ટીંબા ગામની ચાની લારીનું સ્ટેશન છે, ત્યાંથી ઉતરી જીપ મારફતે પણ તારંગા તીર્થ દશ મિનિટમાં પહોંચી શકાય છે.




જ્યારે વાહનવ્યવહારની સગવડ સામાન્ય હશે ત્યારે કેટલાય કિલોમીટરથી સેન્ડસ્ટોનના પથ્થરો દૂર દૂરથી લાવી શિલ્પકારોએ મધ્યમાં યોગ્ય સ્થાને નક્કી કરી દરરોજ સેંકડો શિલ્પકારો ત્યારની ગરમી ઠંડી કે વર્ષાઋતુમાં છીણી ટાંકણાના સંગીતમાં હજારોની સંખ્યામાં દેવીદેવતાના શિલ્પોનું સર્જન કેવી રીતે પાંચ વર્ષમાં કર્યું હશે ? દેરાસરના ગ્રાઉન્ડ ફ્લોરથી આશરે ૨૦ ફૂટની ઉંચાઈ ઉપર ત્રણેય બાજુ ફરતી દેરાસરની દીવાલ ઉપર ચાર ફૂટની ઉંચાઈ ધરાવતા શિલ્પો છે. તેના હાથ પગની મુદ્રાઓ, નાક, આંખો, ઘરેણાં, કટીમેખલા, ત્રિભંગ શરીરના મરોડનું સૌંદર્ય, તેના શસ્ત્રો અને બીજી મૂર્તિઓ સાથે રીધમથી રજૂ થતી વિવિધ મુદ્રાઓનું કારવિંગ કલામાં થોડો રસ હોય તેવા કલાપિપાસુને અહીંનું ચારેય બાજુનું વાતાવરણ અને શિલ્પકૃતિઓ ખસવા દેતી નથી. જેમ જેમ ૨૦ ફૂટની ઉંચાઈ ઉપર નજર ફેરવો એટલે હાઈ રીલીફ મૂર્તિઓનું પ્રમાણ સામાન્ય થતું જાય છે. ૧૩૦ ફૂટની ઉંચાઈ ઉપર ફરફર ફરકતી ધજા આકાશમાં નર્તનના તરંગો વહેવડાવે છે. ત્રણેય બાજુએ મધ્યમાં ત્રણ ઝરુખા અને સાદી ડિઝાઈનની જાળીની કોતરણી અલગ ભાગ ઊભો કરે છે.

દેરાસરની અંદર પ્રવેશતા જ મુખ્ય ગર્ભગૃહ ગોળ આકારમાં પહોળા સિમ્પલ થાંભલા ઉપર આખું સ્થાપત્ય આકાર પામ્યું છે. વચ્ચેની ગોળ કોતરણીમાંથી દીવા મૂકેલ ઝુમ્મરમાં સાંજના સમયે મંત્રગાન કરવાનો અનેરો લાભ તેની રમ્ય શાંતિમાં ધ્યાનમાં લઈ જાય છે. રાતના ૮ પછીની ભાવના અને આરતી વખતે દીવાના પ્રકાશમાં અજિતનાથના બિંબના દર્શન કરનાર ધ્યાનસ્થ થઈ જાય તેવું વાતાવરણ ઉત્પન્ન થાય છે. આરતી વખતે ઘંટનાદના તરંગો અરવલ્લીની ટેકરીઓમાં રણકે છે.

વહેલી સવારમાં ગ્રુપના ચારપાંચ મિત્રો સાથે દેરાસરના પગથિયાં ઉપર બેસી પ્રાણાયમ અને ૐકાર નાદનો આનંદ મનમાં શાંતિના તરંગો ઉત્પન્ન કરે છે. જેમ દિવસનો પ્રકાશ વધતો જાય તેમ અનેક ભાવિકો સ્કૂલના-કોલેજના

વિદ્યાર્થીઓ અને વિદેશી ટુરીસ્ટો પધારે ત્યારે અહીંની શાંતિમાં ઉત્સવનું વાતાવરણ નિર્માણ પામે છે. જે વિચારકે શાંતિથી લેખન કરવું છે, ચિત્રકામ કરવું છે કે ધ્યાન કરવું છે કે ટ્રેકીંગ કરવું છે તેમના માટે આ સ્થાન સર્વોત્તમ છે. ફોટોગ્રાફરો માટે અહીંના શિલ્પો સવારના પ્રકાશમાં ખજાનો પ્રાપ્ત થાય તેવો આનંદ લે છે.

એક ચિત્રકારને નાતે અગાઉનું આગમન ફક્ત સ્ટડી કે સ્કેચીંગ માટે થતું, પણ છેલ્લાં ત્રણેક વર્ષથી આ રમ્યસ્થાનો લાભ લઈને શિલ્પો તેના સ્થાપત્યનો સહારો લઈ કેટલાય ક્રીએટીવ ડ્રોઇંગનું સર્જન સહજ રીતે થયું. તારંગાની અરવલ્લીની પહાડોના વાતાવરણનો જેમને શાંતિનો અનુભવ કરી નવ સર્જન કરવું છે તેમણે તારંગા ચોમાસાના અંતથી શિયાળામાં તારંગાના સ્થાનનો લાભ લેવાનું ચૂકવું નહીં. તારંગાની યાત્રા પછી એકાદ કલાકના અંતરે ઈડર આવેલ છે. જેમાં કુદરતી પથ્થરોના શિલ્પો આવેલા છે. બહુ જ થોડી વ્યક્તિઓને પથ્થરો જોવા જવામાં રસ હોય છે. લોકો હિમાલય, શત્રુંજય કે સાપુતારાના પર્વતનો આનંદ લેવા, તેના ઝરણા કે વૃક્ષો, નદી, બરફ કે તીર્થો જોવા અવારનવાર જાય છે. તેનો આનંદ કુદરતી વાતાવરણને લીધે મોટા ભાગના લોકોને મળે છે, પણ ઈડરની આ પહાડી ઉપર વારંવાર જવાનું મન બહુ જ થોડા કલાની દૃષ્ટિ ધરાવતા કલાકારોને થાય છે. તારંગાથી ૪૦ કિલોમીટર આ સ્થાને છે. જે સ્થાનને જોવાનો અને આનંદીત થવાનો સમય શિયાળો છે. નવેમ્બરથી ફેબ્રુઆરીમાં મારા નવા ફોર્મની શોધમાં કે ફોટોગ્રાફી કરવા અનેક વખત થોડા મિત્રો સાથે જતો. તે સ્થાન મને વહાલુ લાગે છે. તળેટીમાં જૈનોની સુંદર સગવડ ધરાવતી ધર્મશાળામાં રહેવાનું અને સાદું ભોજન લેવા વધુ રોકાણ કરવાની તાલાવેલી થાય છે. ચિત્રકાર કે ફોટાગ્રાફરો માટે નવસર્જન કરવા આ સ્થાન પ્રેરણાદાયી છે. સવારના સૂર્યોદય વખતે હજારો જાતના આધુનિક શિલ્પો જેવા પથ્થરો જોવાની મજા



ફક્ત ઈડરમાં જ આવે. કયાંક ડ્રોઈંગ કરતા કલાકારોને હાથી, જીરાફ, ઊંટ કે માનવ પાત્રોના સિમ્પલ શેઈપ દેખાય છે. એક વિશાળ પથ્થર સાથે બીજા નાના પથ્થરો એટલી સુંદર રીતે ગોઠવાયેલ છે કે જેનાથી અવનવાં કોમ્પોજીશન ઊભા થાય છે. કલા વિદ્યાલયના વિદ્યાર્થીઓને સ્કેચીંગ કે ક્રીએટીવ ડ્રોઇંગ માટે ટૂરમાં લઈ જતા વિદ્યાર્થીઓને નવા, શેઈપ બનાવવાની પ્રેરણા આ સ્થાનમાંથી મળે છે. જલમંદિરના દેરાસરમાં ધ્યાન કરનારને ધ્યાનની પરાકાષ્ટાનો આનંદ થાય છે. ચારેયબાજુ બાવળીના ઝાડા રંગબેરંગી આભૂષણો પહેરેલાં સ્ત્રીપુરુષો પુલ ઉપરથી દેરાસર જતા હોય તે દૃશ્ય કિનારા ઉપરથી ભવ્ય લાગે છે. ચાંદની રાતમાં દેરાસરના પરીસરમાં કલાકો સુધી બેસીને મંત્રગાન કરવાથી મનને નીરવ શાંતિ મળે છે. પોળોના મંદિરની આજુબાજુની ગાઢ વનરાજીમાંથી ખળખળ વહેતી નદી વિશાળ પહાડી અને તેમાં ઉગેલ



નૃત્યમય વૃક્ષો અને તેમાંથી પસાર થતી ગાયો કે બકરીઓનું ધણ એ દૃશ્ય મનમાં અવનવાં ચિત્રો ઊભાં કરે છે. ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ તરફથી વિદ્યાર્થીઓના ટ્રેકીંગ કેમ્પ પણ યોજાય છે. વિદ્યાર્થીઓને સમૂહમાં ટ્રેકીંગ કરી રાત્રે હસાહસ કરી રમ્ય જગ્યામાં રાતની શાંતિનો અહેસાસ-એ પળો માણવી હોય તો પોળોના જંગલમાં બે દિવસ રહીએ તો થાય છે.

કેટલાય વિદ્યાર્થી મિત્રોનો કોલેજમાં ચારથી છ વર્ષ કોલેજની દીવાલોમાં સવારથી સાંજ સુધી પુરાઈને સિલેબસ પ્રમાણે જિંદગી જીવતા અને સર્જનના વિચારોનો પ્રવાહ સ્થગીત થતાં પસ્તીની દુકાનોમાં સુંદર રીતે પ્રિન્ટ થયેલ મેગેઝિનનો ખરીદતા જોયા છે અને તે પિન્ટના સહારે જ ચિત્રોનું સર્જન કરે છે. વર્ષ દરમ્યાન નવા ફોર્મ કે કોમ્પોજીશનના વિચારો માટે ભારતના રણ-નદી કિનારા, જંગલો, માછલીઓ, ઈડરના જેવા પથ્થરો, તારંગા કે ઈલોરાના શિલ્પો, ચિતોડ કે ફતેપુર સિક્રી જેવા કિલ્લા, જેસલમેરની હવેલીઓ, ફોક કે ક્લાસીક નૃત્ય, ઉત્સવો કે પાનની કે મીઠાઈની દુકાનનું ચિત્ર હોય તો તેના માટે, સાયં આરતીનો આનંદ જો કલાનો વિદ્યાર્થી ન લે તો ગીતો જેવી ઝલક કેવી રીતે આવે ? કોઈ પણ પદ્ધતિમાં કામ કરતા કલાકારને સર્જન માટે મગજને આનંદના તરંગોથી ભરવું પડે. જો ન ભરાય તો સર્જનમાં મોનોટોની આવે.

આવા સાધક નૃત્યકાર હોય, ચિત્રકાર હોય, સંગીતકાર હોય, એન્જિનિયર હોય કે ડોક્ટર હોય પણ તેનામાં જીવન અને સર્જનની પ્રક્રિયા આધુનિક આર્ટના પ્રવાહોથી માહિતગાર રહી પોતાનું સર્જન ખૂબ જ આધુનિક રીતે પણ આનંદના તરંગોથી ભરપૂર કરતા રહીને જીવનની એક એક ક્ષણો આનંદમય બને છે અને તેમાંથી સર્જાયેલ કૃતિઓમાંથી સતત આનંદના, વહાલના, શાંતિના તરંગો રૂમમાં ફેલાય છે અને તે રૂમમાં પ્રવેશ કરનારને શાંતિનો અહેસાસ સતત થાય છે. ❖❖❖

# આશા અમૃતા વલ્લભ

❖ વર્ષા અડાલજા ❖

વલ્લભે ફરી પૂછ્યું,

- મા, અમૃતાને અંદર બોલાવું ?

કુંજબાળાનો સ્વર સ્પષ્ટ હતો,

- ના.

વલ્લભે હાથ જોડ્યા,

- હું જાણું છું મેં તને અને બાપુને ઠેસ પહોંચાડી છે. પણ ખરું કહું છું મા, મારાથી અમૃતા વિના નહીં જિવાય એટલે...

- અને અમારા વિના જીવી શકાશે ખરું ?

- ના ના મા. એવું તે હોય ?

- એમ જ છે વલ્લભ. એટલે ન પૂછ્યું, કહ્યુંય નહીં અને કોર્ટમેરેજ કરી લીધાં. એ મા-દીકરીની ચડામણી જને !

વલ્લભ નજીક આવવા ગયો કે કુંજબાળા ખસી ગઈ.

- મને અડતો નહીં.

વલ્લભ કરગરી પડ્યો,

- આમ શું કરે છે મા ! મને ખબર હતી તું કે બાપુ અમૃતા સાથે લગ્નની સંમતિ નહીં જ આપો એટલે પછી...

- લગ્ન કરી લીધાં. તમને લોકોને એમ કે માબાપો તો હંમેશાં માની જ જાય, માફ જ કરી દે, બિચારાં ! એકનો એક દીકરો અને એની વહુ. આવકારશે નહીં તો જશે કયાં ? પેલીને એમ કે અમે મૂરખ છીએ.

વલ્લભનું મન દુભાયું. અમૃતાને ઓળખ્યા વિના કેવા અપરાધોની ગઠરી એના માથે મુકાતી હતી !

- ના મા. અમે નોટિસ આપવા ગયાં ત્યારે અમૃતાએ હઠ કરેલી કે હમણાં જ મા-બાપુને મળવા આપણે ઘરે જઈએ.

દીકરાને સટાક્ તમાચો મારતી હોય એમ કુંજબાળા હસી, કડવું વખ જેવું.

- હા, સરસ વર મળી ગયો પછી ઘરની જોગવાઈ કરવાનીને ! આટલાં વરસનું માંડેલું, મોટું મજાનું ઘર પણ અંકે કરી લેવાનુંને !

અસહ્ય હતું, આ વલ્લભ માટે.

- મા, તું મને જે કહીશ તે સાંભળી લઈશ પણ અમૃતાએ તમારું ઘર કે સંપત્તિ પડાવવાનો કારસો કર્યો છે એવડા મોટા અપરાધનો બોજ નહીં ઊંચકાય. બાપુ, તમે તો માને સમજાવો.

પુષ્કરભાઈ પાન પર ચૂનો લગાડી સુગંધી કાથો છાંટી રહ્યા હતા. એમણે શાંતિથી ઊંચું જોયું.

- આમાં મારે સમજાવવા જેવું તેં બાકી શું રહેવા દીધું છે વલ્લભ ! એનો બાપ તો મા-દીકરીને મૂકીને વતન જઈ આવું કહીને ગયો તે ગયો. માએ સીવણ-ભરત કરી છોકરી મોટી કરી. તારી વાતનો ટૂંકસાર આટલો બરાબર !



હોઠ ભીડતો વલ્લભ ચૂપ રહ્યો. જાણતો હતો, માતાપિતા જલદી માફ નહીં કરે, જુદા જ રહેવું પડશે પણ પછી પ્રેમથી એ અને અમૃતા એમને જીતી લેશે. પણ માતાપિતા સાવ જ સામે છેડે જઈ ઊભાં રહેશે એવું ધાર્યું નહોતું.

પુષ્કરભાઈએ કાળજીથી સરસ બીડું વાળ્યું, મોંમાં મૂકતાં કહ્યું,

- એટલે આ છોકરી એ માબાપને પગલે ચાલી. ન બાપના કુળનાં ઠેકાણાં. જ્ઞાતિ અને ધરમ પણ ન પૂછ્યામાં સાર તને એમ કે અમે આશીર્વાદ આપી દઈએ તે વૈષ્ણવ સમાજ અમને કંકુ-ચોખા ચોડી શગ મોતીડે વધાવશે ?

પુષ્કરભાઈએ શ્રીનાથજીની તસવીરને ધા નાખી.

- હે શ્રીનાથજીબાવા ! અમારી ભક્તિમાં કયાં કમી રહી ગઈ કે અમને આવડી મોટી સજા કરી ?

હવે કશું કહેવાનો અર્થ નહોતો. એ પાણી નહીં ઝેરને વલોવી રહ્યો હતો. હાથ જોડી એ બહાર નીકળી જવા ફર્યો કે પિતાનો પાનના રસથી ભર્યો ભર્યો અવાજ પીઠ પર ચાબખાની જેમ વીંઝાયો,

- કુંજબાળા, તમે સુવાવડ કરવા પિયર ગયાં હતાં તે તમને યાદ છેને ! કોના હાથેથી ગળથૂથી આ છોકરાને પાઈ હતી ?

જોરથી ધક્કો માર્યો હોય એમ વલ્લભ શ્વાસભેર લગભગ દોડતો ઘરબહાર નીકળી ગયો.

અમૃતા થોડે દૂર ઊભી રહી વલ્લભની પ્રતીક્ષા કરતી હતી. વલ્લભ ઊંધું ઘાલી ચાલવા માંડ્યો. અમૃતા સાથે થઈ ગઈ. કશું પૂછવાની જરૂર જ ન લાગી.

વલ્લભ થોડા દિવસ ગુમસૂમ રહ્યો. અમૃતાએ માને ઈશારો કર્યો હતો, અનસૂયા ચૂપ રહી. અમૃતાને હતું કે સમય એના મમતાભર્યા સ્પર્શથી ધીમે ધીમે વલ્લભના ઘા રુઝાવશે અને મા-બાપુના પણ.

અનસૂયાએ અમૃતાને પહેલાં જ કહી જોયું હતું.

- આ સંબંધમાંથી તું જ ખસી જા બેટા. તારે કેવી અગનપથારી પર ચાલવું પડશે તે હું ન જાણું તો કોણ જાણે ? જેને માટે મેં સ્વજનો છોડી દીધા હતા એ જ મને તરછોડીને...

- એવું ન કહે મમ્મી. બાબાને શી મજબૂરી હતી એની તને ક્યાં ખબર છે ? અને હવે આ બધાનો શો અર્થ ? તું અને હું એકમેક માટે પૂરતાં નથી ?

- પણ માત્ર બે જણથી તો સંસાર નથી રચાતોને ! તમે મેં સૌના વહાલથી વંચિત રાખીને ! બાળપણમાં દાદા-દાદી કે નાના-નાનીનાં લાડપ્યારના લહાવાની તને કદી ખબર પડી નહીંને ! અને હવે તારાં બાળકો પણ... શું પીડાનોય વારસો મળતો હશે !

અનસૂયા રડી પડી. અમૃતાએ માને વહાલ કરતાં કહ્યું,

- મા બધું આપણે જ નક્કી કરીશું તો વિધાતા શું કરશે ?

ઋતુચક્ર ઘૂમતું રહે છે.

અમૃતા માની સાથે સાડીઓ પર સુંદર, ઝીણું ભરતકામ કરે છે. વેલબુટ્ટાઓમાં અવનવા રંગો ભરે છે તોય જીવનનું મેઘધનુષ ખીલી ઊઠતું નથી. ઉદાસીનો ભૂખરો રંગ ઘર પર છવાયેલો રહે છે.

વલ્લભ અને અમૃતા ધીમે ધીમે હડસેલાતાં સ્વજનોનાં વર્તુળની બહાર નીકળી ગયાં છે. અમૃતાને તો આમ પણ મા સિવાય બીજું હતું પણ કોણ ?

પણ વલ્લભ બધી ખોટનો ખંગ વાળી દે છે. અનસૂયાને પણ સાચવે છે. ના. અમૃતા સાથેનાં લગ્નનો અફસોસ નથી. જરા પણ નહીં. પણ તેથી મા-બાપુ યાદ ન આવે એવું થોડું છે ? જે આબોહવા અને ઘરમાં ઊછર્યો તેની સાથે ગર્ભનાળનો સંબંધ હજી છેદાઈ નથી ગયો.

અમૃતા મા-બાપુની ફિકર કરે છે, પાડોશીને પૂછ્યું હતું, કેમ છે ? મા પડી ગયાં છે અને પગે પ્લાસ્ટર છે. બાપુ કેમ પહોંચી વળતા હશે ? વલ્લભ, તું ડોકિયું કરી આવ, જરૂર તને ઘરમાં આવવા દેશે. પછી જીવનમાં પણ. આખરે એક લોહી.

પણ ઘામાંથી લોહી સાથે એ સંબંધો વહી ગયા છે. કેટલી વાર બારણે ટકોરા માર્યા. દ્વાર ભિડાયેલાં જ રહ્યાં.

તો વળી અનસૂયા ક્યારેક આગ્રહ કરે છે, આ સાડી મેં પોતે કુંજબહેન માટે ભરી છે, હું આપવા જઈશ તો જરૂર રાજી થશે અને...

- ના મમ્મી, રહેવા દો, હું ઓળખું છુંને મારી માને !

ખરેખર ઓળખે છે એ ? માએ કેટલી બધી કડવાશ મનમાં કસુંબાની જેમ ઘોળી ઘોળીને રાખી મૂકી છે ! એટલુંય નથી સમજતાં કે અમારાય મનમાં એ કડવાણીનાં બીજ હવે રોપાઈ રહ્યાં છે ? તેય અધ્યાત્મના માર્ગે ચાલનાર ન સમજે ?

વલ્લભને માટે સમજાયું કે એ માર્ગ અધ્યાત્મનો નહીં પણ ક્રિયાકાંડનો હતો. વર્ષો સુધી હોમહવનના અગ્નિમાં ઈંધણની સાથે બીજું ઘણું સ્વાહા થઈ ગયું હતું.

ઊડતા ખબર મળ્યા હતા કે જે મકાન માને જીવ જેવું વહાલું હતું તેને માટે બાપુને સગાંઓ કોર્ટ સુધી લઈ ગયાં હતાં. મા ગોકુળ-વૃંદાવનની જાત્રાઓ કર્યા કરતી હતી.

અમૃતાથી ન રહેવાયું.

એને છેલ્લા દિવસો જતા હતા. વલ્લભને લઈ પહોંચી ગઈ એ ઘરે. બાપુ, તમે એકલા આ ઉંમરે કોર્ટના ધક્કા ખાઓ છો તે અમારાથી કેમ જોવાય ? જુઓ મા, તમારા કુળનું બીજ મારામાં પાંગરી રહ્યું છે, અમને પોંખી લો મા.

કુંજબાળા ધગધગી ગઈ.

- આવી ગયા પાપનું પોટલું લઈને ? આટઆટલી વાર નાક કાપ્યું, શરમ જ નથી ? ખબરદાર આ ઘરનો ઉંબરો ફરી ચડ્યાં છો તો.

છેલ્લો તંતુ પણ તૂટી ગયો.

- તું કહેશે તોય નહીં આવું. જ્યાં મારું બાળક પાપનું પોટલું હોય ત્યાં ઘર સાથેનો બધો ઋણાનુબંધ પૂરો, આ જનમનો કે આવનારા જનમોનો પણ, આજથી મારા સંતાન પાછળનું તમારું નામ ભૂંસી નાખું છું. પૂર્વજોની સાથે મારુંય તર્પણ કરી લેજો.

ઉંબરેથી બન્ને પાછાં વળી ગયાં. એ કેડી પરનાં પગલાં ભૂંસી નાખ્યાં. વલ્લભે અમૃતાને કહ્યું.

- આપણું કોઈ હતું જ નહીં પછી સંબંધ ખતમ થયાનો અફસોસ કેવો ?

- આજથી તું, હું અને આપણું બાળક. આપણું જ કુટુંબ. આપણે જ આપણી ઓળખ બનાવીશું. ન કોઈ જ્ઞાતિ કે ન કોઈ ધર્મ. આપણે આપણા બાળકને એક ઉમદા મનુષ્ય બનાવીશું, અમૃતા.

અનસૂયાબહેન અપરાધભાવથી એટલાં પીડાતાં હતાં કે બીમાર રહેતાં હતાં. અમૃતાને વારંવાર કહેતાં,

- મારા જીવનની છાયા તમારા જીવન પર એવી ઝળૂંબી રહી કે તમારો ઉજાસ છીનવાઈ ગયો. આ શું થઈ ગયું ?

અમૃતા અને વલ્લભ એમને બહુ સમજાવતાં,

- ના રે મમ્મી. એ તમારા મનનો વહેમ. આપણાં સઘળાં સપનાં-આશાઓ કેવાં સુપેરે સાકાર થાય છે જોજોને !

પણ ગલગોટા જેવી આશાને એમના ખોળામાં મૂકે એ પહેલાં જ અનસૂયાબહેને વિદાય લીધી. અમૃતાને એક જ વસવસો રહ્યો, મમ્મીની ઈચ્છા હતી એમ આશા ન તો દાદાદાદી કે ન નાનીનાં લાડપ્યાર પામી.

ભલે, છઠ્ઠીના લેખ આપણે નથી લખી શકતા પણ જીવનનાં કોરાં પાનાં પર તો અક્ષર પાડી શકીએને !

અમૃતાએ મમ્મીનો વેપાર સંભાળી લીધો. કસબ હાથવગો હતો, એમાં વ્યવસાય ભળ્યો. વલ્લભે વર્કશોપ ખોલી, કારીગરો રાખ્યા. નવાં નવાં મોલ ખૂલી રહ્યાં હતાં. લોકોની ફેશન અને સ્ટાઈલ ઝડપભેર બદલાતી જતી હતી.

અમૃતા અને વલ્લભ ખૂબ મહેનત કરતાં. આશા એમની પ્રેરણા અને પ્રેમનું કેન્દ્ર. અમૃતાએ બાળકો માટેનાં તૈયાર વસ્ત્રોનું ડિઝાઈનિંગ અને ઉત્પાદનમાં ઝંપલાવ્યું. પાછું ફરીને જોવું નહોતું. સમય પણ કયાં હતો ? દીકરીને અવ્વલ નંબરની ડિઝાઈનર બનાવવાનું શમણું બન્ને કાળજીથી ઉછેરી રહ્યાં હતાં. એને શાળામાં દાખલ કરી, નામ લખાવ્યું,

આશા અમૃતા વલ્લભ.

વ્યવસાય અને આશા બાળવાર્તાની રાજકુંવરીની જેમ જલદી મોટાં થવા લાગ્યાં. સાથે નામ આવ્યું, પાછળ સમૃદ્ધિ આવી. ત્યારે જ અનસૂયાબહેને સેવેલો ભય સાચો પડ્યો. એમની પીડાનો વારસો દીકરીને પણ મળ્યો.

અચાનક વલ્લભ મૃત્યુ પામ્યો.

એ પૂનાથી પાછો ફરતો હતો અને ઘાટ પરના અકસ્માતમાં વલ્લભની કારને ટ્રકે ટક્કર મારી. છેક બીજા દિવસે અમૃતાને વલ્લભની લાશ મળી.

કાળની એક ફૂંકે દીવો ઓલવાઈ ગયો. અગનપથારી પર ચાલવું એટલે શું, માની એ વાતનો અર્થ આજે અમૃતાને સમજાયો. મમ્મી પણ આમ જ એને છાતીસરસી ચાંપી રડી હશે.

જેમ આશાને છાતીએ ચાંપી એ આક્રંદ કરતી હતી!

તોય એની સ્મૃતિમાં તો છે મમ્મીનો સ્વસ્થ, શાંત ચહેરો. રંગીન દોરાઓથી આકૃતિમાં રંગ પૂરતી, છિન્નભિન્ન ટુકડાઓને સીવતી, હાલરડાં ગાતી મા.

અમૃતાએ આંસુ લૂછી નાખ્યાં. એ પણ આશાની સ્મૃતિમાં એક સ્વસ્થ આનંદભર્યો ચહેરો બની જીવવા માગે છે. એ જીવશે, આશાને જિવાડશે. સ્વપ્નને ઉછેરશે, પોષશે. આશા જરૂર અવ્વલ નંબરની ડિઝાઈનર બનશે. એને ન કોઈ જ્ઞાતિ હશે ન ધર્મ. માત્ર એક ઉમદા મનુષ્ય તરીકે જીવશે.

વલ્લભની પ્રાર્થનાસભામાં વેપારીઓ, મિત્રો અને કારીગરો આવ્યા. સૌએ ઊલટથી એને સ્મૃતિની અંજલિ આપી. કુંજબાળા અને પુષ્કરભાઈ પણ આવ્યાં, અમૃતાને બાજુ પર લઈ જઈને કહ્યું,

- તું અમારી પાસેથી અમારા દીકરાને છીનવી ગઈ, અંતે એનો જીવ લઈને રહી. આ કુદરતનો ન્યાય.

આશાએ પૂછ્યું,

- કોણ હતા આ લોકો મમ્મી?

- કોને ખબર? શુંયે બબડાટ કરી ગયા.

અમૃતાને શહેર જ છોડી દેવાની પ્રબળ ઈચ્છા થતી હતી પણ અહીં વ્યવસાય, આશાનો અભ્યાસ. શા માટે છોડી દેવું શહેર? અહીં જ એ ખમીર અને ખુમારીથી જીવશે.

ઋતુચક્રના આશાઓને પૂરા બળથી અમૃતા ઘુમાવવા લાગી હતી. હવે તો એ કુમળા હાથ પણ એની સાથે હતા. એક્સપોર્ટનું કામ ખૂબ સરસ ચાલી રહ્યું હતું.

આશાને મમ્મીના કામમાં ખૂબ રસ પડતો. રજાઓમાં મા-દીકરી હોંગકોંગ, બેંગકોક, ઊપડી જતાં. સિંગાપોરની ફેશનસ્ટ્રીટમાં ફરતાં. આશા દુબઈનાં શોપિંગ સેન્ટર્સમાં, ફેશન મેગેઝિન્સમાં નવી ડિઝાઈન્સ, ફેશન ટ્રેન્ડ્સ તલાશતી રહેતી. સાથે સાથે પપ્પા અને નાનીની સ્મૃતિમાં ચાલતા ચેરિટેબલ ટ્રસ્ટની પ્રવૃત્તિઓમાં મમ્મીની સાથે ઊંડો રસ લેતી.

અમૃતા સમજતી હતી, હવેનાં થોડાં વર્ષો મમ્મીએ ભાખ્યું હતું તેમ અંગારા પર ચાલવાનાં વર્ષો હતાં. સૌની વચ્ચે રહીને નાનકડા ટાપુ પર જીવવું શક્ય નહોતું.

આશા હવે ક્યારેક પૂછતી,

- મમ્મી, મારી બહેનપણીઓને તો કાકા, કાકી, માસી, ફોઈ ઓહોહો! કેટલાં બધાં સગાંવહાલા છે? મારે કોઈ નથી. એવું કેમ?

તો કોઈ વાર કહેતી,

- મમ્મી, મારી બહેનપણી રાજવી છેને! એ રોજ દાદી સાથે દેરાસર જાય છે અને ઋચાની બેગમાં ગણપતિનું સ્ટિકર છે.

થોડાં વર્ષો, બસ થોડાં વર્ષોની રાહ જોવાની હતી. આશા એની સામે, એના જેટલી ઊંચી થઈ ઊભી રહેશે ત્યારે એના ખભે હાથ મૂકીને મિત્રની જેમ સઘળું કહેશે. ભૂતકાળનો કોસ ઉઠાવીને એ થાકી ગઈ હતી.

એક દિવસ આશાએ કહ્યું -

મમ્મી, સમીરની ગ્રાન્ડમા રોજ ટિફિન લઈ એને જમાડવા આવે છે. આજે તો મને પણ પોતે કોળિયો ભરીને જમાડી, મને મજા પડી હોં મમ્મી! એમના હાથ પર મમ્મી એટલી કરચલીઓ...

- અમી, એ પુરાણ બંધ કર. આપણે આજે પાર્ટીમાં જવાનું છે. ડ્રાઈવર કેમ હજી ન આવ્યો?

પણ આશા તો ઉત્સાહના ઊભરાથી બોલતી રહી.

- મારી વાત તો સાંભળ મમ્મી! સમીરના ગ્રાન્ડપાને સમીર ગ્રાન્ડપા કહે તે ન ગમે. મને દાદા કહેવાનું એમ બોલે. હું પણ એમને દાદાજી કહું છું.

અમૃતા અકળાતી હતી. આખી વાતનો બંધ કેમ વાળવો એની ગડમથલમાં હતી કે આશા પાસે આવી પૂછી બેઠી,

- મમ્મી, મારા નાનાનું નામ શું? એ ક્યાં ગયા? મારે દાદા-દાદી છે પણ તું મને કહેતી નથી, કેમ મમ્મી?

ધડાકા સાથે વિસ્ફોટ થયો હોય એમ એની કરચોથી અમૃતા વીંધાઈ ગઈ.

આશા પૂછે છે શું કામ? શું કહે એને? શું કહેવું જોઈએ એને? જે ઝેર વર્ષો પહેલાં ખરલમાં ઘૂંટાયું હતું, એનું એક ટીપું પણ આશાના કુમળા મન પર પડે તો એનું જીવન લીલું કાચ નહીં બની જાય?

સમાજના ધીંગા વૃક્ષના થડમાંથી ફૂટેલી અસંખ્ય ડાળીઓમાંથી એક ડાળીને અલગ મહોરવું હોય તોય જળ તો એનાં મૂળમાંથી જ શોષવું પડશે.

- મને નહીં કહે મા?

એ સ્વરમાંનો ઋજુ રણકો સાંભળતાં અમૃતાનું હૃદય ઢીલું પડી ગયું. પંદર વર્ષની દીકરી સખી બની પૂછતી હતી મને નહીં કહે? કોઈ એના કાનમાં ઝેર રેડે એ પહેલાં એણે જ કહી દેવું જોઈએ. એ સાચું જ કહેશે, પણ પોતાની દૃષ્ટિથી દેખાતું, પોતે માનેલું સત્ય. પાંગરતી વેલને તો જળ અને તેજથી જ સિંચવી જોઈએ.

એનાથી બોલાઈ જવાયું,

- તને નહીં કહું તો કોને કહીશ? તારા વિના મારું છે કોણ?

આશાએ અમૃતાને માથે વહાલથી હાથ ફેરવ્યો,

- આપણે છીએને એકમેક માટે?

વલ્લભના જ શબ્દો. એ જ હૂંફાળો સ્પર્શ. એ આશાને કહેશે, સાચું જ કહેશે પણ વિષનું ટીપેટીપું નિચોવી દઈને. એની મમ્મીએ એને આપ્યો હતો એવો પીડાનો વારસો આશાને નહીં જ આપે. એનાં માતા-પિતા-પતિ સામે હૈયામાં ઝેર ભરી રાખી જીવેલી મમ્મીને એણે આખી જિંદગી વલવલતાં અને એ જ ઝેરને એનો જીવ લેતાં જોઈ હતી.

એ આશાને વાતે કરશે માત્ર સ્નેહની, સમર્પણની.

આશા અમૃતાના ખોળામાં માથું મૂકી સાંભળતી રહી, જ્યારે નાનકડી અમૃતાને નાનીમાયે ગર્વભેર સ્વમાનથી ઉછેરી હતી, વલ્લભનો અમૃતા પરનો ગાઢ પ્રેમ, એમની દુનિયા વસાવવા એમણે જ કરેલો ગૃહત્યાગ, આશાનો જન્મ, એનાં માટે જોયેલાં સપનાં... આશા વિસ્મયથી સાંભળતી રહી. થોડી વાત

સમજાઈ, થોડી નહીં. મનમાં પ્રશ્નો પણ હતા. અમૃતાની આંખો છલકાઈ ગઈ હતી. આશા બેઠી થઈ ગઈ, પણ અત્યારે જેટલું જાણ્યું એટલું પૂરતું નહોતું ?

આશા અમૃતાને વળગી પડી.

- મમ્મી ! હું કેટલી નસીબદાર છું ! તું મારી મમ્મી છે. મારા પપ્પાનું સપનું હું જરૂર પૂરું કરીશ, હું અવ્વલ નંબરની ફેશન ડિઝાઈનર બનીશ, એન્ડ ગુડ હ્યુમનબીઈંગ ઓલ્સો. લવ યુ મોમ.

તપેલી ધરતી પર વરસાદનાં ફોરાં વરસતાં રહે એમ અમૃતાનું મન મહેકથી તરબતર થઈ ગયું. જાણે વર્ષોની તપશ્ચર્યા પછી અચાનક ઈશ્વરે પ્રગટ થઈ તથાસ્તુના આશિષ આપ્યા હોય એમ અંગેઅંગ ફરકી ઊઠ્યું.

સવારે શાળાએ જતાં આશા કહેતી ગઈ.

- મમ્મી. આજે ડ્રાઈવર સાથે તું પણ લેવા આવજે. હમણાં હમણાં એક ઓલ્ડ મેન... ભિખારી છે... મને રોજ ટીકી ટીકીને જોયા જ કરે છે. મને બીક લાગે છે. આજે તું એને ગુસ્સો કરને !

- અરે કમાલ છે તું ? કેમ મને આજ સુધી કહ્યું નહીં ? પ્રિન્સિપાલને પણ ફરિયાદ કરવાની. હું આવીશ આજે હોં !

સાંજે વર્કશોપ પરથી વહેલી નીકળી અમૃતા શાળાએ પહોંચી ત્યારે શાળા છૂટી ગઈ હતી. આશાને વિદ્યાર્થીઓનાં ટોળાં સાથે બહાર નીકળતાં જોઈ. ત્યાં એનું ધ્યાન ગયું, એક વૃદ્ધ માણસ ભીડમાં રસ્તો કરતાં આશા તરફ જવા લાગ્યો. ડ્રાઈવરને કાર પાર્ક કરવાનું કહી અમૃતા ગુસ્સામાં ઊતરી પડી. બુઢ્ઢાની હિંમત તો જુઓ !

ભીડમાંથી રસ્તો કરતી ધસમસતી અમૃતા દોડી ગઈ, પેલાનું બાવડું પકડી પોતાની તરફ ફેરવી જોરથી તમાચો મારી દીધો. અચાનક જોરથી ધક્કો વાગતાં એનું શરીર ઝોલો ખાઈ ગયું. - માર અમી બેટા. હજી માર મને.

અમૃતાનો હાથ અધ્ધર રહી ગયો. હાંફતો હાંફતો એ સીધો ઊભો થયો.

અમૃતા સ્તબ્ધ બની ગઈ.

- તમે ? બાપુ તમે ? આ... આવી દશામાં ?

પુષ્કરભાઈએ ખમીસની ચાળથી આંખો લૂછી,

- રતન જેવો દીકરો ખોયો. કુંજ પણ ગઈ. પિતરાઈઓને અડધું ઘર દઈ દીધું હોત તો માથે છાપરું તો હોત. વકીલોનાં ખિસ્સાં ભર્યાં. આંખેથી પડળ ઊતર્યાં અને ચોખ્ખું ભાળતો થયો ત્યારે તું બહુ આઘે નીકળી ગઈ હતી. એક વૃદ્ધાશ્રમમાં રહું છું. બસ, આંખો ઠારવા આશાને જોવા આવું છું. હું... તારી... વલ્લભ...

ઉધરસે શબ્દો ઠેલી દીધા. પણ કશું કહેવાની કયાં જરૂર હતી ? આંખોમાં વલવલાટ, કંતાયેલું શરીર અને જોડાયેલા ધ્રૂજતા હાથ. ઘડીભર તો અમૃતાને થયું, એ હાથ પકડી લઈ કારમાં એમને બેસાડી દે.

વલ્લભનો છુંદાયેલો દેહ નજર સામે આવી ગયો. ટોચીટોચીને ધગધગતાં ટાંકણાંથી એની છાતી પર કોતરેલા શબ્દો યાદ આવી ગયા, ખબરદાર અમારે આંગણે પાપની પોટલી લઈ પગ મૂક્યો છે તો ! સામે ફૂંફાડા મારતા વલ્લભના શબ્દો, આ જનમનો આપણો સંબંધ પૂરો, આવતા જન્મો હોય તો તે સંબંધ પણ હવે નહીં. પૂર્વજો સાથે મારું તર્પણ કરી લેજો.

સ્વસ્થ થવા મથતાં અમૃતા બોલી,

- મહેરબાની કરી આશાને જોવા આવવાની જરૂર નથી. હું તમને દર મહિને આશ્રમમાં પૈસા મોકલતી રહીશ.

ડ્રાઈવર કાર લઈને આવ્યો, બારણું ખોલ્યું, આશાને જોવા અમૃતા પાછળ ફરી કે આંચકો ખાઈ ગઈ. આશાએ પુષ્કરભાઈનો હાથ પકડ્યો હતો.

- મમ્મી, દાદાજીને ઘરે નહીં લઈ આવે ? પ્લીઝ મારે ખાતર. પપ્પા હોત તો કેટલા રાજી થઈ જાત ! તને નહીં ગમે તો હું એમને સાચવીશ, બસ મમ્મી !

અમૃતા ચમકીને કારનું ખુલ્લું બારણું પકડી ઊભી રહી ગઈ. આજુબાજુની અટકી પડેલી કારનાં હોર્ન જોર જોરથી એકસાથે વાગવા માંડ્યાં.

❖❖❖




એક રાજાનું રાજ્ય દૂર સુધી ફેલાયેલું હતું. સર્વત્ર શાંતિ હતી, ઉદ્યોગધંધા વિકસેલા હોવાથી ધનની પણ કોઈ કમી નહોતી. રાજ્યની બાજુમાં જ બીજું નાનું રાજ્ય આવેલું હતું, પરંતુ ત્યાનું દૃશ્ય અહીંથી તદ્દન વિપરીત હતું. ત્યા શિક્ષા, ધન અને રોજગારનો અભાવ હોવાથી લોકો નારાજ હતા. રાજાને એ ચિંતા રહેતી કે કેવી રીતે પોતાના રાજ્યને સુખી બનાવી શકાય ? પોતાના પ્રશ્નોનો જવાબ મેળવવા એક વાર આ રાજા સુખી રાજ્યના રાજાને મળ્યો. પરસ્પરની વાતચીતમાં તેણે પૂછ્યું કે મારું રાજ્ય નાનું હોવા છતાં ત્યાં કોઈ ને કોઈ વિવાદ ચાલતા હોય છે જ્યારે તમારા મોટા રાજ્યમાં શાંતિ હોવાનું કારણ શું છે ? રાજાએ જવાબ આપ્યો કે આ કામ માટે મેં ચાર રક્ષક રાખ્યા છે, જે મારું રક્ષણ કરે છે. બીજાએ કહ્યું મારે ત્યાં તો મોટી સેના છે, તમારું ચારથી કેવી રીતે કામ ચાલે છે ? પહેલા રાજાએ કહ્યું કે મારા સિપાહી જુદા પ્રકારના છે- પહેલો રક્ષક છે ‘સત્ય’, જે મને જુઠ્ઠું બોલવા નથી દેતો. બીજો છે ‘પ્રેમ’, જે મને ઘૃણા કરતા રોકે છે. ત્રીજો રક્ષક છે ‘ન્યાય’, જે મને પદ, લિંગ, ધર્મ, જાતિ, આયુ કોઈ પણ દૃષ્ટિકોણથી અન્યાય નથી કરવા દેતો એટલે હું નિષ્પક્ષ ન્યાય આપી શકું છું. ચોથો રક્ષક છે ‘ત્યાગ’, જે મને સ્વાર્થી બનતા રોકે છે. આ બધાને લીધે જ હું ભૌતિક સંસારની વચ્ચે પણ બધા લોભમોહથી પર રહી શકું છું. કહેવાનો અર્થ એ કે સત્ય, પ્રેમ, ન્યાય અને ત્યાગ એવા માનવીય સદ્ભાવ છે જે મનુષ્યને માનવીથી ઉપર મહામાનવ બનાવે છે. જેનાથી વ્યક્તિ ઉપરાંત સમગ્ર સમાજનું કલ્યાણ થાય છે.

# સાહિત્ય-વૃત

## પરિચયની પાંખે

□ સંધ્યા શાહ




**અંગૂઠે અમૃત વસે**
**મુનિ મિત્રાનંદસાગર**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૨૧**
**પૃષ્ઠ - ૧૬૦** **મૂલ્ય રૂા. ૧૫૦**
**પ્રકાશક** - બલરામ ઓફસેટ, દુધેશ્વર, અમદાવાદ
**પ્રાપ્તિસ્થાન** - શ્રુત સરિતા, PP2, શાંતિનાથ ફ્લેટ્સ, વેજલપુર, અમદાવાદ - ૩૮૦૦૫૧

*'અંગૂઠે અમૃત વસે લબ્ધિ તણા ભંડાર*
*ગુરુ ગૌતમને સમરીએ, મનવાંછિત દાતાર...'*

સંતોના માંગલિકમાં સદાય જેનું શ્રવણ કર્યું છે તેવી આ પંક્તિઓ આપણા સહુના હૃદય પર કોતરાયેલી છે. નવા વર્ષના ચોપડામાં મિતિ દોરતી વખતે ગૌતમ સ્વામીની લબ્ધિ હજો એવી કામના આપણે વ્યક્ત કરીએ છીએ જેમનું સ્મરણ માત્ર આપણા મનને શાતા અર્પે છે તેવા લબ્ધિનિધાન, તપોનિધિ, તીર્થંકર પ્રભુ મહાવીરના પ્રથમ ગણધર ગૌતમ સ્વામીના અપૂર્વ જીવનનો ઝળહળાટ પૂજ્ય મુનિવરશ્રી મિત્રાનંદજી મહારાજ સાહેબે અહીં દર્શાવ્યો છે.

'સર્વજ્ઞ' પ્રભુ મહાવીરનો મુકાબલો કરવા આવેલા પ્રકાંડ વિદ્વાન ઈન્દ્રભૂતિનો અહંકાર પ્રભુની સર્વજ્ઞતાથી ચૂરચૂર થઈ ગયો. તીર્થંકરના ચરણોમાં પોતાના અભિમાનને ઓગાળી તેમણે સર્વસ્વનું સમર્પણ કર્યું. પ્રભુના શિષ્ય બન્યા ત્યારથી છઠ્ઠના પારણે છઠ્ઠ કરનારા આજીવન ઉગ્ર તપસ્વી, ઉચ્ચ કક્ષાના બ્રહ્મચારી, અદ્‌ભુત વિનય-વિનમ્રતા ને ક્ષમાશીલતાના ધારક ગૌતમ સ્વામી માટે જિન આગમોમાં અખૂટ વાતો આલેખાઈ છે. પૂ. મુનિશ્રીએ અનેક ગ્રંથોમાંથી પ્રભુ મહાવીરના અનન્ય શિષ્ય અને ૫૦,૦૦૦ શિષ્યોના ગુરુ ગૌતમસ્વામીની માહિતી સંકલિત કરીને તેમના મહાન વ્યક્તિત્વનું નિરૂપણ કર્યું છે. ગુરુ-શિષ્યના અનેક સંવાદો તથા પ્રસંગોને માધ્યમે જિન-દર્શનનો - આત્મકલ્યાણનો માર્ગ દર્શાવ્યો છે.

જેમના સ્મરણમાત્રથી મનવાંછિત મુરાદ ફળે, નવ નિધિઓની પ્રાપ્તિ થાય, સાધુસંતોના પાત્ર પણ મધુર અન્નપાનથી છલકાઈ જાય, જેમને સુરેન્દ્રોએ પ્રભુના નિર્વાણ પછી પ્રભુની પાટે સ્થાપિત કર્યા છે તેવા ગૌતમ સ્વામી મને મનોવાંછિત આપનારા થાઓ... 'સ ગૌતમો યચ્છતુ વાંછિત મે' આ સ્તોત્રનું ભાવસભર અર્થઘટન અહીં પ્રગટ કરવામાં આવ્યું છે.

વીરપ્રભુને પૂછેલા અનેક પ્રશ્નો થકી ભક્તોના મનનું સમાધાન કરનારા ગૌતમની ભવોભવની પ્રભુ સાથેની ઉપસ્થિતિ, 'સમયં ગોયમ્ મા પસાયએ' પળવારનો પણ પ્રમાદ કરીશ નહીં...' પ્રભુ મહાવીરના વચનોનું પૂર્ણપણે પાલન કરનારા ગૌતમ સ્વામીના જીવનના અનેક પ્રસંગો, તેમનું પૂર્વજીવન, તેમની જિજ્ઞાસાઓ, તેમને પ્રાપ્ત થયેલી લબ્ધિઓ, પ્રભુ મહાવીર પ્રત્યેનો અપાર અનુરાગ, નિર્વાણ સમયે તેમની અનુપસ્થિતિ અને અત્યંત કરુણ વિલાપ... આત્મજ્ઞાનની પ્રાપ્તિ સઘળું અહીં અંકિત થયું છે. ગૌતમ સ્વામીના સ્તોત્ર, છંદ, રાસ, કેટલાક વિશિષ્ટ મંત્રો, ચૈત્યવંદન અને તેમને આપવામાં આવેલી ભાવાંજલિઓ આ ગ્રંથની સમૃદ્ધિ બની છે. જીવનભર પોતાના ગુરુનો પડછાયો બની રહેનારા, ભગવાનના પ્રવક્તા બની રહેનારા, ભગવાનના શ્રીમુખે જ જિજ્ઞાસુઓને સમાધાન અપાવનારા ગૌતમ સ્વામીની ૯૨ વર્ષની ભવ્ય જીવનયાત્રા રાજગૃહી સમીપે પરિનિર્વાણ પામી.

પૂજ્ય મુનિવર મિત્રાનંદસાગરજીએ ગૌતમસ્વામીના જીવન વિશેની વાચકોની ઉત્કંઠાને તૃપ્ત કરીને તેમને અધ્યાત્મને માર્ગે દોર્યા છે.

❖❖❖

---

એકવાર ગુરુજીએ શિષ્યોને ભેગા કરી તેમની હાજરીમાં કોરા કાગળમાં 'શાહી' નું એક ટપકું પાડ્યું...

પછી બધાને કહ્યું કે ટપકાવાળો આ કાગળ જોઈ તમને જે ઠીક લાગે તે લખો..

કોઈકે લખ્યું ટપકું ખૂબ
'નાનું' ને કાળું છે
કોઈકે લખ્યું ટપકું
ચણાના 'દાણા' જેવું છે
કોઈકે લખ્યું ટપકું



'કીકી' જેવું છે
કોઈકે લખ્યું ટપકું
વીંટીના 'નંગ' જેવું છે
આમ બધાએ કંઈકને
કંઈક લખ્યું...પણ

'એક જ' શિષ્યએ એવું લખ્યું કે .....

'ટપકા સિવાય આખો'

'કાગળ કોરો ને સ્વચ્છ છે' .....

ગુરુજીએ તેને પોતાનો ઉતરાધિકારી જાહેર કરતાં કહ્યું.......

કાગળ નંવાણુ ટકા કોરો છતાં એક સિવાય 'બધાને ટપકું જ દેખાયું !!'...

બધા 'મર્યાદા' જ જુએ છે જે સાવ ઓછી હોય અને 'સારપ' વધુ હોવા છતાં દેખાતી નથી.

**પૂ. શ્રી મોટા**

# શિયાળાનો ક્લોઝ-અપ

**♦ ગુણવંત શાહ ♦**



પોતાના માથા પર હિમાલય મૂકીને વર્ષે એકવાર શિયાળા આપણા ઘરે આવી પહોંચે છે. એના માથા પર હિમાલય હોય છે; પરંતુ એનું હૈયું તો સોનલવરણા તડકાથી છલોછલ ભરેલું હોય છે.

શિયાળાનો સ્થાયી ભાવ શું ? ઘણાખરા લોકો માને છે કે શિયાળો સ્વભાવે ઠંડો હોય છે. મારી માન્યતા જરા જુદી છે. શિયાળાનો ખરો મિજાજ પારખતાં આવડે તો એ ગરમાટાથી ઊભરાતી ઋતુ છે. હૂંફાળાં હૈયાંઓ માટે શિયાળો ઠંડો ન જ હોઈ શકે.

આખરે શિયાળો એટલે શું ? શિયાળો એટલે ગોદડાંની નીચે લપાઈને બેઠેલાં હૈયાંના ઊના ઊના ધબકારા. શિયાળો એટલે ઠીંગરાઈ ગયેલી સીમના શેઢા પર ઊગેલા સૂરજના પ્રત્યેક કિરણને સગી આંખે નીરખવા માટે પાંદડે પાંદડે બેઠેલાં ઝાકળબિંદુઓની ઝંખનાનો સરવાળો. શિયાળો એટલે તાપણું ને તાપણાની ફરતે દીર્ઘ 'ઊ' થઈને બેઠેલાં ગરીબગુરબાંની મેલી-ફાટેલી પિછોડીમાં માંડ સંતાઈને બેઠેલું ચીંથરેહાલ મૌન. અને હા ! શિયાળો એટલે, ગિરનારના કોઈ અજાણ્યા કોતરના અંધારિયા એકાંતમાં ધૂણી ધખાવીને બેઠેલા નાગાબાવાના શરીર પરથી સતત ખરતી રહેતી અલખનિરંજન રાખોડીમાં છુપાયેલો વૈરાગી તણખો.

માણસે માણસે શિયાળાનાં માન-પાન જુદાં. માલદાર માણસ માટે શિયાળો એટલે વસાણું, મધ્યમ વર્ગના માણસ માટે શિયાળો એટલે ઊંધિયું અને ગરીબ માણસ માટે શિયાળો એટલે ગાજર-મૂળા. વૃદ્ધ માણસ માટે શિયાળો એટલે સુવર્ણવસંતમાલતી અને યુવાન માટે શિયાળા એટલે રંગીન સ્વેટર.

ગામઠી શિયાળાની પર્સનાલિટી શહેરી શિયાળા કરતાં જુદી. ગામઠી શિયાળો એટલે અંગેઠીની રાખોડીમાં પડેલો અંગારો. શહેરી શિયાળો એટલે ચરબી ઘટાડવા માટે મળસકે ફરવા નીકળેલા ભદ્ર લોકોની ચાલનો ઝપાટો. ગામઠી શિયાળો અભણ ખેતમજૂરની બૈરીના ઉઘાડા પગને દઝાડે એવો ડંખીલો હોય છે. શહેરી શિયાળો જાજરમાન સ્ત્રીના ખભા પરની શાલ જેવો ફૅશનેબલ અને મુલાયમ. પ્રિયજનોના પ્રગાઢ આશ્લેષ વખતે શિયાળાના શહેરી અને ગામઠી એવા તફાવતો ખરી પડે છે અને શિયાળો કેવળ હૂંફાળો રોમાંચ બનીને થોડીક ક્ષણો માટે થંભી જાય છે.

શિયાળામાં સૂરજ થોડોક મોડે પડે તેથી દૂધ અને છાપું વહેલું આવતું હોય એવું લાગે. આંખ ખૂલી જાય તોય પથારીની હૂંફાળી માયા ન છૂટે, તે ન જ છૂટે. નીરો પીવા જવાનું ગમે તોય રાત્રે કરેલો સંકલ્પ સવારે ટૂંટિયું વળી જાય. શિયાળામાં સવારે વહેલા ઊઠનારને વહેલા ઊઠવા માટેની અને મોડા ઊઠનારને મોડા ઊઠવા માટેની દલીલો મળી રહે છે. એક વાત ચોક્કસ કે, શિયાળામાં પણ પોતાની આળસ સાચવી રાખે તે જ ખરો આળસુ.

શિયાળાની સવારે તાજા ખીલેલા ગુલાબના ફૂલ પાસે પહોંચી જવું જોઈએ. એની પાંદડીઓની કોમળતા પર સૂરજનાં કુમળાં કિરણો પડે ત્યારે અંદરથી પ્રગટતી સુગંધ પણ અનાક્રમક જણાય છે. એક વાર, બસ એક જ વાર ગુલાબ સાથે આવી મૈત્રી થઈ જાય પછી માણસ માટે યુદ્ધે ચડવાનું કે, બીજા માણસની પજવણી કરવાનું શક્ય બને ખરું ? ખીલી ઊઠેલા પ્રત્યેક ગુલાબમાં માણસના હૃદયને ખીલવવાની કોમળ તાકાત રહેલી છે. સમજુ માણસો પોતાનું હૃદય ખીલી ઊઠે એ વાતે એટલા તો ડરતા હોય છે કે તેઓ ગુલાબના છોડ પાસે જવાનું ટાળે છે અને ગુલાબના અત્તરના પૂમડાને કાનમાં ખોસી રાખે છે.

શિયાળુ સવારની ઠંડી હવા, ઉદાસ મકાનોની બારીને ખૂલવા નથી દેતી. કોઈ અલગારી આદમી પોતાનું બારણું ખોલીને ગામડાં તરફ જતી ખુલ્લી સડક પર ફરવા નીકળી પડે છે. રસ્તા પરથી જે કંઈ વહી રહ્યું છે તે, બસ શહેર તરફ વહી રહ્યું છે. લીલાં શાકભાજી, ફળ, દૂધ અને નિશાળે જતાં બાળકો સુદ્ધાં શહેરભણી જ વહી રહ્યાં છે.

શહેરની પાસે નદી વહી રહી છે. સૂર્ય ઊગે તે પહેલાં એ નદીના પટ પર પથરાયેલી શ્વેત સ્વસ્થતા સાવ ગતિવિહોણી નથી હોતી. પુલ પરની અવરજવરને પુલની નીચેની ગતિ-અગતિ સાથે કોઈ જ લેવાદેવા નથી. હોડીઓ પણ સ્તબ્ધ છે. એના હલેસાં હોડીના પડખામાં પોઢી ગયાં છે.

શિયાળાની રાત માત્ર ઠંડી નથી હોતી, સૂનીસૂની પણ હોય છે. પવનના ઠંડા સૂસવાટા ભેંકાર સૂનકારને આકરો બનાવી મૂકે છે. આવે વખતે પ્રિયજનનો વિયોગ વધારે સતાવે છે. સૂનકારને સહ્ય બનાવવાનો એક માત્ર માર્ગ એ કે, એને પ્રિયજનનના સ્મરણથી ભરી દેવો.

શિયાળો હળવેકથી આપણા કાનમાં કહી જાય છે : ઠંડીનો સામનો કરવા માટે ગરમાવો જરૂરી : સૂનકારનો સામનો કરવા માટે પ્રિયજનનું સ્મરણ જરૂરી અને ટૂંટિયું વળી ગયેલી નિષ્ક્રિયતાનો સામનો કરવા માટે શિયાળુ સવારનો તડકો જરૂરી.

આખું ગોદડું ઓઢીને ઓટલે બેઠેલાં દાદીમા, પાસે બેસીને વાર્તા સાંભળતા નાનડિયાને ચપટી તડકો વહેંચતાં હોય ત્યારે, શિયાળાનો ગંભીર ચહેરો પણ હસું-હસું થઈને છેવટે હસી પડે છે. જડતાને જીવનથી અને જીવનને પ્રેમાળ ગરમાટાથી છલોછલ ભરી દેવાની આ ઋતુ છે.

❖❖❖

# આજની ઘડી રળિયામણી

કાંતિલાલ કાલાણી

હિમાલયના સંત અભયાનંદજીએ આંતર જીવનના શોધન પર ઘણો ભાર મૂક્યો હતો. હું એમને પહેલી જ વાર મળ્યો હતો, પણ વર્ષોનો પરિચય હોય એ રીતે તેઓ મારી સાથે વાત કરતા હતા. સંતોને મન કોઈ પોતાનું કે પારકું હોતું નથી. તેઓ જગતને સમાન દૃષ્ટિથી જોતા હોય છે. એમની નમ્રતા પણ વિશિષ્ટ હોય છે. અભયાનંદજીએ એક પ્રેરક પ્રસંગ કહેલો તેનું સહેજે સ્મરણ થાય છે.

કહે છે કે એક સંત શરીર છોડી રહ્યા હતા. અનેક શિષ્યો તેમની પાસે એકત્રિત થયા હતા. સંતનો અંતિમ ઉપદેશ સાંભળવાની સૌની ઈચ્છા હતી, પણ સંત આંખો બંધ રાખી હરિસ્મરણ કરતા હોય તેમ લાગતું હતું. એમના મુખ પરનાં શાંતિ અને પ્રસન્નતા અદ્‌ભુત હતાં. એમાં વિક્ષેપ કરવાનું મન ન થાય, પણ એમના અંતિમ શબ્દો સાંભળવાની તાલાવેલી એટલી જ પ્રબળ હતી. એક શિષ્યથી રહેવાયું નહીં. તેણે સંતને સંબોધીને કહ્યું : ''ભગવન્, આ ક્ષણે તમને ખલેલ પહોંચાડવાનું ગમતું નથી, પણ તમારી પવિત્ર વાણીનું છેલ્લે છેલ્લે અમૃતપાન કરી લેવાની ઇચ્છા રોકી શકાતી નથી. પંચભૂતની કાયા છોડો તે પહેલાં કંઈક બોધવચન કહો એવી વિનંતી છે.

સંત આંખો બંધ રાખી સૂતા રહ્યા, પ્રત્યુત્તર નહીં મળે તેવું લાગ્યું. થોડી ક્ષણો એમને એમ વીતી ગઈ. ત્યાં સંતના પોપચાં ઉઘડયાં. તેમણે બંને હાથ ભેગા કર્યાં. જાણે જગતને અને સૌને છેલ્લા પ્રણામ કરી રહ્યા છે! શિષ્યોનાં મુખ પરના ભાવ જોઈ તેમના હૃદયમાં કરુણા જન્મી હશે કે પછી અન્ય કારણે તેમણે પેલા શિષ્ય સામે જોઈ પૂછયું : તું મારા મુખમાં કાંઈ જોઇ શકે છે?'

''હા ભગવન્, મને એમાં જીભ દેખાય છે;'' શિષ્યે કહ્યું.

''એ સિવાય અન્ય કાંઈ?''

''ના, ભગવન્''

'મુખમાં દાંત નથી?''

''ના ભદવન્''



''ઠીક છે,'' સન્તે કહ્યું : ''દાંત ચાલ્યા ગયા છે અને જીભ બચી ગઈ છે. વિચારવા જેવું છે. જે કઠોર છે તે નાશ પામે છે, જે કોમળ છે તે બચી જાય છે. તમે સૌ ક્યારેય કઠોર ન બનશો; કોમળ રહેજો; અહંકારનો આશ્રય ન લેતા; નમ્રતાનું શરણું લેજો; તમારા જીવનમાં જે કાંઈ બને તેને પરમાત્માનું વરદાન માની સ્વીકારી લેજો; આપત્તિઓથી કે સંકટોથી ભયભીત ન થતા; વૈભવોથી પ્રભાવિત ન થતા; ભૂતકાળમાં ડૂબી ન જતા અને ભવિષ્યની ચિંતામાં મગ્ન ન થતા. વર્તમાનમાં સ્થિર રહેજો અને પરમાત્માની શક્તિનો આશ્રય લઈ જીવનપંથ કાપતા રહેજો. નમ્રતામાં અને નિર્મળતામાં કલ્યાણનાં બીજ પડેલાં છે એટલું સ્મરણમાં રાખજો. જય સચ્ચિદાનંદ.''

સંતની આંખો બંધ થઈ ગઈ, પણ ત્યાં ઉપસ્થિત હતા તેમને દૃષ્ટિ મળી ગઈ. પ્રશ્ન પૂછનાર શિષ્યને ઊડવાની જાણે બે પાંખો મળી ગઈ. સંતનાં ચરણને સ્પર્શ કરતાં એણે મનોમન સંકલ્પ કરી લીધો : ગુરુનું એક ચરણ તે નમ્રતા અને બીજું ચરણ તે નિર્મળતા. આ બંનેને હૃદયમાં ધારણ કરી શેષ જીવન વ્યતીત કરીશ.

અભયાનંદજીએ વાતને આગળ ચલાવતાં કહેલું : ''શિષ્યની ઈચ્છા સંતોષવા સંતે વાણી પ્રયોજી તે જુદી વાત છે. સામાન્ય રીતે તત્ત્વને પામી ગયેલા સંતો નછૂટકે જ બોલતા હોય છે. સમાજનું ઋણ ફેડવા તેઓ બોલે છે. તેઓ સમજતા હોય છે કે પરમ સત્યને વ્યક્ત કરવા વાણીની આવશ્યકતા નથી. મારા ગુરુદેવ કહેતા : જ્યાં સુધી અહંકારની હાજરી છે ત્યાં સુધી પ્રવચનનો મોહ રહે છે. અહંકારનો લય થતાં વાણી શાંત થઈ જાય છે. પરમ તત્ત્વ સાથે અનુસંધાન થતાં વાણી સહિત તમામ સાધનો છૂટી જાય છે. એમાં વિચારનોય સમાવેશ થઈ જાય છે. વાણીના મૂળમાં વિચાર છે. વિચારનું શમી જવું, નિર્વિચારમાં પ્રવેશ થવો, એ જ ખરું મૌન છે. ચિત્તમાં કોઈ પણ પ્રકારની પ્રતિક્રિયા ઊઠે છે એ જ વિચાર છે. સાગરનાં કે સરોવરનાં જળ પર જેમ તરંગો ઊઠ્યા કરે છે તેમ ચિત્તમાં વિચારો ઊઠ્યા કરે છે અને મૌન વેરવિખેર થવા માંડે છે. વિચારોની પ્રતિક્રિયાને અહં સાથે, 'હું' પણાના ભાવ સાથે સીધો સંબંધ છે. અહંનો પરમ તત્ત્વમાં લય થાય છે ત્યારે જ બધું શાંત થઈ જાય છે.

''સંતોના સંકેતો પર વિચાર કરવા જેવો છે. એક સંતે નમ્રતા અને નિર્મળતા તરફ આપણું ધ્યાન દોરતાં અન્ય સંકેતો પણ કરી દીધા. મારા ગુરુદેવે મૌનનો મહિમા કરતાં અહંકાર ભણી ઈશારો કરી દીધો. 'સપ્તધારા' પાસે રહેતા સંત દર્પણને ગુરુ ગણે છે. દર્પણ સુંદર, અસુંદર બધાંનો સ્વીકાર કરે છે, પણ કોઈનો સંગ્રહ કરતું નથી. વસ્તુ કે વ્યક્તિ તેની પાસેથી ખસે છે એટલે તે હતું તેવું થઈ જાય છે. નથી તેના પર કોઈનો પ્રભાવ પડતો કે નથી તે કોઈનામાં આસક્ત થતું. ચિત્ત દર્પણ જેવું હોવું જોઈએ : સંસારની સાથે સંકળાયેલું છતાં પૂરેપૂરું અલિપ્ત.

'સપ્તધારા'ના સંતની વાત સાંભળી મને આકાશ યાદ આવતું. દત્તાત્રેય ભગવાને ચોવીસ ગુરુ કર્યા હતા તેમાં આકાશનો સમાવેશ થતો હતો આકાશ અગણિત પદાર્થોમાં અને જીવમાત્રમાં રહેલું છે છતાં અખંડ અપરિચ્છિન્ન છે. આકાશમાં અસંખ્ય વાદળાં આવ-જા કરે છે; અગણ્ય પક્ષીઓ તેમાં વિહાર કરે છે છતાં

તે અસંગ રહે છે. આગ લાગે છે, જળવર્ષા થાય છે, અન્ન ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે; આ બધું એની છત્રછાયા નીચે બને છે છતાં એ નિર્લેપ રહે છે. બધાં સાથે જોડાયેલું છતાં ક્યાંય આસક્ત નહીં!

''આંખ ખુલ્લી રાખીએ તો આ જગત પાસે ઘણું શીખવાનું છે. જગતને નિહાળતી વખતે એક બાબત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. આ જગત જેવું છે તેવું છે. આપણે ઈચ્છીએ તો તેમાં ફસાઈ શકીએ અને ધારીએ તો મુક્તિ મેળવી શકીએ. આપણે સપડાવું ન જ હોય તો કોઈ આપણને સપડાવી શકતું નથી. પણ ઊંડે ઊંડે આપણને માયામાં રસ છે, સુખ પ્રત્યે આકર્ષણ છે અને સુખ બહારથી મળે છે એવી ભ્રામક આપણી ગણતરી છે. જગતમાં અનેકવિધ પદાર્થો છે તે સાચું, પણ આકર્ષણો આપણી અંદર પડેલાં છે એ વાસ્તવિકતા છે. બહારનું જગત એ આકર્ષણોને પુષ્ટિ આપે છે. અંદરથી પદાર્થ પ્રત્યેની મમતા છૂટી ગઈ હોય અને પરમ ચૈતન્ય સાથે અનુસંધાન થઈ ગયું હોય તો અહીંની કોઈ વસ્તુ પાછળ દોટ મૂકવાનો ભાવ થતો નથી.

''દીવો બળતો હોય છે ત્યારે તેની યોજના પતંગિયાને બાળી નાખવાની હોતી નથી. તે નિર્હેતુક પ્રકાશે છે. પણ પતંગિયું એની પાસે ધસીને એની જ્વાળામાં નષ્ટ થઈ જાય છે. એમાં પેલી જ્યોતનો શું વાંક? એવી રીતે અહીંના પદાર્થો નિર્દોષ છે. આપણી દૃષ્ટિમાં ફેરફાર છે એટલે આપણે તેમને આપણી રીતે રંગવા માંડ્યા છે; આપણે પ્રકૃતિ ઉપર હલ્લો કર્યો છે અને તેની સમતુલા તોડી નાખી છે આપણને લાગે છે કે પ્રકૃતિને વશ કરીને આપણે મોટાં પરાક્રમો કરી રહ્યાં છીએ, તેના પર વિજય મેળવી રહ્યાં છીએ!

''હમણાં સુધી પૃથ્વીથી લગભગ બસો માઈલ સુધીનું વાતાવરણ અભેદ્ય જેવું હતું. ચન્દ્ર પર ચડાઈ થઈ ત્યારે એ વાતાવરણમાં માનવસર્જિત ગાબડું પડ્યું. દશ-બાર વર્ષના ગાળામાં થયેલી અનેક અવકાશયાત્રાઓએ વાતાવરણમાં ગાબડાં પાડ્યાં. વિજ્ઞાનીઓ કહે છે કે આ સાહસોની ભારે કિંમત ચૂકવવી પડશે. જે ગ્રહોનાં કિરણો અત્યાર સુધી આ વાતાવરણના કિલ્લામાં પ્રવેશી નહોતાં શકતાં તે હવે ગાબડાંઓ પડવાને કારણે પૃથ્વી પર પ્રવેશશે. આ કિરણોની પૃથ્વી પર વસવાટ કરતાં પ્રાણી માત્ર પર કેવી અસર થશે તે કલ્પવું મુશ્કેલ છે.

''પતંગિયું જ્યોતમાં કૂદી પડે છે ત્યારે તેની મૂર્ખામી પર આપણને હસવું આવે છે. આપણે પતંગિયા કરતાં વધુ પરાક્રમશીલ છીએ! આપણે પોતે અહીં ડૂબીએ છીએ પણ અન્ય લોકો ડૂબે એવું કળણ પણ તૈયાર કરીએ છીએ!

''પોતાના દોષ તરફ આંગળી ચીંધવાનું આપણને ફાવતું જ નથી. આપણી અધૂરપો ઢાંકવાના વિવિધ ઉપાયો શોધવામાં આપણી બુદ્ધિ ઘણું કામ કરે છે. અધૂરપોને ઓછી કરવા આપણે સજાગ નથી. અજ્ઞાનથી ઘેરાયેલા આપણે ખાડા ખોદીએ છીએ અને એમાં જ પડીએ છીએ. બચવાનો માર્ગ વિચારવાનું આપણને સૂઝતું નથી. જીવ-જંતુઓ જેમ ગરોળીના મુખ ભણી ધસી જઈ સ્વયં શિકાર બને તેમ આપણે દુર્ગતિ તરફ ઢસડાતા જઈએ છીએ. વિષયો આપણા સ્વામી બની જાય છે અને ચાકરની જેમ આપણે જીવન પૂરું કરીએ છીએ.

''જ્યાં સુધી આપણી ચેતના બાહ્ય જગતમાંથી કશુંક મેળવવા ઝંખે છે અથવા બહારથી પ્રાપ્તિ થશે એવી ધારણા રાખે છે ત્યાં સુધી તે અંદરની બાજુ વળતી નથી. સત્સંગ, સ્વાધ્યાય કે અન્ય રીતે જ્યારે તેને ખ્યાલ આવે છે કે અવિનાશી સંપત્તિ અંદર પડી છે ત્યારે પોતાની અંદર ચાલી રહેલી રમતને સમજવા તે પ્રેરાય છે.

''ઋષિઓએ અને સંત-મહાત્માઓએ સત્સંગ અને સ્વાધ્યાય પર ખૂબ જ ભાર મૂક્યો છે પોતાની વૃત્તિઓનો અને વલણોનો અભ્યાસ, એમની દેખભાળ, એમની ગતિવિધિ એ બધાંથી સભાન રહેવું સાધનામાં આવશ્યક છે; કહો કે એ સાધનાનું પ્રથમ પગથિયું છે.

''બહારના માર્ગોથી જેમ વધુને વધુ પરિચિત થઈશું તેમ અથડામણ વધવાની છે એવો આપણો અનુભવ છે. અંતરની વાટે ચાલનારા છેવટે મુકામે પહોંચ્યા છે. અંતરની વાટ આંટીઘૂંટીવાળી, આડીઅવળી અને અનેક ફાંટાઓ વાળી છે એની ના નહીં. કદાચ એ કારણે જ મોટા ભાગના લોકો અંતરયાત્રા કરવાનું પસંદ કરતા નથી. બહાર ભૂલા પડીએ તો રસ્તે જતી ગમે તે વ્યક્તિને પૂછી શકાય અને પૂછતાં પૂછતાં ખરો માર્ગ મળી રહે. આંતરપ્રવાસમાં આટલી સુવિધા નથી. હરિનો માર્ગ શૂરવીરોનો છે. સાથે કફન લઈને ફરનારા, મરજીવા જ મોટે ભાગે અંદરની યાત્રાએ ગયા છે અને જે ગયા છે તે કોરા રહ્યા નથી.

બેસી રહેનારને અથવા અવળી દિશામાં ગતિ કરનારને શું મળે છે તે કહેવાની જરૂર નથી. જે હાથ-પગ હલાવવાનું ટાળે છે અથવા જેમણે રંગરાગમાં જ જીવનની સાર્થકતા માની છે તેમની હાલત શું થાય છે તેનું પણ વર્ણન કરવાની જરૂર નથી. ઢૂંસા ખાંડ્યા કરવાથી શું હાથમાં આવવાનું હતું? એટલે ઉપાય છે શરૂઆત કરવાનો, સાહસ કરવાનો. આજની ઘડી જ રળિયામણી છે એમ માની આપણી અંદર ચાલી રહેલા ઘમસાણને શાંત કરવા કામે લાગી જવાનો આ અવસર છે. જ્યાં સુધી મન, બુદ્ધિ, ચિત્ત અને અહં પ્રવૃત્તિશીલ છે, ધણી-ધોરી વિનાનાં છે ત્યાં સુધી અંદર પ્રવેશ કરવો મુશ્કેલ છે.

અંતરયાત્રા કરવી હશે તો પ્રથમ સજાગ થવું પડશે. સાથે સાથે સાક્ષીભાવ કેળવવો પડશે. જે સજાગ હોય છે તે કશામાં જલદી કૂદી નહીં પડે. એનું સજાગપણું ધીમે ધીમે એને પ્રતીતિ કરાવશે કે અહીં કશામાં કૂદકો મારવા જેવું નથી. બધું ઠીક છે, જોવા જેવું છે અને પસાર થઈ જવા જેવું છે. આ સજાગપણું એને સાક્ષીભાવ તરફ દોરી જાય છે. તો બીજે પક્ષે સાક્ષીભાવની હાજરી સાધકને સજાગ રાખે છે. સજાગપણું અને સાક્ષીભાવ એ બંને એક જ સિક્કાની બે બાજુ છે. સાધક માટે બંનેની પ્રાપ્તિ અનિવાર્ય છે. સાક્ષીત્વની ઉપસ્થિતિમાં સજાગતા અને સજાગતામાં સાક્ષીત્વ આવશ્યક છે. જેને બહારનાં આકર્ષણોમાં રસ પડે છે તેણે પ્રથમ સજાગ થવું પડશે અને અન્તર્મુખ છે એણે પ્રથમ સાક્ષીત્વ કેળવવું પડશે.''

❖❖❖

# છાનું રે છપનું કંઈ થાય અહીં

**વિજય શાસ્ત્રી**



**અ**શક્તિ ઠીક ઠીક લાગવા માંડી હતી છતાં મન મક્કમ રાખીને ભાલચન્દ્રભાઈ હરતાફરતા રહેતા હતા. ઘરમાં કોઈને લાગવું ન જોઈએ કે કશી તકલીફ ઊભી થઈ છે. કોઈમાં જોકે તેમનાં પત્ની ભાનુમતી જ ઘરમાં હતાં. દીકરો તો પરણીને નોકરીમાં મુંબઈ સેટ થયો હતો એટલે ફક્ત ભાનુમતીથી જ જે કંઈ હોય તે બને ત્યાં સુધી છાનું રાખવાનું હતું. એક જ માણસને સાચવી લેવાનું હતું. થાળીમાં રોજની જેમ પાંચ રોટલી ભાનુમતી મૂકતાં ને કંઈ કામે આઘાંપાછાં થતાં એટલે બે રોટલી અતિશય ચપળતાપૂર્વક પાછી મૂકી દેતા અને તે પણ એટલી વ્યવસ્થિત રીતે કે ઉપરથી મુકાઈ છે એમ ન લાગે. ભાનુમતી ચકોર હતાં - પહેલેથી જ માળી બહુ હોશિયાર! - કંઈ પણ, કશે પણ, અવળું બન્યું હોય તો તરત એમને ગંધ આવી જતી ને ફંફોસ કરીને તેનું પગેરું પકડી પાડતાં પણ સદ્ભાગ્યે પોતે છેલ્લા થોડાક દિવસથી આ બે રોટલી પકડાયા વગર પાછી વાળી શકતા હતા. બધું સહીસલામત સંપન્ન થાય એટલે હનુમાનદાદાના ફોટા તરફ માથું નમાવ્યા વગર જોઈ લેતા, કેમ કે માથું નમાવવા જાય તોયે ભાનુમતી પકડી પાડે એમ હતાં. '-અટાણે, કટાણે શાના પગે લાગો છો ?'- કહીને.

બતાવવું પડશે. ડૉક્ટર સુમંત ભાલચન્દ્રભાઈનો દૂરનો સગો હતો. એનું દવાખાનું બે શેરી વટાવ્યા પછી ત્રીજી શેરીમાં હતું. ત્યાં સુધી તો ભાલચંદ્રભાઈ સવારે રોજ ચાલવા જતા જ હતા. તમાકુ-ગુટકાનું પાઉચ વચ્ચે લારી પરથી લેવાનું. એક જ. તેમાંથી અડધું વાપરવાનું. બાકી અડધું લારીવાળાને પાછું આપવાનું. લારીવાળો હસીને એક મુકરર કરેલી જગાએ સંતાડી દે. સાંજે એ બાકીનું અડધિયું પૂરું કરવાનું. બગીચાના નળે કોગળા કરી મોઢું સાફ કરી ઘરે આવવાનું. બધું નિર્વિઘ્ને ચાલતું હતું. ભગવાનની દયા હતી. પણ હમણાં હમણાં થોડા દિવસથી મોં બરાબર ખૂલતું નહોતું. જરા જરામાં થાક લાગતો હતો. ભાલચન્દ્ર તે છુપાવવા મથતા. ભાનુમતીને ખબર પડે તો બિચારી સુખિયો જીવ, દુઃખી દુઃખી થઈ જાય. ભાનુમતી માટે તેમને આ ઉંમર પણ બહુ જ... પોતે કવિતા શાયરીના શોખીન હતા. ઘણી રચનાઓ તેમને કંઠાગ્રે હતી. સુરેશ દલાલની -

કમાલ કરે છે, ડોસો ડોસીને હજુ વહાલ કરે છે!

પોતાને કેવી સરસ રીતે બંધ બેસે છે તે જાણી આંખમાં પાણી આવી જતાં. એટલે જ તો થાક છુપાવવા બમણી સ્ફૂર્તિ દર્શાવતા પણ એમ કરવા જતાં બમણો થાક લાગતો. ખરા ફસાઈ ગયા હતા. એટલે થયું કે ડૉક્ટરને બતાવવું તો પડશે જ. સાંજે લાકડી લઈને ચંપલ પહેરતા પતિદેવને ભાનુમતીએ ઠમકોર્યા-

'જુઓ, અંધારું થતાં પે'લાં આવી જજો. કશે તડાકા મારવા ના બેસી જતા. હવે તો આ ફટફટિયાવાળા ટપોરીઓ બેફામ હાંકે છે. ક્યાંક ઉડાડી ના દે. તમે બહાર જલસા કરો ને અમારે અહીં બેઠાબેઠા ચિંતા કર્યા કરવાની' કહીને બહારથી તો દબડાવ્યા પણ છેલ્લું વાક્ય બોલતામાં તો ભાનુમતીનો અવાજ તરડાઈ ગયો. ભાલચંદ્ર કઠોરકરડા શબ્દો પાછળ ઘૂઘવતું અપરંપાર વહાલ સમજી શકતા હતા એટલે એમણે પણ બહારથી છણકો કર્યો કે-

'હવે રોજની ટેપ બંધ કર. એક ફેરા કહ્યું તે સાંભળ્યું. કોક ભટકાઈ જાય તો બે-પાંચ મિનિટ આમતેમ થાયે ખરી. પેલે દહાડે તો તારાં જ સગલાં મળેલાં.'-

પણ અંદરથી ખુશ થયા કે બિચારી મારો કેટલો ખ્યાલ રાખે છે! આમ અંદરબહારના વિરોધી દેખાવો બંનેના જીવતરને જીવવું ગમે તેવું બનાવતા હતા. એટલે બનાવટી બબડાટ કરતાં દાદર ઊતરી ગયા.

ડૉક્ટર સુમંતના દવાખાને પહોંચ્યા ત્યારે ડૉક્ટર એક વયસ્ક પુરુષ દરદીને તપાસી રહ્યા હતા. આંખેથી જ 'કેમ છો' પૂછી બેસવા જણાવ્યું. ભાલચન્દ્રભાઈની પાછળ પાછળ જ એક બીજો દર્દી પગથિયાં ચડી આવ્યો. પેલા વયસ્ક દરદીને તપાસવાનું પત્યું એટલે ડૉક્ટરે 'આવો ભાલચન્દ્રભાઈ' કહ્યું.

'આમને લઈ લોને, પછી નિરાંતે વાત કરવી છે.'

'ઓ.કે.' કહી ડૉક્ટરે છેલ્લા દરદીને તપાસી લીધો. તેના ગયા પછી ભાલચન્દ્રભાઈ ડૉક્ટરની પાસે ગયા. સ્ટૂલ ડૉક્ટરની નજીક ખસેડી બેઠા.

'બોલો.'

ભાલચન્દ્રભાઈ રસ્તે ચાલતાં ચાલતાં, શું કહેવું, કેમ કહેવું એ બધું ગોઠવીને આવેલા તે બધું કડકડાટ બોલી ગયા અને છેલ્લે પૂછ્યું:

'કંઈ મૅલિગ્નન્સી જેવું તો ન હોયને, કૅન્સરની શરૂઆત... ?'

'અરે શું કાકા, એમ કંઈ કૅન્સર થઈ જતું હશે. ખોટ્ટા ગભરાઓ છો, જલસા કરો' આવું કંઈક સાંભળવાની અપેક્ષાથી ડૉક્ટર તરફ તાકી રહેલા ભાલચન્દ્રભાઈને ડૉક્ટરે કહ્યું :

'હવે તો ફર્સ્ટ સ્ટેજમાં હોય ને સમયસર નિદાન કરીએ તો કૅન્સરથી પણ ડરવા જેવું રહ્યું નથી. આ જુઓને ફલાણા...' કહી મટી ગયેલા કૅન્સરવાળા અને હરતાફરતા થઈ ગયેલા દરદીના કેસનું વર્ણન છટાપૂર્વક કરવા માંડ્યું.

ડૉક્ટરના શબ્દો 'સમયસર નિદાન કરીએ તો બધું મટી જાય.' ભાલચન્દ્રભાઈને 'ઝોરોંકા ઝટકા મગર ધીરે સે' આપી ગયા. તેણે

જન્માવેલો કમ્પ મનમાં ને મનમાં છાનોમાનો ધરબી દેવાની મથામણમાં ડોક્ટરના બાકીના શબ્દો નર્યો અવાજ બની રહ્યા. તેમને રડવા જેવા થઈ ગયેલા જોઈ ડૉક્ટરે પ્રેમપૂર્વક ખભો થાબડ્યો અને બોલ્યા :

'શું વડીલ તમે પણ, અત્યારથી ઢીલા થઈ જાઓ છો...'

ડૉક્ટરના આ શબ્દોએ તો ભાલચન્દ્રભાઈને ઓર ભડકાવ્યા. આનો અર્થ એ કે આ શરૂઆત તો છે જ...

'વાજતેગાજતે માંડવે આવવા દો બધું. હજુ કયાં કશું ડિટેક્ટ થયું છે. હમણાં આપણે આપણી ટ્રીટમેન્ટ કરી જોઈએ પછી એવું લાગે તો બીજો ટેસ્ટ કરાવીશું. હમણાં થોડા દિવસ...'

આ બધા શબ્દો સંદિગ્ધ હતા. કૅન્સર તરફ ઈશારો કરતા હતા, ન હોવાથી શક્યતા પણ બતાવતા હતા. ભાનુમતીને આની ગંધ સુદ્ધાં આવી તો બાપડી ગાંડી થઈ જશે એટલે બોલ્યાઃ

'જુઓ ડૉક્ટરસાહેબ...'

'અરે તમે તો મારા વડીલ, પિતાતુલ્ય, મને 'સાહેબ' નહીં કહેવાનું.'

'જો સુમંત,' કહી મોં કાન પાસે લાવી જનાન્તિકે બોલ્યાઃ 'જુઓ, જે હશે તે. લલાટે લખ્યા લેખ કંઈ મિથ્યા થનાર નથી' એક નવલકથામાં વાંચેલું જોરદાર વાક્ય આ ક્ષણે અચાનક આમ યાદ આવી ગયું તેનાથી ભાલચન્દ્રભાઈ અડધી ક્ષણ (જ) પોરસાઈ ઊઠ્યા પણ તેની પાછળ વધુ વખત ન બગાડતાં આગળ ચલાવ્યુંઃ 'જે હશે તે, મરવાનું તો એક જ વાર છે પણ ભલા થઈને મારે ઘરે આ વાતની ખબર નહીં પડવા દેતા. નહીં તો બિચારી...' બોલતાં બોલતાં ભાલચન્દ્રભાઈનો અવાજ ફાટી ગયો. તેમને ગળે ડૂમો બાઝ્યો.

'અરે પણ,'

'પણ ને બણ કંઈ નહીં. તમારે મને વચન આપવું પડશે' કહી ડૉક્ટરનો હાથ પકડીને જોરથી દબાવી દીધો.

'અરે, કાકા...'

'કાકાનું કહ્યું માનવાના હો તો જ કાકા કહેજો, કેમ કે હું મરું તેનો વાંધો નથી. અબ ઘડી તૈયાર છું.' (જોશમાં ને જોશમાં આવું નાટકમાં આવે એવું બોલતાં તો બાલાઈ ગયું પણ અંદરથી ઢીલાઢફ થઈ ગયા.) 'પણ ઘરવાળાં મરતાં પહેલાં મરી જાય એ ઠીક નહીં. એણે બિચારીએ શો ગુનો કર્યો...' કહેતાં કહેતાં ભાલચન્દ્રભાઈને પાછો ડૂમો ભરાઈ આવ્યો. ડૉક્ટર સુમંત પણ બે ક્ષણ મૂગા રહી ગયા. પછી ઊભા થઈ દરવાજા સુધી મૂકવા પણ ગયા. દવાઓ લઈ બહાર નીકળ્યા.

ભાલચન્દ્રભાઈના ગયા પછી તરત ડૉક્ટરે ભાલચન્દ્રને ઘરે ફોન જોડ્યો.

'હલો, હું ડૉક્ટર સુમંત.'

'હું ભાનુ.'

'ભાનુબહેન, જુઓ, શાંતિથી સાંભળજો. ભાલચન્દ્રકાકા હમણાં આવેલા. એમને ગળામાં ગાંઠ જેવું લાગે છે...'

'હાય, હાય'

'સાંભળો. એમ ગભરાવાનું નહીં. એમણે મને, તમને કે કોઈનેય કહેવાની ના પાડી છે. વચન લીધું છે એટલે તમે કંઈ કરતાં કંઈ જાણતાં નથી એમ જ રહેજો. નહિ તો બિચારા વધુ નર્વસ થઈ જશે. જાણે કશું જ થયું નથી એમ રાખવાનું સમજ્યાં ? પછી નિરાંતે વાત કરીશ. હમણાં તો તેઓ ઘરે પહોંચવામાં હશે.'

ખરેખર ભાનુમતીએ એક તરફ ફોન મૂક્યો ને બીજી તરફ ભાલચન્દ્રની લાકડીનો ઠપકારો દાદરના પગથિયે સંભળાયો.

એક કલાક પહેલાં જ્યારે ભાલચન્દ્ર ઘરની બહાર જવા નીકળ્યા ત્યારે ભાનુમતીએ જે રોફરુઆબ ને દોરદમામથી તેમને દબડાવેલા તે ડૉક્ટરના ફોને ક્યાંય ઓગાળી દીધા હતા. ભાનુમતી 'ગાંઠ' શબ્દ સાંભળતાંવેંત જ ઢીલીઢફ થઈ ગઈ હતી. એનાં ગાત્ર વછૂટી ગયાં હતાં. હવે ડૉક્ટરની સલાહ મુજબ કશું દેખાવા દેવાનું નહોતું. બહારથી તો જાણે પહેલાં જેવું જ રાખવાનું હતું.

બીજી તરફ ભાલચન્દ્રે પણ ગાંઠ વાળી હતી કે પ્રિય ભાનુમતીને દુઃખી કરવાનાં નથી. પહેલાંની જેમ જ, જાણે કશું બન્યું જ ન હોય તેમ હસતાં-રમતાં રહેવાનું હતું.

હવે જ ખરી કસોટી છે.' ભાલચન્દ્ર મનમાં બોલ્યા. બીજી તરફ આ જ વાક્ય ભાનુમતીના મનમાં પણ ઘોળાતું હતું.

◆◆◆

બીજે દિવસે સાંજે પાછા ભાલચન્દ્ર બહાર (આમ તો ડૉક્ટર પાસે જ) જવા તૈયાર થવા લાગ્યા. કપડાં પહેર્યાં. પાકીટ લીધું. પૈસા વધારે લીધા. દવા લેવાની હતી. લાકડી લીધી. ચંપલ પહેર્યાં. ભાનુમતીને થયું કે દબડાવું. રોજની જેમ રાખવાનું હતું. એટલે એ જોરથી 'વહેલા આવજો પાછા' કહીને કંઈક બોલવા ગઈ પણ બનાવટી રુઆબ ટક્યો નહીં. અંદરની ઢીલાશ આગળ આવી ગઈ. તરત થયું : 'હવે એવા એ કેટલા દહાડા ? જેટલા કાઢ્યા એટલા તો નહીં જને ?... શા માટે ડામ દેવા ?' એનો સ્વર ધીમો પડી ગયો. 'બહુ, મોડું નહીં કરતા. મને ફિકર થાય.' આ સાંભળી ભાલચન્દ્ર એક વાર તો આદતના જોરે રોજની જેમ ઉશ્કેરાઈ ગયા પણ લાગલું જ યાદ આવ્યું, 'બચારી મારે ખાતર કેટલો જીવ બાળ છે ! હવે એની સાથે જીભાજોડી કરીને શો ફાયદો ?' 'હવે' શબ્દ પર પણ ભાર આવી ગયો. 'હવે' આખી બાજી પલટાઈ ગઈ હતી. 'હા-હું' કરીને દાદર ઊતરી ગયા. બંને પાત્રોમાં ગાંઠે ('ગાંઠે' નહિ, ગાંઠની ફક્ત શક્યતાએ જ !) ધરમૂળથી ફેરફારો આણી દીધી હતા. બંને અંદરથી બદલાઈ ચૂક્યાં હતાં. ફક્ત બહારનો નાટારંગ યથાવત રાખવાનો હતો. પણ એ જ તો કપરું કામ હતું !

એકાએક ભાલચન્દ્રના મગજમાં વસિયતનામાનો વિચાર સ્ફૂર્યો. વસિયતનામું કરવા અધીરાઈ પણ પ્રગટી. ન કરે ભલામણ ને અચાનક હરિનો ખેપિયો આવી પડે ને કોઈ તાકીદનો પથગામ આવે કે ઉઠાવો વસુધાના મુકામ, તો શું ? ભાલચન્દ્રે ઊઠીને ઊભા થઈ ચોપડીઓના કબાટમાંથી કવિ કરસનદાસ માણેકની કવિતાઓની ચોપડી કાઢીને આવે વખતે સ્મરણમાં ઊપસેલી રચના કાઢી.

*ઓચિંતો આવ્યો રે હરિનો ખેપિયો*
*ઓચિંતો આવ્યો રે હરિનો ખેપિયો*
*લાવ્યો કાંઈ તાકીદના પથગામ*

*ઉપડો ડેરો રે તંજુ આત્મા*
*વસુધાના વધાવો મુકામ*

- તો એવા સમયે પોતે ખુમારીપૂર્વક કહી શકે કે -

*ભલે રે આવ્યો હરિનો ખેપિયો !*
*ભલે લાવ્યો તાકીદના પથગામ*
*આવું જો ઊભાઊભ તારી સાથમાં*
*વસુધાનો વધાવું મુકામ*

આવી તૈયારી મનમાં હોય તો આ કવિતાઓ વાંચેલી સાર્થક, ભાલચન્દ્ર પોતાને જ ઉદ્દેશીને સ્વગતોક્તિ કરી. નહીં તો ચોપડી ને પસ્તીમાં શો ફેર! પોતે આખી જિંદગી નીતિથી જીવ્યા હતા. કશું આડુંતેડું, કાળુંધોળું કર્યું નહોતું. જે કંઈ ચાપુચપટી માલમિલકત હતી તે તો પહેલેથી જ શ્રીમતીજીને હસ્તક છે. હવે ક્યાં કશું કોઈને ભળાવવા જેવું બાકી રાખ્યું છે? એટલે પછી નવી પંક્તિઓ વાંચવા માંડી.

નથી કંઈ કહેવું, નથી કંઈ કારવવું
નથી કોઈને સોંપવી સંભાળ
ઉઘાડા જિંદગીના મારા ચોપડા
નથી એમાં ઉકેલતાં આળ!

પણ આ ગાંઠ-વાળી વાત છાની રાખી હતી, રાખવાની હતી, ડૉક્ટરને પણ વચન માગી બાંધી લીધા હતા એટલે છેલ્લી પંક્તિઓ વાંચતાં સહેજ મનોમન ડગમગ્યા :

નથી કંઈ છાનું, નથી કંઈ છપનું
બધુંયે છે જુગતે જાહેર
આટોપું આ પળે મારી જાતરા
હાલું તારી હારે હરિને ઘેર.

ચોપડી બંધ કરી, કબાટમાં યથાસ્થાને મૂકી દીધી. વસિયતનામાનો નિર્ણય કાવ્યપઠને દૃઢ બનાવ્યો.

છોકરો એકનો એક જ હતો પણ તેની સાથે ઝાઝું લેણું નહોતું રહ્યું. હોંશેહોંશે પરણાવ્યો પણ વહુ લોંઠકી નીકળી. એને જુદા રહેવાની ચળ હતી એટલે વરજીના કાન વીંધી વીંધી મુંબઈ બદલી કરાવી નાખી હતી. પણ મા સાથે કેવું બને છે? હું નહિ હોઉં ત્યારે એની માને તો સાચવે એવો તો ખરો. ફોન આવે ત્યારે મારી જોડે ફોતરાં જેવી વાત કરી તરત બોલે કે - 'મમ્મીને આપો.' પોતે સહેજ રિસાય ને કહે, 'લો મેડમ, દીકરાનો ફોન.' મમ્મી ફોન લ્યે પછી જે લખારા કરે! અડધો કલાકે ફોન પૂરો થાય. છોકરા માટે સૌથી વધુ ઘસાયો હું, જીવ બાળ્યો મેં ને લહાવો લે એની મા!

ભાનુમતી સાંજે પાંચેકના સુમારે શાકપાંદડું લેવા જાય. વળતાં મંદિરે દર્શન કરતાં આવે એ અરસામાં કાચું વસિયતનામું તૈયાર કરવાનું ભાલચન્દ્રભાઈએ મનોમન નક્કી કરી દીધું. સરખે હિસ્સે રોકડ ને જણસ વહેંચવાનું લખી દીધું. ખરો પ્રશ્ન મકાનનો હતો. મકાન વેચવાની વાત શક્ય નહોતી. ભાનુમતી કયાં જાય? દીકરો ભવિષ્યમાં નોકરી પૂરી કરીને આવે ત્યારે કયાં રહે? એટલે મકાન તો રાખી જ મૂકવાનું. ભાનુમતી પણ ન હોય એ વખતે દીકરાને જ મળવાનું હતુંને? પછી એને જે કરવું હોય તે કરે. આપ મૂએ પીછે ડૂબ ગઈ દુનિયા! આ બધા જ વિચારોના ચકરાવામાં ભાલચન્દ્રભાઈનું કુટુમ્બવાત્સલ્ય કામ કરતું હતું. જોકે ડોક્ટરે હજુ મગનું નામ મરી નહોતું પાડ્યું. 'થોડી રાહ જોઈએ', 'ઉતાવળ કરવાની જરૂર નથી,' 'આ દવાનો કોર્સ પૂરો થવા દો,' 'જરૂર લાગશે તો આગળ ઉપર બીજા ટેસ્ટ કરાવીશું.' વગેરે.

'પણ ત્યાં સુધી માથે ટેન્શન તોળાયા કરે એનું શું, ડૉક્ટર?'

'એવું ખોટું ટેન્શન નહીં રાખવાનું. બી. બ્રેવ. નિરાંતે ઊંઘવાનું. હું બેઠો છુંને.'

આ બધા શબ્દો એમને ગળે ઊતરતા નહોતા. હવે ભાનુમતી સાથે બહુ સાલસતાથી વરતતા હતા. હવે હું કેટલા દહાડા? બહુ બહુ તો વરસદહાડાનો મહેમાન. એણે મારી બહુ સેવા કરી. બહુ વહાલ કર્યું. મેં એને બહુ પજવી. વાતે વાતે ઘાંટાઘાંટ ને બૂમાબૂમ કરી મૂકી. પેલે દહાડે ઓફિસેથી આવતાં અગિયાર વાગી ગયેલા. મેં ફોન પર જમી લેવાનું જણાવેલું તો પણ એ એમ જ, ખાધા વિના બેસી રહેલી. મારી ગઈ વરસગાંઠે તો હેપી બર્થ-ડેની પપી જ કરી દીધેલી. એ તો ઠીક કે ઘરમાં અલો-અલી બે જ જણ હતાં, પણ આજુબાજુવાળા કંઈ લેવામૂકવા ટપકી પડતે તો? કેવો ફારસ થતે? ભાલચન્દ્રને ભાનુમતીનો આટલાં બત્રીસ વર્ષના દામ્પત્યનો સમગ્ર વહાલલોક યાદ આવી ગયો. એમની આંખના ખૂણા ભીના થઈ ગયા. એમને એકાએક એવી લાગણી થઈ આવી કે હવે ભલે ગમે તે રિપોર્ટ આવે. મેં જેવું જીવવાનું હતું એવું જીવી લીધું છે. હવે શો અફસોસ!

આ તરફ ભાનુમતીની જમાદારી પણ ડો. સુમંતે ખાનગીમાં કરેલા ફોન પછી સાવ બંધ જ થઈ ગઈ હતી જાણે! ન કરે નારાયણ ને રિપોર્ટમાં કંઈ ગરબડ નીકળે તો? એવા એને મેં ખોટેખોટા જ દબડાવ્યા કર્યા આટલો વખત. વારતહેવારે મારે માટે વગર કહ્યે ગજરો લઈ આવે. ઓલા મહિને ઓફિસના કામે બહારગામ ગયેલા તે કેવી સરસ સાડી લેતા આવેલા! એટલું જ નહિ, મારી વરસગાંઠ આવી ત્યાં સુધી સંતાડીયે કેવી રાખેલી! એવા એને ભગવાને આ કેવું દુઃખ આપી દીધું! પેલે દિવસે ટાઉનહોલમાં કવિસંમેલનમાં કેવા લઈ ગયેલા! 'ચાલ, ચાલ, તું જો તો ખરી. બહુ મજા આવશે.' પેલા ભાઈએ કેવું ગાયેલું-

ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી
જે હોય છે સારા એની દશા સારી નથી હોતી

- આ એવું જ થયુંને? ભલા જીવને ભગવાને વિપદામાં નાખ્યા. ભાનુમતીના ગળે ડૂમો બાઝી ગયો. ટી.વી. પર કૉમેડી-સિરિયલ ચાલતી હતી. પોતે સામે હાથમાં રિમોટ લઈને સોફા પર બેઠી હતી પણ બે વચ્ચે કશું સન્ધાન નહોતું. ટી.વી., ટી.વી.ની જગ્યાએ લવારા કરતું ને ભડક રંગો બદલતું હતું તો ભાનુમતી, ભાનુમતીની જગ્યાએ મનના રંગો બદલતી હતી. આખા ઘરનો અસબાબ જાણે ક્યાંક ઓગળી ગયો હતો. એમાં એકલી એક પોતે બચી ગઈ હતી.

રાત્રે પથારીમાં પડી. સ્વિચ ઑફ કરી. વદ આઠમના ચન્દ્રનું અજવાળું બારીમાંથી ઓરડામાં પ્રવેશતું હતું. ભાનુમતી સવારથી જ બેચેન હતી. એકલા પડી જવાની શરૂઆત ડૉક્ટરના ફોનથી થઈ ચૂકી હતી. એણે પડખું ફેરવ્યું અને ચિંતિત નિદ્રામાં ડૂબેલા પતિનો હાથ હળવે રહીને ઊંચકીને પોતાની છાતી પર મૂક્યો

અને બીજે હાથે દબાવી રાખ્યો પછી જ સતન્દ્ર નિદ્રા આવી. ભયંકર આપત્તિના ઓળાએ દમ્પતીના સુષુપ્ત અને મૂર્છિત દામ્પત્યપ્રેમમાં જાણે નવો પ્રાણ પૂર્યો હતો. બંને એકબીજાને કેટલાં વહાલાં હતાં તેના મનોમન સાક્ષી થઈ રહ્યાં હતાં. ડૉક્ટરના નાનકડા સંદેશાએ એક જબરદસ્ત વળાંક જીવનમાં આણી દીધો હતો.

હજી નવો, પેટા વળાંક આવવાનો બાકી હતો. રાહ જોવડાવી જોવડાવીને છેવટે ભાલચન્દ્રના આગ્રહને વશ થઈ ડોક્ટરે બાયપ્સી કરાવી લીધી હતી અને આજે તેનો રિપોર્ટ આવવાનો હતો. આટલા દિવસ બધું છાનું રાખી શકાયું હતું (એમ ભાલચન્દ્ર માનતા હતા!) પરંતુ હવે તો જે હશે તે, કંઈક અવળું હશે તો, વાજતેગાજતે માંડવે આવવું પડશે. આવું ગણગણતા ભાલચન્દ્ર બને એટલા મોડા ડૉક્ટરને ત્યાં પહોંચ્યા.

'કાકા, અભિનંદન! ડૉક્ટરે, સ્ટૂલ ખસેડીને બેસવા જતા ભાલચન્દ્રની પીઠ થાબડતાં કહ્યું: 'બાયપ્સી રિપોર્ટ નેગેટિવ છે. કોઈ મેલિગ્નન્સી નથી, કૅન્સરબેન્સર કંઈ નથી. મેં શું કહેલું, નકામાં અકળાતા'? જાઓ, મજા કરો.'

આ સાંભળતાં જ ભાલચન્દ્રની આંખમાંથી આટઆટલા દિવસો સુધી ભેગા થઈને સ્તૂપીભૂત થઈ ગયેલાં અશ્રુઓ ઓગળીને દડદડ વહેવા લાગ્યાં. ડૉક્ટર પણ થોડીક ક્ષણો કશું બોલી શક્યા નહિ. ભાલચન્દ્રના ગળે ડચૂરો બાઝી ગયો. તેમનાથી પણ કશું બોલાયું નહીં. ફક્ત ડૉક્ટરનો હાથ જોરથી દબાવીને પગથિયાં ઊતરી ગયા. દેખાતા બંધ થયા ને ઘેર પહોંચ્યા એ પહેલાં ડૉક્ટરે ફોન પર ભાનુમતીને જાણ કરી દીધી કે 'ભાનુબહેન, ચિંતા કરતાં નહીં. રિપોર્ટ આવી ગયો છે. નોર્મલ છે. કંઈ નથી એમને.'

ભાનુની આંખો ભરાઈ આવી. આંસુનાં બુંદ ફોનના આંકડા પર દદડીને પડ્યાં, તૂટી ને પ્રસરી ગયાં. બીજી જ પળે, ભાલચન્દ્રની લાકડીનો ઠપકારો સંભળાતાં સ્વસ્થ થઈ ગઈ. હસું-હસું થઈ રહેલા પતિને નિહાળી ભાનુના મનમાં પાછો અસ્સલનો ઠસ્સો, છણકો, રોફરુઆબ એક ક્ષણ માટે ઊભરી આવ્યા. જીભને ટેરવે શબ્દો પણ આવી જ ગયા હતા કે 'કેમ આટલું મોડું કર્યું, કોઈ સગલું ભટકાયેલું કે શું?' પણ છેલ્લા કેટલાય દિવસોથી પતિ માટેના વહાલે પોતાની સત્તા એટલી તો પ્રબળપળે જમાવી દીધી હતી કે ભાનુ એક અક્ષર બોલી શકી નહીં. પતિના હાથમાંથી મૂગેમૂગા લાકડી લઈ લીધી, ખીંટીએ ટાંગી દીધી ને પતિની અડોઅડ થઈ રસોડા ભણી ચાલતાં ચાલતાં અભાનપણે જ તેનું મસ્તક પતિના ખભે ઝૂકી ગયું. હાથનાં આંગળાં પણ પરસ્પરમાં જોરથી ભીડાઈ ચૂક્યાં હતાં.

❖❖❖



## પ્રેરણાદાયી નાનકડી કથાઓ

❖ માતાના નામે હતી તે જગ્યા પોતાના નામે કરી લેવાની ઈચ્છાથી મા પોતાના ઘરે રહે, તે બાબતને લઈને બંને ભાઈઓ ઝઘડવા લાગ્યા. તેઓએ માને પૂછ્યું તો માએ કહ્યું, હું જે ત્રણ ગોળીઓ લઉ છું, તેના નામ જે બતાવી આપે, તેના ઘરે હું જ ઈશ. બંને ભાઈ ઓ નીચું જોઈ ગયા.

❖ ભણવા માટે દૂર ગયેલા દીકરાએ માતાને પત્ર લખ્યો, કે અહિંયા મારા જમવાની સારી સગવડ છે, તું ચિંતા કરીશ નહીં. પત્ર વાંચીને માએ એક વખતનું ભોજન બંધ કર્યું, કેમ કે પત્રના અંતમાં પુત્રના આંસુથી શાહી બગડેલી હતી.

❖ દાદાની લાકડી પકડીને દાદાને લઈ જતા પૌત્રને જોઈ લોકો બોલ્યા, જોજે, ધીમે ધીમે, દાદા પડી ન જાય. દાદા હસીને બોલ્યા, હું કંઈ પડવાનો નથી. મારી પાસે બે લાકડીઓ છે.

❖ કેરીના ઝાડ પર ચઢીને કેરીને ચોરતા છોકરાના વાંસે રખેવાળે લાકડી મારી અને તેને બીવડાવવા માટે થોડી વાર માટે ઝાડના થડ સાથે બાંધી પણ દીધો. કોણ જાણે કેમ એ ઝાડને ફરી કદીયે ફળ આવ્યાં નહીં.

❖ ઓફિસથી થાકેલા પિતાએ આવીને દાદીના પગ દબાવ્યા, તે જોઈને રાત્રે દીકરીએ પિતાજીના પીઠ પર માલિશ કર્યું. આ જોઈને દાદી બોલ્યા થાળીમાંથી વાટકીમાં અને વાટકીમાંથી થાળીમાં.

❖ પિતાજીના ગયા પછી સંપત્તિની વહેંચણી કર્યા બાદ ઘરડી માને પોતાના ઘરે લઈ જતી દીકરી બોલી, હું ખૂબ નસીબદાર છું. મારા ભાગે તો જીવન આવ્યું છે.

❖ ગઈ કાલે મારો છોકરો મને કહે, પિતાજી હું તમને છોડીને ક્યારેય નહીં જાઉં, કેમકે તમે પણ કદી દાદા-દાદીને છોડીને ગયા નથી. આ સાંભળીને મને મારા વડીલોની મિલકત મળી ગયાનો આનંદ થયો.

❖ તેના પતિના મિત્ર હોસ્પિટલમાં મળવા આવ્યા. જતાં જતાં પરાણે ૫૦૦૦ રૂપિયા તેના હાથમાં આપ્યા અને કહ્યું લગ્નમાં બહેનને દક્ષિણા આપવાની રહી ગઈ હતી. તે દિવસે મળેલી બધી ભેટોમાં આ શ્રેષ્ઠ હતી.

❖ આજે ઓફિસથી છૂટીને ભેળ ખાવાની બહુ ઈચ્છા હતી, પણ સાસુજીને મંદિર જવાનું મોડું થાય તેથી ઘરે જલદી પહોંચી ગઈ. જઈને જેવી રસોડામાં ગઈ તો સાસુજીએ કહ્યું ચાલ જલદી, હાથ પગ ધોઈ લે, કેરી નાખીને ભેળ બનાવી છે, ઘણા દિવસથી મને ખાવાનું મન હતું.

❖ સાંજના સમયે સુમતીબેન માળા ફેરવતાં હતાં, ત્યાં છોકરો નોકરીએથી ઘરે આવ્યો, તેની સાથે મોગરાના ફૂલની સુગંધ આવી. તેને થયું આજે વહુ મોગરાનો ગજરો હમણાં માથાંમાં નાખીને આવશે, પણ ત્યાં તો તેણે જોયું કે કૃષ્ણ ભગવાન માટે થાળીમાં મોગરાના ફૂલ હતાં. ભગવાન પણ ગાલમાં હસતા હતા.

❖❖❖



# સાહિત્ય વૃત્ત

## કવિનો શબ્દ



## એષા દાદાવાળા

સુરતની તેજસ્વી પત્રકાર અને સંવેદનશીલ યુવા કવયિત્રી એષા દાદાવાલાની કવિતાઓ સ્ત્રી હૃદયના સૂક્ષ્મ મનોગતને વાચા આપે છે. તેમની બોલકી કવિતાઓ વાચક હૃદય સાથે સીધો સંવાદ સાધે છે. તેમના કાવ્યસંગ્રહ 'વરતારો' અને 'જન્મારો' તથા ડાયરીના સ્વરૂપે લખાયેલી નવલકથા 'કયાં ગઈ એ છોકરી' વાચકોની મુક્ત પ્રશંસા પામ્યાં છે. ૨૦૧૩ નો યુવા ગૌરવ એવૉર્ડ તથા ૨૦૧૮ નો યુવા પુરસ્કાર તેઓ મેળવી ચૂક્યા છે.

**સંધ્યા શાહ**

આજે
ઘર ઘરની રમતમાં
એ પપ્પા બન્યો -
અને સાચુકલા પપ્પાની જેમ જ
મમ્મીની સામે
આંખોને લાલ કરીને જોયું
મમ્મી સહેજ ધીમા અવાજે બોલી
''એટલીસ્ટ છોકરાઓની હાજરીમાં તો...''
અને પપ્પાનો અવાજ
રોજ કરતાં સહેજ મોટો થઇ ગયો,
પછી
થોડીઘણી બોલાચાલી
મમ્મીના ડુસકાં-
અને પછી
બરાબર એ દિવસની જેમ જ
પપ્પાની લાલ આંખોનાં ઉઝરડા
મમ્મીના ગાલ પર પડી ગયા..!
પછી
પાપા બનેલો દીકરો
ખૂણામાં ગોઠવેલા ખોટુકલા
વાસણોને લાત મારી
ઘરની બહાર નીકળી ગયો
બરાબર સાચુકલા પપ્પાની જેમ જ..!
અને
દુપટ્ટાની જરા અમથી સાડીમાં લપેટાઈ
મમ્મી બનેલી દીકરી પણ
સાચુકલી મમ્મીની જેમ જ
એના વિખેરાઈ ગયેલા ઘરને ફરી પાછું
ભેગું કરવામાં લાગી...!

### આશીર્વાદ

દાદા,
પાંચેય આંગળીએ ગોરમા પુજાવતાં
મેંદી મૂકેલા હાથનાં ટેરવાં પર
કંકુ બાઝી જતું
અને ખૂબ ચઢેલા મેંદીનાં રંગ વચ્ચેથી
એ અલગ તરી આવતું.
છેલ્લા દિવસે દાદા આશીર્વાદ આપતા
સારો વર મળે એવા !
જોકે દાદા કહેતા,
જેની મેંદીનો રંગ બહુ ગાઢ હોય
એને એનો વર બહુ પ્રેમ કરતો હોય
અને હું મારી મેંદીના ચઢતા ગાઢ રંગને
જોઈને પોરસાતી !
લગ્નના દિવસે કન્યાદાન કરતી વખતે
દાદા હસેલા...
'અલી, મારા આશીર્વાદ ફળ્યા, હંકે !'
અને હું શરમાઈ ગયેલી...
આજે વર્ષો વીતી ગયાં
કેટલાંય વખતથી મેં હાથે મેંદી નથી મૂકી
અને હવે તો દાદા પણ નથી
દાદાની સાથે સાથે એમના
આશીર્વાદ પણ ?!

### દીકરીનાં તેરમા વર્ષે...!

એ દિવસે -
એણે મમ્મીનો દુપટ્ટો લીધો
અને એની સાડી પહેરી
કપાળ પર મમ્મી કરે છે બરાબર એવો જ
મોટ્ટો લાલ ચટક ચાંદલો કર્યો
- બરાબર નાની મમ્મી જ જોઈ લો
પછી એણે બધી ઢીંગલીઓ ભેગી કરી
અને એનાં એ આખાં વિશ્વને
કપબોર્ડમાં લૉક કરી દીધું.
હવે એની આમતેમ અટવાઈને પડેલી ઢીંગલીઓ માટે
મમ્મીએ એને ખીજવવું નહિં પડે.
કારણ-
હવે એને ઢીંગલીઓ કરતાં
સપનાંઓ સાથે રમવામાં વધારે મજા પડે છે...!
અને ફર્શ પર આમ-તેમ અટવાઈને પડેલાં સપનાં
મમ્મીને દેખાય થોડાં ?
જોકે–
લોહી જોઈને ચીસ પાડી ઊઠેલી
તેર વર્ષની નાની અમથી ટબૂકડીને
મમ્મીએ બાથમાં લીધી ત્યારે -
એનામાંની સ્ત્રીએ એ દિવસે ઉત્સવ ઉજવેલો
અને એનામાંની મમ્મી
એની અંદર જ ઢબૂરાઈ ગયેલી ક્યાંક...!
પણ
હવે મમ્મીએ દીકરીને શીખવી દીધું છે-
આપણી આંખ સામે ખુલ્લી પડેલી દુનિયામાં
આપણાં જેવાં જ સારા માણસો પણ છે જ...
અને મમ્મીએ સારા માણસો ઓળખી શકે
એવી પોતાની આંખો દીકરીને પહેરાવી પણ દીધી છે...!
અને એટલે જ -
હવે મમ્મી બહુ ખુશ છે.
દીકરીને જન્મ આપ્યાંના તેર વર્ષ પછી
એને એક નવી બહેનપણી મળી છે ને, એટલે...!

### ઘાત

જ્યોતિષકાકાએ કહ્યું છે,
કુંડળીમાં જળની ઘાત છે.
નદી, જળ, દરિયાથી દૂર રહેજે !
પણ...
તારા વિરહમાં, મારી તો
આંખ જ થઈ ગઈ છે દરિયો...
હવે ?!

# આરતી

ભૂપેન્દ્ર ત્રિવેદી



સંસ્કૃત શબ્દ आरात्रिक, प्रा. आरत्तिय ઉપરથી 'આરતિ' શબ્દ આવ્યો છે. એને आरार्तिक એને નીરાજન પણ કહે છે. મરાઠીમાં નામોના અંત્યાક્ષરોના હ્રસ્વ સ્વર દીર્ઘ બને છે એટલે મરાઠી શબ્દ आरती. ગુજરાતીમાં પણ એ જ શબ્દ પ્રચલિત બન્યો છે. દેવમૂર્તિ કે પૂજ્ય વ્યક્તિની સમક્ષ ઘીની વાટ અથવા કપૂરથી સળગાવેલ દીવો ચક્રાકારે ફેરવવાની ક્રિયા, તેમ જ તે ક્રિયા માટે વપરાતું સાધન આરતિ(તી) કહેવાય છે. પૂજા વિધિના છેવટના ભાગમાં થતી આ આકર્ષક, આહ્લાદક, ભવ્ય અને માંગલ્યપ્રદ ક્રિયા વખતે થતું સ્તવન પણ આરતી તરીકે જ ઓળખાય છે. તે તે દેવનું સ્વરૂપ, તેના વસ્ત્રાલંકાર, તેનો મહિમા, તેનાં પરાક્રમ, તેની દિવ્યશક્તિ આદિના પ્રભાવક વર્ણન ઉપરાંત શ્રદ્ધાભક્તિપૂર્ણ હૈયે રજૂ થતી ભક્તની મનોકામનાની પૂર્તિ માટેની આજીજી એ સ્તવનમાં વણાયેલી જોવા મળે છે.

આરાધ્યદેવ કે દેવીના જ્યોચ્ચારથી આરંભાતી આરતીમાં અંતર્ગત પ્રાસયોજના, વર્ણમાધુર્ય અને સાહજિક ગેયતા હોવાથી, તેમ જ તે લયબદ્ધ અને તાલબદ્ધ હોવાને કારણે ઘંટારવ, દુંદુભિનાદ તેમ જ તાળી સહિત સમૂહમાં ગવાતી હોવાથી એ એક લોકપ્રિય ગીતપ્રકાર બની રહે છે.

'આરતિ' શબ્દ 'આ+રતિ'નો બનેલો છે. રતિ અથવા રક્તિ એટલે પ્રીતિ, આસક્તિ, વહાલ. 'આ' નો અર્થ છે ચારે તરફનું, બધી બાજુથી આવતું. સાત્ત્વિક પ્રેમાદરથી છલકાતા, હોંસથી ભરેલા ભક્તોનાં હૈયાંનો સામૂહિક આવિષ્કાર આરતી ટાણે જોવા મળે છે. એમાં આહ્લાદ, ઉન્માદ, ધન્યતાની અનુભૂતિ.

સાધારણ રીતે પાંચ દિવેટથી આરતી કરવામાં આવે છે. તેને 'પંચપ્રદીપ' કહે છે. એક, સાત કે તેથી પણ વધારે વાટોથી આરતી કરવામાં આવે છે. કપૂરથી પણ આરતી કરવામાં આવે. 'પદ્મપુરાણ'માં કહ્યું છે કે-

કુમકુમ, અગર, કપૂર, ઘી અને ચંદનની પાંચ કે સાત વાટ બનાવી અથવા રૂ અને ઘીની દિવેટ બનાવી સાત દીવા પ્રગટાવી શંખ, ઘંટા વગેરે વાદ્યો વગાડી આરતી કરવી જોઈએ. આરતીનાં પાંચ અંગ છે.

પ્રથમ દીપમાળા પ્રગટાવીને, બીજું જલયુક્ત શંખથી, ત્રીજું ધોયેલાં વસ્ત્રથી, ચોથું-આંબો અને પીપળો વગેરે વૃક્ષોનાં પાંદડાંથી અને પાંચમું - સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને આરતી કરવી.

આ વિધિમાં સફેદ ચંદરવો બાંધવાનો અને આસોપાલવાદિનાં પાંદડાંનાં તોરણ બાંધવાનો પણ સંકેત જણાય છે. પૂજાસ્થાનને પવિત્ર અને સુશોભિત કરવાની આવશ્યકતા સ્વયંસ્પષ્ટ છે.

આરતી ઉતારતી વેળાએ સૌથી પહેલાં ભગવાનની પ્રતિમાનાં ચરણોમાં એને ચાર વાર ઘુમાવવી, બે વાર નાભિપ્રદેશમાં, એક વાર મુખમંડલ પર અને સાત વાર સમસ્ત અંગો પર ઘુમાવવી.

સમગ્ર પૂજાવિધિ ઈષ્ટદેવને પ્રસન્ન કરવા માટે છે એટલે તેનું સ્તવન અને ગુણગાન તો મહત્ત્વનાં જ ગણાય. અનેક દિવેટો સળગાવીને આરતીને મૂર્તિ સામે ચારે ચરફ ઘુમાવવાનો હેતુ તો મૂર્તિનાં અંગ-પ્રત્યંગને ઉદ્ભાસિત કરવાનો છે. એમ થતાં જોનાર કે ઉપાસક દેવની રૂપછટા સારી રીતે નીરખી શકે, અંતરમાં ઉતારી શકે.

પૂજાવિધિમાં દીપપૂજનનું મહત્ત્વ પણ જોઈ લેવા જેવું છે. મંગલ પ્રસંગોને ટાણે ઘેર ઘેર દીવા પ્રગટાવવામાં આવે છે. અંધકારનો નાશ કરનાર દીપકનું તત્ત્વદૃષ્ટિએ પણ મહત્ત્વ છે. માણસ પોતાની આંતરચેતનાને જાગ્રત કરે છે જ્ઞાનના દીપથી. आत्मदीपो भव – તું તારો દીવો થા એમ ભગવાન બુદ્ધે કહ્યું છે. પ્રત્યેક જીવના અંતરમાં આત્મા સાક્ષીભાવે રહ્યો છે ખરો, પણ જેમને એ આત્મદીપે અલૌકિક જ્ઞાનજ્યોતિ બક્ષી છે એવા સંતો-મહંતો-અર્હંતો જગદીપક ગણાય છે. કુળ કે સમુદાયમાં સમુજ્જ્વલ જ્ઞાનપ્રકાશ રેલાવતા એ મહાપુરુષો - ભગવંતો - સર્વથા માનાર્હ અને પૂજાર્હ બને છે. દીવે દીવો પ્રગટે એ ન્યાયે એઓ પોતાની સાથેના બીજા અનેકને જ્ઞાનનાં અજવાળારૂપ સામર્થ્ય આપીને તેમને જગદુદ્ધારના કાર્યમાં સહાયક બનાવે છે.

દીપપૂજનમાં આવતા કેટલાક શ્લોકો એ પૂજનનું માહાત્મ્ય સ્પષ્ટ શબ્દોમાં પ્રગટ કરે છે.

અંધકારનું નિવારણ કરનાર દીપને બ્રહ્મ રૂપ કહ્યો છે. પૂજાને સ્વીકારીને તેજનું પ્રવર્ધન કરવાનું દીપને કહેવામાં આવ્યું છે.

દીવાની જ્યોતને સંબોધીને કહ્યું છે કે તું શુભ કર, કલ્યાણ કર, આરોગ્ય અને ધનસંપત્તિ આપ. કોઈને પણ શત્રુ માનવાની બુદ્ધિનો નાશ કરનાર તને નમસ્કાર. ઉપરાંત, दीपो हरतु मे पापम् 'દીપ મારું પાપ હરી લે' એવી પ્રાર્થના પણ કરવામાં આવી છે.

આરતીનાં છ અંગ નિરુપાયા છે. ધૂપ, દીપ, નૈવેદ્ય, તાંબૂલ, આરતી અને શયન. સામાન્ય રીતે ધૂપ તૈયાર કરવામાં દેવદારુ, ગૂગળ, કપૂર, અગર, ઘી, આદિ વપરાય છે. પણ અહીં તો ક્ષમા, દયા, મુદિતા, કરુણા, શાંતિ, તિતિક્ષા, ભક્તિભાવ વગેરે દિવ્ય દ્રવ્યોથી થતા ધૂપની વાત છે. સંસારની અનેકવિધ વાસનાઓમાં રાચતી ચિત્તની હજારો વૃત્તિઓ જીવને જન્મમરણના ચકરાવામાં ઘુમાવ્યા કરે છે. એ ચિત્તવૃત્તિઓનો નિરોધ તે જ યોગ. એ યોગ સધાતાં મનુષ્ય વીતરાગી બને છે, સાચોસાચ ત્યાગી બને છે. આ ત્યાગને કારણે દસ ઈન્દ્રિયો પોત-પોતાના વિષયોને છોડીને જ્યારે સત્ત્વગુણને અપનાવે ત્યારે મનુષ્ય બહિર્મુખ મટી અંતર્મુખ થાય છે, વિરાટ સાથે એકરૂપતા અનુભવે છે.

આરતીથી અવિદ્યાનો નાશ થતાં સંશયો દૂર થાય છે, કર્મોનો અંત આવે છે. - આરતીનું આ આધ્યાત્મિક રહસ્ય છે. ❖❖❖

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- સિનિયર સિટિઝન ફોરમ (ઘાટકોપર) તરફથી જુલાઈ માસમાં દેવલાલી ખાતે ટ્રીપનું આયોજન કરેલ તેની ખુશાલીમાં.
- વઢવાણ નિવાસી (હાલ - ઘાટકોપર) શ્રીમતી જ્યોત્સ્નાબેન તથા ચંદુલાલ તલકશીભાઈ સંઘવીના લગ્નજીવનનાં ૫૧ વર્ષ પૂરાં થયાં તેની ખુશાલીમાં. હ : પરાગ - કિંજલ તથા રાજવીર
- વઢવાણ નિવાસી (હાલ - ચિંચપોકલી) શ્રી અરવિંદભાઈ ધરમશી લુખી તરફથી
- વઢવાણ નિવાસી (હાલ - ચિંચપોકલી) શ્રીમતી અરુણાબેન અરવિંદભાઈ લુખી તરફથી
- વઢવાણ નિવાસી (હાલ - ચિંચપોકલી) શ્રી વિરલ અરવિંદભાઈ લુખી તરફથી
- વઢવાણ નિવાસી (હાલ - ચિંચપોકલી) શ્રી ઓજસ અરવિંદભાઈ લુખી તરફથી
- જોરાવરનગર નિવાસી (હાલ - માટુંગા) શ્રી નવિનભાઈ નાગરદાસ શાહના ૮૦મા જન્મદિવસની ખુશાલીમાં હ : જ્યોતિબેન નવિનભાઈ શાહ
- લીંબડી નિવાસી (હાલ - અંધેરી) હર્ષાબેન હરીશભાઈ શ્રોફ તરફથી
- મંજુલાબેન ધીરુભાઈ ડગલી ધીરુભાઈ ત્રંબકલાલ ડગલી પરિવાર - પાર્લા તરફથી
- ભારતીબેન મુગટલાલ વોરા પરિવાર તરફથી હ. શૈલેષભાઈ મુગટલાલ વોરા - મુંબઈ
- ગુણવંતલાલ પરસોત્તમદાસ સંઘવી - ઘાટકોપર તરફથી તેમના ૯૦માં જન્મદિવસ પ્રસંગે. (રૂા. ૩૩૦૦૦)
- વઢવાણ નિવાસી (હાલ બોરીવલી) સ્વ. માતુશ્રી શારદાબેન તથા પિતાશ્રી સ્વ. મુગટલાલ નરોત્તમદાસ સંઘવીની પુણ્યતિથિ નિમિત્તે
- રામપરા નિવાસી (હાલ બોરીવલી) શ્રીમતી આરતીબેન અતુલભાઈ અમૃતલાલ શાહ તરફથી
- રાજચરાડી નિવાસી (હાલ-મલાડ) સ્વ. પ્રતાપરાય જેચંદભાઈ શાહના સ્મરણાર્થે પ્રથમ માસિક પુણ્યતિથિ (૨૭-૭-૨૦૨૧) નિમિત્તે હ : પ્રભાવતીબેન પ્રતાપરાય શાહ તથા કેતન-આરતી -રોનક શાહ
- રોજકા નિવાસી (હાલ - ઘાટકોપર) સ્વ. ભાનુબેન ભોગીલાલ શાહના સ્મરણાર્થે હ. તેમના પરિવાર તરફથી
- નોલી નિવાસી (હાલ-નાલાસોપારા) રેખાબેન હસમુખરાય શાહની ત્રિમાસિક પુણ્યતિથિ નિમિત્તે હ. હિરેનભાઈ દોશી
- વિંછીયા નિવાસી (હાલ - રાજકોટ) સ્વ. કુ. મંજુલાબેન વાડીલાલ વોરાના આત્મશ્રેયાર્થે પ્રથમ છ માસિક પુણ્યતિથિ નિમિત્તે હ. ભોગીલાલ વાડીલાલ વોરા (બોરીવલી)
- વિંછીયા નિવાસી (હાલ - વાલકેશ્વર) સ્વ. શ્રી રસિકલાલ ચુનીલાલ રાયચંદ અજમેરાના સ્મરણાર્થે હસ્તેઃ રશ્મિ અજમેરા
- આશાબેન હસમુખલાલ અજમેરા - તારદેવ - મુંબઈ

## સાભાર સ્વીકાર

લીંબડી નિવાસી (હાલ - ઘાટકોપર) શ્રી પ્રવિણકાંત કેશવલાલ સંઘવી તરફથી આ વર્ષમાં જે સ્નેહીજનો સ્વર્ગવાસી થયા છે તેમના સ્મરણાર્થે

| | |
|---|---|
| સ્વધર્મી સહાય ફંડ | ૫૦૦૦ |
| જીવદયા ફંડ | ૫૦૦૦ |
| **કુલ રકમ** | **૧૦૦૦૦** |

## વેવિશાળ

| | | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| **નમન** | **નિઓશી** | | |
| શ્રીમતી સોનલબેન કિરીટભાઈ ચુનીલાલ અજમેરાના સુપુત્ર વિંછીયા નિવાસી (હાલ -વર્લી) | | | |
| શ્રીમતી મનિષાબેન સંજયભાઈ જયંતીલાલ શાહની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ - ઘાટકોપર) | | ૧૦૦૧ | ૧૦૦૧ |
| **મનન** | **ઊર્જા** | | |
| શ્રી અશ્વીનભાઈ નાનચંદભાઈ સંઘવી ના સુપુત્ર ધાંગધ્રા નિવાસી (હાલ - બોરીવલી) | | | |
| શ્રી અતુલભાઈ શાંતિલાલ વોરાની સુપુત્રી મહુડી નિવાસી (હાલ - કાંદિવલી) | | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **જીનિત** | **શ્વેતા** | | |
| શ્રી આનંદભાઈ ભરતભાઈ ગાંધીના સુપુત્ર કડી નિવાસી (હાલ - બોરીવલી) | | | |
| શ્રી સંદિપભાઈ શાંતિલાલની સુપુત્રી ચુડા નિવાસી (હાલ - બોરીવલી) | | ૫૦૧ | ૫૦૧ |
| **મોનિલ** | **લલિતા** | | |
| શ્રીમતી બીનાબેન સંજયભાઈ શાહના સુપુત્ર જોરાવરનગર નિવાસી (હાલ - સાયન ચુનાભટ્ટી) | | | |
| સ્વ. બેલાબેન તથા શ્રી શંકરભાઈ ભતાની સુપુત્રી કલકત્તા નિવાસી (હાલ - મુંબઈ) | | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **મનન** | **ઈશાની** | | |
| શ્રી ગૌતમભાઈ મનુભાઈ શાહ ના સુપુત્ર સુરેન્દ્રનગર નિવાસી (હાલ - કાંદિવલી) | | | |
